NA
3028
G 22 P

NATIONAL ARCHIVES LIBRARY
GOVERNMENT OF INDIA
NEW DELHI.

22 P

Call No.

Accession No. 3028

GIPNLK—7/DAND—5-9-60—15,000

Swarajyanan Gito (Gujarati)

# સ્વરાજ્યનાં ગીતો

૩૦૨૪

13 SEP 1932

lib 827/76P-3

સંગ્રાહક કલ્યાણજીભાઈ

# સ્વરાજ્યનાં ગીતો

સંગ્રાહક

કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા

RECORD
VED.
20 OCT. 1932
DEPARTMENT

પ્રકાશક:

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરોડ—અમદાવાદ

સંવત ૧૯૮૭ કિં. ૦-૧૦-૦

પ્રકાશક
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
શંભુલાલ જગશી શાહ
ગાંધીરોડ—અ મ દા વા દ

20 OCT. 1932
DEPARTMENT

પ્રથમ આવૃત્તિ ૦—૧૦—૦

NATIONAL ARCHIVES LIBRARY
No 3028
Date 21.3.72
GOVT. OF INDIA

મુદ્રક:
મૂળચંદભાઈ ત્રિકમલાલ પટેલ
સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ
પાનકોર નાકા—અ મ દા વા દ

# બે બોલ

આ સંગ્રહનાં ગીતોને ૭ ખંડમાં વહેંચવામાં આવ્યાં છે. ૧. પ્રભાતફેરીનાં ગીતો, ૨. તિરંગાગાન, ૩. સભાનાં ગીતો. ૪ સરઘસનાં ગીતો. ૫. રાષ્ટ્રીય રાસ ૬. વાનરસેનાનાં ગીતો, અને ૭. મિજલસ ગીતો.

પ્રભાતના પહોરમાં શોભે એવાં હલકે રાગે ગવાતાં ગીતોને 'પ્રભાત ફેરી'ના અને કૂચમાં અનુકૂળ પડે એવાં ગીતોને 'સરઘસના ખંડમાં મૂકવામાં આવ્યાં છે. પણ સામાન્ય રીતે બધા ખંડોનાં ઘણાં ખરાં ગીતો એક ખંડમાંથી બીજામાં મૂકી શકાય એવાં છે.

રાષ્ટ્રગીત, સંગ્રામગીત, સ્વદેશી અને બહિષ્કારનાં ગીત, મદ્યનિષેધનાં ગીત અને પિકેટિંગનાં ગીતો શોધવાં સુગમ પડે તેટલા માટે તેવા વર્ગીકરણવાળી અનુક્રમણિકા પણ જુદી આપવામાં આવી છે.

ઉતાવળમાં અને સાધનોની અછતવાળા સ્થાનમાં રહીને આ સંગ્રહ કરવો પડ્યો છે તેથી તેમજ લડતના આરંભથી તે છેક સંધિકાળ સુધી હું જેલમાં હતો એટલે લડત વખતના સાહિત્યથી હું પરિચિત ન હોવાથી આ સંગ્રહમાં ઘણી ત્રૂટી રહી ગઇ છે. કેટલાંક લેવા જેવાં ગીતો છેક છેલ્લી ઘડીએ હાથમાં આવ્યાં એટલે બાપુજીની જયંતિ પ્રસંગે આ પુસ્તક બહાર પાડવાનું હોવાથી છાપી શક્યા નથી. તે માટે તેના લેખકો અને વાંચનારાઓ માફ કરશે.

બીજી આવૃત્તિ કાઢવાનો પ્રસંગ આવશે તો તે વખતે આ ત્રૂટીઓ પૂરી શકાશે. દરમિયાન ઉમેરવા જેવાં ગીતો જેમની જાણમાં હોય તેઓ મોકલી આપશે તો આભાર થશે.

આઝાદી જંગ પહેલાં બાપુજીની રેંટિયા અને મદ્ય-નિષેધની પુણ્ય પ્રવૃત્તિએ ગુજરાતની કચરાયેલી, મુડદાલ બની ગયેલી અને જંગલી મનાતી રાનીપરજમાં કેવું ચૈતન્ય મૂક્યું હતું તેનાં સાક્ષીભૂત કેટલાંક હૃદયસ્પર્શી ગીતો (ચોધરી, ગામીત, ઢોડિયા વગેરે રાનીપરજ કોમમાંથી પ્રકટેલા કવિઓનાં રાની અને ગુજરાતી ભાષાનાં) આ સંગ્રહમાં મળી આવશે.

દારૂતાડીની ચૂડમાંથી છૂટવા અને ઊંઘમાંથી પોતાની કોમને જગાડવા એ કોમના જાગેલાઓને કેવી તાલાવેલી લાગી છે, એમનું અંતર કેવું દાઝયું છે, એમનામાં કેવું નવું જોમ આવ્યું છે, ગાંધીજીને એમણે પોતાના તારણહાર માની રેંટિયાને દુઃખના દરિયામાંથી તરાવી લઇ જનાર હોડી તરીકે કેવો અપનાવી લીધો છે તેનું માપ આ સંગ્રહમાંનાં એમનાં ગીતોમાંથી નીકળી શકે છે.

"ગાંધી મશાલો," "આરતવાણી"—(દૂખિયાં દૂખિયાં) "શૂરવીર આવજો રે હો રણમાં" વગેરે ગીતો તો આપણા સારામાં સારાં ગીતોની હારમાં બેસે એવાં છે. એમની ભાષાનાં કેટલાંક ગીતો આ સંગ્રહમાં છાપ્યાં છે, તેના અર્થ આપવાનું ઉતાવળમાં બની શક્યું નથી તે માટે વાંચનાર ક્ષમા કરશે.

વાનરસેનાનો જન્મ આ યુદ્ધમાં જ થયો એટલે એને લગતાં ગીતો એ આપણા સાહિત્યમાં નવો ઉમેરો છે.

લડત વખતે બહાર પડેલા નાનામોટા સંગ્રહો પૈકી જેટલા મળી શક્યા તેમાંથી તેમજ મિત્રો અને સાથીઓ પાસેથી મેળવીને આ સંગ્રહ કર્યો છે. એ સહુનો તેમજ ચૂંટણીમાં મદદ કરવા માટે ભાઈ જુગતરામ દવેનો આભારી છું. તેમ જ જે જે કવિમિત્રોનાં ગીતો લીધાં છે તેમનો પણ ઋણી છું.

કેટલાક અપવાદ બાદ કરતાં આ સંગ્રહ મુખ્યત્વે લોકપ્રચલિત ગીતોનો છે. એટલે કાવ્યની કસોટીથી એનું માપ કોઈ ન કાઢે. એ 'સ્વરાજનાં લોકગીતો' છે, એ લક્ષ્યમાં રાખે.

કસ્તૂરબા રાનીપરજ
કન્યાવિદ્યાલય, પૂના
( માંડવી, સુરત )
તા. ૩૦–૯–૩૧

કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા

# ખંડ—૧

## પ્રભાતફેરીનાં ગીતો


| સંખ્યા | ગીત | લેખક | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | શૂર સંગ્રામ | કબીર | ૩ |
| ૨ | ફરીએ પ્રભાતફેરી | અજ્ઞાત | ૩ |
| ૩ | એક જ એ નિરધાર | કલ્યાણજી | ૪ |
| ૪ | યુવકોં કી પ્રતિજ્ઞા ( હિન્દી ) | અજ્ઞાત | ૪ |
| ૫ | શુકનની ઘડીઓ | કવિ ન્હાનાલાલ | ૫ |
| ૬ | પ્રભાતિયું | અજ્ઞાત | ૬ |
| ૭ | યુદ્ધમાં કોણ જાશે | ,, | ૭ |
| ૮ | ઊઠ ઓ આળસુ | ,, | ૮ |
| ૯ | તુજ વિના કોણ ? | ,, | ૮ |
| ૧૦ | ભારત સંતાન જાગજો | ,, | ૯ |
| ૧૧ | જુવાનિયા સહુ જાગો | ફૂલચંદભાઈ | ૧૦ |
| ૧૨ | એકલો જાને રે ( ટાગોર ) | મહાદેવભાઈ | ૧૧ |
| ૧૩ | એકલા ચલો રે (બંગાળી) | રવિ બાબુ | ૧૨ |
| ૧૪ | ભીષ્મ પ્રતિજ્ઞા | ઓમકારનાથ | ૧૩ |
| ૧૫ | અયિ ભુવન મનોમોહિની ( બંગાળી ) | (રવિ બાબુ) | ૧૪ |
| ૧૬ | માડીની ઝૂંપડી | જીવાભાઇ પટેલ | ૧૪ |
| ૧૭ | ધન્ય ભૂમિ | રાયચુરા | ૧૫ |
| ૧૮ | મનમોહન ગાંધીજી | ,, | ૧૭ |
| ૧૯ | વીર જવાહર ( હિન્દી ) | અજ્ઞાત | ૧૮ |
| ૨૦ | સરદાર ગાંધી હૈ | ,, | ૧૮ |
| ૨૧ | લાઠીધારીને | ,, | ૧૯ |
| ૨૨ | રેંટિયાસ્તોત્ર | ડૉ. ચંદુલાલ | ૧૯ |
| ૨૩ | રેંટિયાસ્તોત્ર | ,, | ૨૧ |

| સંખ્યા | ગીત | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૪ | ચરખા ચલા ચલાકે લેંગે સ્વરાજ લેંગે (હિન્દી) | અજ્ઞાત | ૨૨ |
| ૨૫ | પરદેશી કાપડ નહિ ખપશે | ફૂલચંદભાઈ | ૨૩ |
| ૨૬ | જાગૃતિનું ગીત | ,, | ૨૩ |
| ૨૭ | શુદ્ધિનો યજ્ઞ | ,, | ૨૪ |
| ૨૮ | ગુલામી બેડી | ,, | ૨૫ |
| ૨૯ | દારૂનો પ્રતાપ | રમણલાલ સોની | ૨૫ |
| ૩૦ | લાજ રાખો ગિરધારી | સુરદાસ | ૨૬ |
| ૩૧ | જગાવો ભારતને કિરતાર | કેશવ શેઠ | ૨૬ |
| ૩૨ | મંગલ મંદિર ખોલો | નરસિંહરાવ | ૨૭ |
| ૩૩ | અલૌકિક ચિનગારી | હરિહરભાઇ | ૨૭ |
| ૩૪ | પ્રેમલ જ્યોતિ તારો દાખવી | નરસિંહરાવ | ૨૮ |
| ૩૫ | એ પ્રાર્થના મારી | કલ્યાણજી | ૨૯ |
| ૩૬ | શિર સાટે | બ્રહ્માનંદ | ૩૦ |
| ૩૭ | વૈષ્ણવ જન | નરસિંહ મહેતો | ૩૧ |


## ખંડ—૨

### તિરંગા-ગાન


| | | | |
|---|---|---|---|
| ૧ | ઝંડા ગીત (હિંદી) | અજ્ઞાત | ૩૨ |
| ૨ | રાષ્ટ્રીય પતાકા (હિંદી) | ,, | ૩૩ |
| ૩ | નવ હિંદ રાષ્ટ્ર ઝેંડયા (મરાઠી) | ,, | ૩૪ |
| ૪ | ,, (નું ગુજરાતી) | જુગતરામ દવે | ૩૫ |
| ૪ | નમન ધ્વજરાય | અજ્ઞાત | ૩૫ |
| ૫ | ઝંડા વંદન | મેઘાણી | ૩૫ |
| ૬ | એક જ ભારત ભવ્ય પતાકા | કલ્યાણજી | ૩૭ |
| ૭ | નિશાન ભૂમિ ભારતનું | ત્રિભુવન વ્યાસ | ૩૮ |
| ૮ | ભારત ભાગ્ય વિધાયક ઝંડો | સ્નેહરશ્મિ | ૩૯ |
| ૯ | દેશધ્વજા | દેશળજી | ૪૦ |

## ખંડ–૩
## સભાનાં ગીતો.


| સંખ્યા | ગીત | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વંદે માતરમ્ | બંકિમબાબુ | ૪૧ |
| ૨ | જય હો | રવિબાબુ | ૪૧ |
| ૩ | અય માતૃભૂમિ તેરે ( હિન્દી ) | ઇન્દ્ર | ૪૩ |
| ૪ | જય જય ગરવી ગુજરાત | નર્મદ | ૪૪ |
| ૫ | જન્મભૂમિનું જયમંગલ | લલિત | ૪૫ |
| ૬ | જય જય બોલો હિન્દુસ્તાન | ડૉ. ચંદુલાલ | ૪૫ |
| ૭ | ગાંધી તું ( હિન્દી ) | અજ્ઞાત | ૪૬ |
| ૮ | કદી નથી હારવું | ચીમનલાલ ભટ્ટ | ૪૭ |
| ૯ | કદી નહિ હારના | રામભજદત્ત ચૌ. | ૪૭ |
| ૧૦ | જાન જાય તો જાવા દેને | અજ્ઞાત | ૪૮ |
| ૧૧ | અમે ડરતા નથી હવે કોઇથી રે | ફૂલચંદભાઇ | ૪૯ |
| ૧૨ | લઈ આવો | શયદા | ૫૦ |
| ૧૩ | શૂરા જીતે સંગ્રામ | ફૂલચંદભાઇ | ૫૦ |
| ૧૪ | મારો રેંટિયો | મનોહર | ૫૧ |
| ૧૫ | વહાલો રેંટિયો | સીતારામ શર્મા | ૫૨ |
| ૧૬ | ગાંધીનું શરણુ | રાનીપરજ લોકગીત | ૫૩ |
| ૧૭ | વસ્ત્રો વિદેશી પહેરવાં બંધ કરો | અજ્ઞાત | ૫૪ |
| ૧૮ | દારૂનાં બાણુ | નરભેરામ રાવ | ૫૪ |
| ૧૯ | સારો તું ન કેંહે લાગે (ગામીત) | જીવણસિંહ ગામીત | ૫૫ |
| ૨૦ | દારૂ તું છોડી દેને રે | અજ્ઞાત | ૫૫ |
| ૨૧ | દુઉઉ દુઉઉ જાજે દારૂ (ગામીત) | ,, | ૫૬ |
| ૨૨ | આઘે આઘે જાજે દારૂ (ઢોડિયા ભાષા) | ઠીકાભાઈ ઢોડિયા | ૫૭ |
| ૨૩ | પીઠાનું પારખું | નાનુભાઇ દેશાઈ | ૫૮ |
| ૨૪ | છાકટાની દુર્દશા | મારવાડી ઉકરા ચોધરી | ૫૯ |

| સંખ્યા | ગીત | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૫ | પૂતના માને વિદાય | ઉમેદરાય ભજનિક | ૫૯ |
| ૨૬ | હરિનો મારગ | પ્રીતમ | ૬૦ |
| ૨૭ | કૂખને દીપાવજે | શાંતિકુમાર | ૬૧ |
| ૨૮ | ધૂન | | ૬૨ |
| | ધૂન | | ૬૩ |


---

## ખંડ—૪

## સરઘસનાં ગીતો


| | | | |
|---|---|---|---|
| ૧ | આમાર દેશ ( બંગાળી ) | દ્વિજેન્દ્રલાલ રોય | ૬૪ |
| ૨ | ,, નું ભાષાંતર | જુગતરામ દવે | ૬૫ |
| ૩ | અમે હિંદી હિંદી | ખબરદાર | ૬૮ |
| ૪ | આઝાદીની તમન્ના (હિન્દી) | જયંતિલાલ આચાર્ય | ૬૯ |
| ૫ | હમારા દે દે હિન્દુસ્તાન (હિન્દી) | સત્તારમિયાં | ૭૦ |
| ✓ ૬ | શૂરવીર આવજો | જીવણસિંહ ગામીત | ૭૧ |
| ૭ | આઝાદી જંગ | અજ્ઞાત | ૭૨ |
| ૮ | સૈનિક બનીને ચાલો | ,, | ૭૨ |
| ૯ | જાગો વીરા | ,, | ૭૩ |
| ૧૦ | હાકલ | દેશાઈ—દવે | ૭૪ |
| ૧૧ | ઇન્કિલાબ ઝિંદાબાદ | કેશવ શેઠ | ૭૬ |
| ✓ ૧૨ | યુવકનું ગીત ( ગામીત ) | જીવણસિંહ ગામીત | ૭૭ |
| ૧૩ | આગે કદમ | મેઘાણી | ૭૭ |
| ૧૪ | સહુ ચલો | અજ્ઞાત | ૭૯ |
| ૧૫ | સમશેર સારી ખલ્કની | ડૉ. ચંદુલાલ | ૭૯ |
| ૧૬ | ખપ્પર ભરો ભરો | ખબરદાર | ૮૦ |
| ૧૭ | રણવાટ | રમણલાલ સોની | ૮૧ |
| ૧૮ | નામ જિન્દોમેં ( હિન્દી ) | અજ્ઞાત | ૮૨ |

| સંખ્યા | ગીત | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૯ | આતશબાજી | અજ્ઞાત | ૮૨ |
| ૨૦ | દેશહિત કરવા | મણિલાલ ભટ્ટ | ૮૨ |
| ૨૧ | તમારી આત્મશ્રદ્ધા તો | કલ્યાણજી | ૮૩ |
| ૨૨ | મુજે સિખા દો ( હિન્દી ) | અજ્ઞાત | ૮૪ |
| ૨૩ | પયગંબર શ્રી ગાંધી | ફૂલચંદભાઈ | ૮૪ |
| ૨૪ | જાલિમને | કલ્યાણજી | ૮૫ |
| ૨૫ | જલ્લાદને | નર્મદાશંકર પંડયા | ૮૫ |
| ૨૬ | બારડોલી | અજ્ઞાત | ૮૬ |
| ૨૭ | બારડોલી | રણછોડજી પટેલ | ૮૭ |
| ૨૮ | પરદેશીએ પાયમાલ કીધું | અજ્ઞાત | ૮૭ |
| ૨૯ | ગોઝારાં વસ્ત્રો | ફૂલચંદભાઈ | ૮૮ |
| ૩૦ | દારૂની સોબત નહિ કરીએ | ,, | ૮૯ |
| ૩૧ | સૈનિક બનીને ચાલો | ,, | ૮૯ |


---

## ખંડ—૫

### રાષ્ટ્રીય-રાસ


| | | | |
|---|---|---|---|
| ૧ | મારું વતન | ચીમનલાલ ભટ્ટ | ૯૦ |
| ૨ | માજી હવે ઊજળી થાશે રાત | વિહારી | ૯૧ |
| ૩ | ગુણવંતી ગુજરાત | ખબરદાર | ૯૨ |
| ૪ | કર્મભૂમિ | જ્યોત્સ્નાબહેન શુકલ | ૯૩ |
| ૫ | ભારતમૈયા | ચીનમલાલ ભટ્ટ | ૯૩ |
| ૬ | ધન્ય ધરાસણા | જ્યોત્સ્નાબહેન શુકલ | ૯૪ |
| ૭ | બાપુજયંતિ પ્રસંગે | ગોપાળજી પટેલ | ૯૫ |
| ૮ | સાધુપ્રયાણ | અજ્ઞાત | ૯૬ |
| ૯ | તમે ડરશો નહિ કદી જેલથી રે | ,, | ૯૭ |
| ૧૦ | કાયર કંથને | ,, | ૯૮ |

| સંખ્યા | ગીત | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૧ | જન્મભૂમિ | ,, | ૯૯ |
| ૧૨ | જનનીસેવન | ,, | ૧૦૦ |
| ૧૩ | તીર્થભૂમિ | જ્યોત્સ્ના શુકલ | ૧૦૧ |
| ૧૪ | બાપુનો રાસ | તનસુખ ભટ્ટ | ૧૦૩ |
| ૧૫ | રૂડો ગાંધીડો | અજ્ઞાત | ૧૦૪ |
| ૧૬ | સત્કાર | ,, | ૧૦૪ |
| ૧૭ | બાપુનો સંઘ | જુગતરામ દવે | ૧૦૫ |
| ૧૮-૧૯ | જોગીરાજ | કેશવ શેઠ | ૧૦૫ |
| ૨૦ | વીરહાક વાગે છે | નર્મદાશંકર પંડયા | ૧૦૭ |
| ૨૧ | શંખ વાગ્યા | અજ્ઞાત | ૧૦૮ |
| ૨૨ | સતનો સંગ્રામ | ફૂલચંદભાઇ | ૧૦૮ |
| ૨૩ | જાલીમને | અજ્ઞાત | ૧૦૮ |
| ૨૪ | વીરની વિદાય | નાનાલાલ કવિ | ૧૧૦ |
| ૨૫ | અમે માંડયો જગન | કલ્યાણજી | ૧૧૨ |
| ૨૬ | તાપી તટથી વાળશું પરદેશીને | જ્યોત્સ્નાબ્હેન શુકલ | ૧૧૨ |
| ૨૭ | યુદ્ધની હાકલ | શાંતિકુમાર | ૧૧૩ |
| ૨૮ | ટોપીવાળાને શીદ મોકલ્યો ? | અજ્ઞાત | ૧૧૪ |
| ૨૯ | કાચા સૂતરનો તાંતણો | જુગતરામ દવે | ૧૧૫ |
| ૩૦ | કાંતવાનું દેવું | પ્રીતમલાલ મઝમુદાર | ૧૧૫ |
| ૩૧ | દેશી સાંભળોરે રે | જ્યોત્સ્નાબ્હેન શુકલ | ૧૧૬ |
| ૩૨ | સ્વરાજને પંથે | ,, | ૧૧૭ |
| ૩૩ | વિદેશી ફેરિયાને | અજ્ઞાત | ૧૧૮ |
| ૩૪ | વેપારી બંધુને | ફૂલચંદભાઈ | ૧૧૯ |
| ૩૫ | બૉયકોટ | ,, | ૧૨૦ |
| ૩૬ | ભૂલશો મા | અજ્ઞાત | ૧૨૧ |
| ૩૭ | પીશો મા | જુગતરામ દવે | ૧૨૧ |
| ૩૮ | દારૂ તારો છંતાડ | ઈશ્વિરલાલ વૈદ્ય | ૧૨૨ |

| સંખ્યા | ગીત | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૩૯ | દારૂની મોકાણ | મારવાડી ઉકરા ચોધરી | ૧૨૨ |
| ૪૦ | રણરાસે નિમંત્રણ | પંકજકાંત | ૧૨૩ |
| ૪૧ | બાપુનું વેણ | ,, | ૧૨૪ |
| ૪૨ | આનંદ છે રે લોલ | ,, | ૧૨૫ |
| ૪૩ | હું તો વીરાંગના | ,, | ૧૨૬ |
| ૪૪ | ફાંસી નહિ ફૂલમાળ | મેઘાણી | ૧૨૭ |


---

## ખંડ ૬

## વાનરસેનાનાં ગીતો.


| | | | |
|---|---|---|---|
| ૧ | બોલો શ્રી રામજી. | દેશળજી | ૧૨૮ |
| ૨ | અમે ગાંધીવલ્લભના વાંદરા | ગિજુભાઈ | ૧૨૯ |
| ૩ | વાનર–ગીત | અજ્ઞાત | ૧૩૦ |
| ૪ | વાનરસેના વાનરસેના | જુગતરામ દવે | ૧૩૧ |
| ૫ | હાજી હા, હાજી હા | ગિજુભાઈ | ૧૩૧ |
| ૬ | ભારત માતાનાં બાળકો | ,, | ૧૩૨ |
| ૭ | વાનરસેના નહિ ડરશે | ,, | ૧૩૨ |
| ૮ | વાનર–ગીત | ચીમનલાલ ભટ્ટ | ૧૩૩ |
| ૯ | ગોરો | ,, | ૧૩૫ |
| ૧૦ | ઘેરિયા ગીત | ગોપાલજી પટેલ | ૧૩૮ |
| ૧૧ | રેંટિયો | રમણલાલ સોની | ૧૩૯ |
| ૧૨ | નીલ સેનાના વાંદરા | ગિજુભાઈ | ૧૩૯ |
| ૧૩ | ખાદી પહેરંતો મારો છે ભાઈ | ,, | ૧૪૦ |
| ૧૪ | ખાદી રંગ લાગ્યો | જ્યોત્સ્નાબહેન શુકલ | ૧૪૨ |
| ૧૫ | બાળાની પ્રતિજ્ઞા | ,, | ૧૪૩ |
| ૧૬ | પરદેશી વેપારી | ,, | ૧૪૩ |
| ૧૭ | પરદેશીનાં ટોળાં | ,, | ૧૪૪ |
| ૧૮ | ત્રણની ટોળી | જુગતરામ દવે | ૧૪૫ |

| સંખ્યા | ગીત | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૯ | પનિયારીને | જ્યોત્સ્ના શુકલ | ૧૪૬ |
| ૨૦ | કેસરિયો વર | ,, | ૧૪૭ |
| ૨૧ | ભારત ભોમ વિશાળ | રમણલાલ સોની | ૧૪૭ |


## ખંડ ૭

### પ્રસાદ-ગીતો.


| | | | |
|---|---|---|---|
| ૧ | નિમંત્રણ | કાન્ત | ૧૪૮ |
| ૨ | કોઈનો લાડકવાયો | મેઘાણી | ૧૪૯ |
| ૩ | ભારતનો જયકાર | અજ્ઞાત | ૧૫૧ |
| ૪ | અભિલાષા ( હિંદી ) | માધવપ્રસાદ | ૧૫૨ |
| ૫ | ઊઠ જાગ મુસાફિર | બ્રહ્માનંદ | ૧૫૩ |
| ૬ | માડીની ધૂળ | કલ્યાણજી | ૧૫૩ |
| ૭ | જોગીની જેહાંગીરી | ખબરદાર | ૧૫૪ |
| ૮ | કોની હશે એ બંસરી ? | કલ્યાણજી | ૧૫૫ |
| ૯ | ખદ્દર દેવ | અજ્ઞાત | ૧૫૬ |
| ૧૦ | બેસી શું રહ્યો ? | ,, | ૧૫૭ |
| ૧૧ | યરવડા | સ્નેહરશ્મિ | ૧૫૭ |
| ૧૨ | કમાવા રોટલો દેને | સુંદરમ્ | ૧૬૧ |
| ૧૩ | લાઠી ધારીને | એક નાગરજન | ૧૬૩ |
| ૧૪ | સર્જકશ્રેષ્ઠ આંગળાં | શ્રીધરાણી | ૧૬૪ |
| ૧૫ | હિઝરતે | પ્રીતમલાલ મજમુદાર | ૧૬૫ |
| ૧૬ | મંદિરિયાની મોજ | કલ્યાણજી | ૧૬૬ |
| ૧૭ | પૂર્ણ સ્વરાજ | સ્નેહરશ્મિ | ૧૬૭ |
| ૧૮ | ચરખો કાંતો | ,, | ૧૬૮ |
| ૧૯ | આરતવાણી | ,, | ૧૬૯ |
| ૨૦ | ગાંધી મસાલો | | ૧૭૦ |
| ૨૧ | ભારત ભાગ્યતારા | | ૧૭૦ |
| ૨૨ | છેલ્લો કટોરો | મેઘાણી | ૧૭૨ |

## ૧

# પ્રભાત ફેરીનાં ગીતો.

ઊઠ જાગ મુસાફિર ભોર ભાઈ,
અબ રૈન કહાં તું સોવત હૈ?

१

## શૂર સંગ્રામ

શૂર સંગ્રામ કો દેખ ભાગે નહીં,
દેખ ભાગે સોઈ શૂર નાહીં.
કામ ઔર ક્રોધ મદ લોભ સે ઝૂઝના,
મેંડા ઘમસાન તહેં ખેતમાંહી.
શીલ ઔર શૌચ સંતોષ સાથી ભયે,
નામ સમસેર તહેં ખૂબ બાજે.
કહે કબીર કોઈ જૂઝિ હૈ શૂરમા,
કાયરાં ભીડ તહેં તુરત ભાજે.

---

૨

## ફરીએ પ્રભાત ફેરી.

ફરીએ હરેક શેરી. ફરીએ.

પ્રભાત વાયુ વાયે,
ચેતન બધે છવાયે;
જાગો ઓ લોક લહેરી. ફરીએ.

આ રાષ્ટ્ર સારો જાગ્યો,
સ્વરાજ્ય હક્ક માગ્યો,
આ જાગૃતિ અનેરી. ફરીએ.

ગાંધીને પન્થ જાશું,
યજ્ઞે અમે હોમાશું,
સંધિ મળી સુનેરી. ફરીએ.

## ૩

## એકજ એ નિરધાર.

અમારો એક જ એ નિરધાર,
પ્રભુજી ! તું ઉતારે પાર ;
ક્યાં મુક્તિઓવારા ક્યાં તો મૃત્યુનો દરબાર.
અમારો૦—પ્રભુજી.

ફૂંકી માયા ફૂંકી પૂંજી,
ફૂંકયાં ઘર ને બાર,
મુક્તિ માટે તીરથયાત્રા લીધી ખાંડા–ધાર.
અમારો૦—પ્રભુજી.

વાટે ડાકૂ ઘાટે ડાકૂ,
છૂટે તાતાં તીર.
મારગડે વસમે વધતાં એ ઝળકે હૈયાં—હીર.
અમારો૦—પ્રભુજી.

સંત ગુરુએ મારગ ચીંધ્યો,
સતની છે તલવાર,
ઢાલ અહિંસા, ભક્તિ ભાથું, આલંબન કિરતાર.
અમારો૦—પ્રભુજી.

---

## ૪

## યુવકોંકી પ્રતિજ્ઞા.

( ગજલ )

ભારત ! મૈં તેરે નામકા ડંકા બજાઉંગા,
સંસારકા શિરમોર તુઝે ફિર બનાઉંગા.
રહને ન દુંગા બાકી ગુલામીકી બેડિયાં,
આઝાદ બનાઉંગા, તભી ચૈન પાઉંગા.

૫

જાલિમ પુલિસ ગર હમ પે ચલાયગી લાઠિયાં,
તો શૌક સે મૈં સામને સીના ચડાઉંગા.
હિંસા કો સ્વપ્ન મેં ભી ન લાઉંગા હૃદય મેં,
ખંજરસે સિતમગરકે મૈં ખોટા કટાઉંગા.
બૌછાર ગોલિયોં કી યા તેગોં કી માર હો,
માતા કે લિયે શીશ મૈં અપના ચઢાઉંગા,
ઘર ઘરમેં ચલા ચર્ખા, બના કરકે સૂતકો.
લાખોં કરોડોં થાન મૈં ખાદી બનાઉંગા.
કપડે વિદેશી, મુલ્કમેં બિકને ન દુંગા મૈં,
ખાદીસે દેશ–ભાઇયોં કે તન સજાઉંગા.
ગાંજે, શરાબ, તાડિયોં કી જા દુકાનોં પર,
કર જોડ ભાઇયોંકે નશા કો છુડાઉંગા.
અબ તક જો લુટા માલો જર વહ કમ હૈ કુછ નહીં,
લુટને ન દુંગા, દેશકી દૌલત બચાઉંગા.
એ 'ભીમ' ન કર સોચ, યે મોહનને કહા હૈ.
" સ્વાધીન માતૃભૂમિ મૈં અપની બનાઉંગા. "

---

૫

## શુકનની ઘડીઓ.

ધર્મના વીર ! ઓ આર્યપુત ! ઊઠજે !
સુભટના શુકનની વાગી ઘડીઓ;
ઉત્તરાયણ થયા, ઉત્તરે રવિ વળ્યા,
ભાનુના ભર્ગની વરસી ઝડીઓ.
મૃત્યુને ખાળવા શાન્તિને ઓધવા,
ભીષ્મ પોઢ્યા હતા યુદ્ધ ઘાટે;

મૃત્યુને પરહરિ, શાન્તિ ભાથાં ભરી,
શૂર ! ત્યમ સંચરો યુદ્ધવાટે.
સિંહનાં બાલથી ખેલતો-ગેલતો,
એ ભરતના ગોત્રના ગોત્રજો છો;
સિંહને શસ્ત્ર શાં ? વીરને મૃત્યુ શાં ?
મૃત્યુના અમૃતને ઓળખો છો.
શાન્ત છો, દાન્ત છો, ધીર છો, વીર છો,
સુભટ છો સજ્જ નિઃશસ્ત્રતાથી;
ધર્મધ્વજ તમ ખડા, શસ્ત્ર સ્હામાં વડાં,
શ્રીહરિ સત્યના સમરસાથી.

---

૬

## પ્રભાતિયું.

ઊઠ ! ઓ મ્હારથી, દિવ્ય હો સારથી,
તુજ વિના રાષ્ટ્ર-રથ કોણ હાંકે ?
મુક્તિ-સંગ્રામનાં ભીષણ યુદ્ધ આદર્યાં,
તુજ વિના મોખરે કોણ ધાશે ? ઊઠ૦
શસ્ત્રનાં ખેલવાં, અસ્ત્રનાં ઝીલવાં,
દિવ્ય અહિંસા તણું શસ્ત્ર સાથે.
તોપ ના ગડગડે અસિ ના રણઝણે,
તુજ વિના સત્યાગ્રહી કોણ થાશે. ઊઠ૦
પ્રલયનાં કારમાં, જીવન સંહારણાં,
આત્મનાં દિવ્ય જ્યાં તેજ પ્રગટે,
ઘોર તોફાન છે, જગતસંગ્રામ છે,
વિજય ડંકો તું વીણ કોણ ગાશે. ઊઠ૦

---

## ૭

## જુદ્ધમાં કોણ જાશે ?

જાગજો જગના રંગિલા સૈનિકો,
તમ વિના જુદ્ધમાં કોણ જાશે ?
રામ યુદ્ધે ચડી વાય રણસિંગડું,
વડો રે યોદ્ધો રણે કોણ થાશે ?
રાવણીરાજ્ય તારાજ કીધા વિના
મુક્તિનાં પર્વ ક્યમ ઊજવાશે ?
જાગજો જંગના રંગભર સુભટો,
તમ વિના જુદ્ધમાં કોણ જાશે ?
જાનકી–ભારતી આંસુડાં સારતી !
તમ વિના આંસુડાં કોણ લ્હોશે ?
આસુરી જાળ–માયા તણાં આવરણ,
ધર્મયુદ્ધે ચડી કોણ ધોશે ?
મોરચે ઝૂઝતાં, સત્યને પૂજતાં,
વિજય–બિરદાવલિ કોણ ગાશે ?
જાગજો જંગના વીર–વીરાંગના,
તમ વિના જુદ્ધમાં કોણ જાશે ?
સ્વાર્પણે શસ્ત્ર શાં ? અમૃતે મૃત્યુ શાં ?
શક્તિની ભક્તિને ભીડ શાની ?
અભયવર-ઊજળી આત્મબળ-વીજળી
તોડશે ઘોરયુગની ગુલામી !
ભોર ભાસે ભયો, ક્રાન્તિ ઉદય થયો,
પૂર્વમાં મુક્તિ–ઉષા પ્રકાશે;
ત્યાગજો નિંદને, હિન્દની હાકલે
જાગજો પૂર્ણ સ્વાતંત્ર્ય આશે.

૮

## ઊઠ ઓ આળસુ

ઊઠ અયે ! આળસુ ! જગત જાગી ગયું,
ઊંઘમાં સકળ તેં, આજ ખોયું !
ધન અને ધામ સૌ સુખનાં સાધનો,
રાગ અને દ્વેષમાં સર્વ ખોયું ! –ઊઠ૦
ઊતર્યાં આંગણે, યુદ્ધનાં નોતરાં,
રણતણે માંડવે ભેર વાગે,
ગડગડે નોબતો સત્ય સંગ્રામની,
'બઢ થકી' ડણક, દઈ શેર જાગે –ઊઠ૦
ઊઠને જાગ તું, પ્રાપ્ત કરવા ધરા,
ધર્મ સંગ્રામમાં કામ લાગે,
ઊઠ, મીંઢો બની શીદ ભડકી રહ્યો ?
કર્મયુગમાં તું ધર પાય આગે –ઊઠ૦

---

૯

## તુજ વિના કોણ ?

રાગ–પ્રભાત.

જાગ જુવાનિયા, હિંદ જાયા શૂરા,
તુજ વિના સૈન્યમાં કોણ જાશે ?
સેંકડો સૈનિકો આજ ટોળે મળ્યા,
તું નહિ સૈન્યમાં ભરતી થાશે ?
હિન્દ માતા તણી લાજ લૂંટાય છે,
તુજ વિના કોણ રક્ષા જ કરશે ?
ધન અને ધાન્ય વિણ રંક રીબાય છે,
દુઃખડાં દીનનાં કોણ હરશે ?

હિન્દની લક્ષ્મી પરદેશ ઘસડાય છે,
તુજ વિના બંધ તે કોણ કરશે?
હિન્દના હુન્નરો હર્ષથી પોષવા,
તુજ વિના કોણ પ્રયત્ન કરશે?
દુષ્ટ સત્તા તણા દુષ્ટ જે કાયદા,
તેની સામે વળી કોણ થાશે?
કાયદા તોડીને, દેશની દાઝથી,
જેલની રાબ તે કોણ પીશે?
મૂઠી મીઠું નહિ છોડતાં મૂઠીથી,
લાઠીના માર તે કોણ ખાશે?
દારૂ પીનારને શાન્તિથી વિનવતાં,
જેલના મહેલમાં કોણ જાશે?
દેહના દુઃખને સુખ સમ ગણી લઈ
દેશનાં કાર્ય તે કોણ કરશે?
દેશ કાજે જીવન દેશ કાજે મરણ
તુજ વિના એવું પણ કોણ લેશે?
દેશની દાઝથી ખુલ્લી છાતી કરી
ગોળીને ફૂલ ગણી કોણ સ્હેશે?
દેશ કાજે કરી કાય કુરબાનને
તુજ વિના અમર તે કોણ થાશે?

---

૧૦

## ભારત સંતાન જાગજો

જાગજો, જાગજો જાગજો રે
હવે ભારત સંતાન સહુ જાગજો—ટેક૦
ત્યાગજો, ત્યાગજો, ત્યાગજો રે
ઘોર નિંદ્રા આળસ સહુ ત્યાગજો—જાગજો.

## ૧૦

ગુલામીમાં ઘણાં વર્ષોથી ઘોર્યા,
હજુ ક્યાં સુધી ઘોરશો રે—હવે૦
સુખે સુવાનું હવે તજી દ્યો,
દેશ દાઝે જરા દાઝજો રે—હવે૦
પુણ્ય પ્રભાતે ઊંઘ કેમ આવે ?
ઊગ્યો ભારત ભાનુ ભાવજો રે—હવે૦
બાળક, વૃદ્ધ કંઈ અબળા જાગ્યાં,
ઊંઘતા જુવાનો લાજજો રે—હવે૦
આંગણીએ આ યજ્ઞ રચાયો,
આહૂતિ પ્રેમથી આપજો રે—હવે૦
શૂરા સંગ્રામને સમય શું સૂવે ?
કાયરનું કામ એ તો જાણજો રે—હવે૦
જંગે જુવાનો જલ્દી ઝુકાવજો,
અઝાદી આણવા આવજો રે—હવે૦

---

## ૧૧

## જુવાનિયા સૌ જાગો

ભારત જનની દૂધ દિપાવો જુવાનિયા સૌ જાગો,
પ્રભુ નામ લઈ જંગ ઝુકાવો જુવાનિયા સૌ જાગો;
ત્રીસ કોટિની પાલક જનની, હાડ ચામ રહી ભારત જનની;
શું સૂતા છો ચલો જંગમાં, જુવાનિયા સૌ જાગો.
ભૂખ્યા પેટે સૂએ કરોડો, ટાઢે થથરે બંધુ કરોડો;
વસ્ત્ર વિદેશી હરામ કરજો, જુવાનિયા સૌ જાગો.
ભારત ભરમાં જંગ મચ્યો છે, પિકેટિંગનો યજ્ઞ રચ્યો છે;
બનો સૈનિકો દિયો આહૂતિ, જુવાનિયા સૌ જાગો.

૧૨

# એકલો જાને રે

તારી જો હાક સુણી કોઈ ના આવે
તો એકલો જાને રે !
એકલો જાને; એકલો જાને,
એકલો જાને રે !—તારી૦
જો સૌનાં મોં સિવાય—
ઓરે ઓરે ઓ અભાગી !
સૌનાં મોં સિવાય;
જ્યારે સૌએ બેસે મોં ફેરવી,
સૌએ ફરી જાય,
ત્યારે હૈયું ખોલી,
અરે તું મ્હોં મુકી તારા મનનું ગાણું
એકલો ગાને રે—તારી૦
જો સૌએ પાછાં જાય—
ઓરે ઓરે ઓ અભાગી !
સૌએ પાછાં જાય;
જ્યારે રણ વગડે નીસરવા ટાણે,
સૌ ખૂણે સંતાય
ત્યારે કાંટા-રાને,
તો તારે લોહી નીગળતે ચરણે ભાઈ
એકલો ધાને રે !—તારી૦
જ્યારે દીવો ના ધરે કોઈ,
ઓરે ઓરે ઓ અભાગી
દીવો ના ધરે કોઈ;
જ્યારે ઘનઘોરી તુફાની રાતે
બારવાસે તને જોઈ,

૧૨

ત્યારે આભની વીજે
તું સળગી જઇ સૌનો દીવો
એકલો થાને રે !—તારી૦

તારી જો હાંક શુણી કોઇ ના આવે—
તો એકલો જાને રે !
એકલો જાને, એકલો જાને,
એકલો જાને રે !—તારી૦

---

૧૩

## એકલા ચલોરે

જદિ તોર ડાક શુને કેઓ ના આસે,
તોબે એકલા ચલોરે
એકલા ચલો, એકલા ચલો,
એકલા ચલો રે—જદિ૦
જદિ કેઓ કથા ના કોય.
ઓરે ઓરે ઓ અભાગી
કેઓ કોથાના કોય,
જદિ સબાઈ થાકે મુખ ફિરાયે,
સબાઈ કરે ભય;
તોબે પરાણ ખુલે,
ઓ તુઈ મુખફૂટે તોર મનેર કથા.
એકલા બોલો રે !—જદિ૦
જદિ સબાઇ ફિરે જાય—
ઓરે ઓરે ઓ અભાગી.

૧૩

સબાઇ ફિરે જાય,

જદિ ગહન પથે જાબાર કાલે,

કેઓ ફિરે ના ચાય—

તોબે પથેર કાંટા,

ઓ તુઈ રક્તમાખા ચરણ તલે,

એકલા દલોરે—જદિ૦

જદિ આલો ના ધરે—

ઓરે ઓરે ઓ અભાગી.

આલો ના ધરે,

જદિ ઝડ બાદલે આંધાર રાતે

દુવાર દેય ધરે.

તોબે વજ્રાનલે

આપન બુકેર પાંજર જાલિયે નિયે,

એકલા જલો રે—જદિ૦

---

## ૧૪

## ભીષ્મ પ્રતિજ્ઞા

ગિરિતેં ગિરાઓ, મઝધારમેં બહાઓ,
મહાસાગરમેં ડૂબાઓ, કિન્તુ હાથ નહીં જોડેંગે.
તીખી તેગસે કટાઓ, તત્તે તેલમેં કઢાઓ,
ચાહે ખાલ ખિંચવાઓ, પર મુખ નહીં મોડેંગે.
કાલિ નાગ તે ડંસાઓ, ચાહે ભૂમિમેં ગડાઓ,
અથવા સૂલિપેં ચઢાઓ, પર પણ નહીં છોડેંગે.
ભનત પ્રણવ હમ, સૈનિક સ્વરાજ્યકે હૈં,
ચિતામેં ભી ખાખ હોતેં, ટેક નહીં તોડેંગે.

---

૧૫
## અયિ ભુવન મનોમોહિનિ

અયિ ભુવન–મનો–મોહિનિ !
નિર્મલ–સૂર્ય–કરોજ્જ્વલ–ધરિણિ !
જનક–જનનિ–જનનિ !
નીલ સિન્ધુ જલ–ધૌત ચરણતલ,
અનિલ વિકમ્પિત શ્યામલ–અંચલ,
અંબર ચુમ્બિત–ભાલ હિમાચલ,
શુભ્ર–તુષાર–કિરીટિનિ !
પ્રથમ પ્રભાત ઉદિત તવ ગગને,
પ્રથમ સામરવ તવ તપોવને,
પ્રથમ પ્રચારિત તવ વન ભવને,
જ્ઞાન ધર્મકૃત કાવ્યકાહિનિ.
ચિર કલ્યાણમયી તુમિ ધન્યા,
દેશ વિદેશે વિતરી છ અન્ન,
જાહ્નવિ જમુના–વિગલિતકરુણા,
પુણ્ય પિયુષ–સ્તન્ય વાહિનિ.

---

૧૬
## માડીની ઝૂંપડી

દુઃખિયાંનો વિસામોરે, માડી તારી ઝૂંપડી,
રણવગડાનો છાંયો રે, આંધળિયાની લાકડી.
કુંજનિકુંજે લચી વલ્લરી નિર્ઝરિયાં સંતાય,
અમલ કમલદલ પર પંખીડાં, બ્રહ્મલીલાને ગાય;
રઢિયાળી એ વાડી રે, સોહવતી જે ઝૂંપડી,
આજે ખાવા ધાતી રે નિર્જન રણમાં ઝૂંપડી—દુઃખિયાં.

ધર્મ કર્મ રસ કસ લૂંટાયાં ઘર ઘર વખરી હીર,
છતી સંતતિ સત્ત્વ લુંટાયું, ખેંચાયાં તુજ ચીર;
લૂંટાતી એ માડી રે, ખાલી તારી ઝૂંપડી—દુઃખિયાં
ધન સંચી ખેતર સૂકવિયાં, દવ પ્રેર્યો ચોપાસ,
રાતી વિભુની આંખડી દેખી પંખીડાં પામે ત્રાસ;
તેને સોડે સ્હાતી રે, માડી તારી ઝૂંપડી,
પોષણિયાં શી પાતી રે, આછી જાડી રાબડી—દુઃખિયાં
વન વીંટયાં સિંચાણે સઘળાં, અવશ પડયાં તુજ બાળ,
ઠામ ઠર્યો ને હડધૂત કરીને રણ વગડે દે માર;
અંકે લેવા ધાતી રે, તેને માતા રાંકડી,
શીળી છાંયે છાતીરે, માડી તારી ઝૂંપડી—દુખિયાં
કણ કણ કાજે વન વન વીંઝે તુજ બાલુડાં પાંખ,
પણ સુખ દુઃખનાં લ્હાણાં લેવા, ઠરતી તુજ પર આંખ;
અંતે તું સંઘરતી રે માતા મ્હારી દૂબળી,
પ્રભુનો પથ દાખવતી રે માડી તારી ઝૂંપડી—દુઃખિયાં
તુંજ જીવન અમ તું સર્વસ્વ, તુંજ સુધાનો સાર,
મૂર્તિમતી વત્સલતા, દેવી તું સુર લોકનું દ્વાર;
નંદન વન શી વ્હાલી રે, અમને તારી ઝૂંપડી,
જન્મ ભૂમિવ્રત પાળીરે, શણગારી શું ઝૂંપડી—દુઃખિયાં

---

૧૭

## ધન્ય ભૂમિ

ધન્ય ભૂમિ ગુજરાત માત તુજ ભાગ્ય લેખ
કંઈ ભવ્ય દિસે,
સહુ સાધુનો સાચો સાધુ
સાભ્રમતીજલતીર વસે. ધન્ય ભૂમિ૦

રસ કસ તારો ફરી બતાવા
દેવ લોક અહીં આવ્યો છે,
ધર્મ કર્મને સતેજ કરવા ભારત દેશ જગાવ્યો છે. ધન્ય ભૂમિ૦

દિવ્ય તેજ એ દિવ્ય ફકીરી
દેશ પ્રેમ પ્રકટાવે છે,
પયગમ્બરીએ પ્રભા અનેરી
દિલજ્યોત જગાવે છે. ધન્ય ભૂમિ૦

મોહન તારું નામ મીઠડું
રગરગ ચેતન લાવે છે,
સેવાના હો સન્ત ગાંધીજી
દર્શનથી મન ભાવે છે. ધન્ય ભૂમિ૦

કાશી કે મથુરાંથી આજે
રાજનગર કંઇ ઓર દિસે,
સાભ્રમતીજલ લોટી લોટી
ગંગા યમુના આવી વસે. ધન્ય ભૂમિ૦

અભિનંદન એ રાજનગરને
અભિનંદન એ સરિતાતીર,
પ્રજાવર્ગને અભિનંદન
જ્યાં રમતા પયગમ્બર વીર. ધન્ય ભૂમિ૦

૧૮

## મનમોહન ગાંધીજી.

મનમોહન બલિહાર ગાંધીજી !
શૂર સૈન્ય સરદાર ગાંધીજી !
નૂતન યુગ ઘડનાર ગાંધીજી !
દૈવી તેજ ચમકાર ગાંધીજી ! મનમોહન.

ગુર્જરી કુંજે ગાજે ગાંધી !
નંદન વનવન ગાજે ગાંધી !
રાજ બને વિણતાજે ગાંધી !
દિલ દિલ સર્વ નવાયે ગાંધી ! મનમોહન

જગત માત્રનું નૂર ગાંધીજી !
જ્ઞાનામૃતનું પૂર ગાંધીજી !
ભારત બંસી સુર ગાંધીજી !
દિલ દરીએ ભરપૂર ગાંધીજી ! મનમોહન.

ગાય ગોપ ગોપાલક ગાંધી !
સત્યાગ્રહ સંચાલક ગાંધી !
હિંદજનોના તારક ગાંધી !
જગત સર્વ ઉદ્ધારક ગાંધી ! મનમોહન.

ખાદી પ્રભુના તોલ ગાંધીજી !
આભૂષણ અણમોલ ગાંધીજી !
કુંજકુંજ કલ્લોલ ગાંધીજી !
રાષ્ટ્ર ચેતના બોલ ગાંધીજી ! મનમોહન.

૧૯

## વીર જવાહર.

ભારતકા ડંકા આલમમેં, બજવાયા વીર જવાહરને,
આધીન બનો, સ્વાધીન બનો, સમઝાયા વીર જવાહરને,
વહ લાલ જો મોતીલાલકા હૈ, હૈ લાલ દુલારા ભારતકા,
સોતે ભારતકો હક કરકે, જગવાયા વીર જવાહરને,
અંગ્રેજો કી મૃગતૃષ્ણામેં, ભૂલે થે ભારતવાસી સબ,
પૂરી આઝાદીકા મંત્ર મહા, શીખલાયા વીર જવાહરને.
ઘોંટી હૈ રાજનીતિ ઉસને, છાની હૈ ખાખ વિદેશીકો,
સમતા સ્વતંત્રતાકા મારગ, દીખલાયા વીર જવાહરને.
ઇક રોશન આગ ધકધકતી હૈ, આઝાદીકી ઉસકે દિલમેં,
જીસસેં યુવકોંકા મુર્દા દિલ, ચમકાયા વીર જવાહરને.
આદર્શ–ચરિતસે વહ અપને, યુવકોંકા સમ્રાટ બના,
આઝાદીકા ઊંચા ઝંડા, ફરહાયા વીર જવાહરને.

---

૨૦

## સરદાર ગાંધી હૈ.

હમારે દેશને માના હુઆ સરદાર ગાંધી હૈ,
હમારે કાફિલકા કાફિલા સરદાર ગાંધી હૈ.
ગુંજાયા હૈ જમાને મેં અજબ લલકાર ગાંધી હૈ,
નહીં ડરતા હૂં દુશ્મનસે મેરી સરકાર ગાંધી હૈ,
હમારી કૌમને માના હુઆ સરદાર ગાંધી હૈ.
બસે હુએ ઘર ઉજ્જડ રહે હૈં;
ઉજાડ ગુલશન બને હુએ હૈં,
સિખા કર સત્યાગ્રહ હમકો દિખાયા,
દિખાયા હૈ યહ દુનિયા કો.
જમાયા જેલમેં ડેરા છુટા ઘરબાર ગાંધી હૈ,
હમારે દેશને માના હુઆ સરદાર ગાંધી હૈ.

## ૨૧

## લાઠીધારીને

મા૨ બાબા મા૨,
માર લાઠી માર;
માર બાબા માર—તારો પરમેશ્વર સંભાર !
માર બાબા માર,
માર લાઠી માર.
માર બાબા માર—પાક પેગંબર સંભાર !
માર બાબા માર,
માર લાઠી માર.
તારા રામને રીઝવવા, નહિ પાપી પેટ ભરવા !
માર બાબા માર,
માર લાઠી માર.
તારા રહીમને રીઝવવા, નહિ પાપી પેટ ભરવા !
માર બાબા માર,
માર લાઠી માર.
રાજા રામચંદ્રને નામે—નહિ જાલીમને ફરમાને !
માર બાબા માર,
માર લાઠી માર.
અલ્લાહો અકબર નામે—નહિ શેતાની ફરમાને !

---

## ૨૨

## રેંટિયા સ્તોત્ર.

૧

પ્રાચીન અમારા દેશમાં ઉદ્યોગ ગૃહનો રેંટિયો,
ઘરઘર ફરી જાગ્રત કરો પાછો મૂકેલો રેંટિયો. ૧
જેટલા આંટા તમારા હાથ ફરશે રેંટિયો,
તેટલું સ્વરાજ્ય પાસે લાવશે આ રેંટિયો. ૨

મૃતપ્રાય ભારતદેશનું છે એક અમૃત રેંટિયો,
ભારત તણા સૌ રોગનું છે એક ઔષધ રેંટિયો. ૩

લાખો નિરાશાની મહીં આશા કિરણ છે રેંટિયો,
ભારત તિમિરદળ ભેદીને ચમકી રહ્યો છે રેંટિયો. ૪

સ્વરાજ્યને સ્વાતંત્ર્યની છે દિવ્ય વીણા રેંટિયો,
અમૃત સમા મીઠા સુરો, રેડી રહ્યો છે રેંટિયો. ૫

મશગુલ થઇ એ સૂરમાં, જન ફેરવો આ રેંટિયો,
ઉદ્ધાર કરશે હિંદનો જે હાથ ફરશે રેંટિયો. ૬

સ્વધર્મની સેવાતણી છે ભવ્યમૂર્તિ રેંટિયો,
મંદિર ને મસ્જીદમાં પધરાવજો સૌ રેંટિયો. ૭

સાઠ કોટિ દ્રવ્યનો રક્ષક પિતા છે રેંટિયો,
દુષ્કાળનો પણ કાળ છે આ કાળ ભરતો રેંટિયો. ૮

ભૂખ્યાં કરોડો ભાંડુની છે અન્નપૂર્ણા રેંટિયો,
ટાઢે થથરતાં રંક જનની વસ્ત્રપૂર્ણા રેંટિયો. ૯

આ અસહકારી યુદ્ધમાં આયુધ અમારું રેંટિયો,
છે ચક્ર સુદર્શન સમો રમરમ ફરંતો રેંટિયો. ૧૦

લાજ લેંકેશર તણી લૂંટાવશે આ રેંટિયો,
માન મેંચેસ્ટર તણાં મૂકાવશે આ રેંટિયો. ૧૧

મદભર અસુરો ભેદીને લંકા જશે આ રેંટિયો,
રાવણરિપુ રણ રોળી **સી**તા લાવશે આ રેંટિયો. ૧૨

કળિકાળના અવતારરૂપે અવતર્યો આ રેંટિયો,
સંહારવા અધર્મને પેદા થયો છે રેંટિયો. ૧૩

## ૨૩
## રેંટિયા-સ્તોત્ર
### (૨)

પ્રાચીન અમારા દેશમાં ઉદ્યોગ ગૃહનો રેંટિયો,
ઘર ઘર ફરી જાગ્રત કરો પાછો મૂકેલો રેંટિયો. ૧
ચેતનફુવારા દેશમાં ઉરાડતો આ રેંટિયો,
મરુભૂમીને રસબસ કરી ફળદ્રુપ કરતો રેંટિયો. ૨
જડકાષ્ટનો જોડે બનેલો દીસતો આ રેંટિયો,
ચેતન થકી ભરપૂર ને જીવંત છે આ રેંટિયો. ૩
ખાયે નહિ પીએ નહીં સુવે નહિ આ રેંટિયો,
થાકે નહિ થોભે નહિ પણ કામ આપે રેંટિયો. ૪
માનસરનો મોતીચરંતો હંસલો આ રેંટિયો,
થાતાં પ્રસન્ન કણ મોતીના દેશે જગતને રેંટિયો. ૫
ધન્ય છે તે હાથને જે ફેરવે આ રેંટિયો,
ધન્ય છે તે મગજને જેણે રચ્યો આ રેંટિયો. ૬
ધન્ય છે તે કાષ્ટને જેનો બને છે રેંટિયો,
ધન્ય તે સુથારને હેતે ઘડે જે રેંટિયો. ૭
કવિઓ તમારા કવનમાં કવજો હવે આ રેંટિયો,
વકતૃત્વમાં વક્તા તમે વીકસાવજો આ રેંટિયો. ૮
ગરબા મહીં બહેનો તમે ગાજો હવે આ રેંટિયો,
ભજનોમહીં ભકતો તમે લલકારજો આ રેંટિયો. ૯
શાળા મહીં ઈનામમાં સૌ આપજો આ રેંટિયો,
નાતો તણા લહાણા મહીં સૌ વહેંચજો આ રેંટિયો. ૧૦
પંજાબ કન્યાદાનમાં જ્યમ પુત્રીને દે રેંટિયો,
ત્યમ અન્ય પ્રાંતો હિંદના દો કન્યકાને રેંટિયો. ૧૧
સ્વરાજ્યના નિશાનમા ચીતરાવજો આ રેંટિયો,
આત્મશુદ્ધિનો અલૌકિક મંત્ર મોંઘો રેંટિયો. ૧૨

ગાવે કબીરા પદમહીં કે છે પવીતર રેંટિયો,
ગાંધી લખે નવજીવનમાં કે સ્વર્ગચાવી રેંટિયો. ૧૩
ખાતાં પીતાં સૂતાં અને વળી સ્વપ્નમાંહી રેંટિયો,
જન રટણ કરજો રાતદિન બસ રેંટિયોને રેંટિયો. ૧૪
પ્રતિગામડે પ્રતિઝૂંપડે દાખલ કરો આ રેંટિયો,
પ્રાચીન અમારા દેશમાં ઉદ્યોગ ગૃહનો રેંટિયો. ૧૫
જે ગાય સૂણે સ્તોત્ર યાને ફેરવે આ રેંટિયો,
વાતો થશે વૈકુંઠમાં છે વેદ વાક્યમ્ રેંટિયો. ૧૬

---

૨૪

## ચરખા ચલા ચલા કે લેંગે સ્વરાજ લેંગે.

ચરખા ચલા ચલા કે, લેંગે સ્વરાજ લેંગે,
મલમલ જો હૈ વિદેશી, આનેકી ગજ મિલેગી,
ખાદી નહિ ત્યજેંગે—લેંગે૰
બહોત્તર કરોડ રૂપિયા, પરદેશ જા રહા હૈ,
ઉસકો બચા બચા કે—લેંગે૰
ચરખેકી ધણધણાટી, રણભેરી યા બજેંગે;
અંગ્રેજ કો સુના કે—લેંગે૦
યા હક્ક હૈ હમારા, તન જાન સે ભી પ્યારા,
મરને નહીં ડરેંગે—લેંગે૦
હમ સબ પરેડ ફૌજી, કપ્તાન હમારા ગાંધી,
આજ્ઞા ઉસીકી લેંગે—લેંગે૦
તેત્તીસ ક્રોડ ફૌજી, રણ સાથસે ચલેંગે,
ગાંધી હુકમ કરેંગે—લેંગે૦
ચરખા હી તોપ બનેગા; તકલી બની હૈ બરછી,
ગોલેસે સૂતકે હમ—લેંગે૰

---

૨૫

## પરદેશી કાપડ નહિ ખપશે

પરદેશી કાપડનો ટુકડો, આ ભારત ભરમાં નહિ ખપશે;
આ ચેપ ભયંકર દાટીશું, ગોઝારો ધંધો નહિ નભશે. ૧
શૂરવીર જુવાનો જાગોને, રણશૂરી બહેનો જાગોને:
પિકેટિંગ પંથે લાગોને, ગોઝારો ધંધો નહિ નભશે. ૨
હથિયાર પિકેટિંગનું પકડી, કાપડની બલા લો જકડી;
શિરપર છોને પડતી લકડી, ગોઝારો ધંધો નહિ નભશે. ૩
ઊંઘ વેચીને કરશું ચોકી, ભૂખ્યા તરસ્યા કરશું ચોકી;
દિનભર ને રાત્રિભર ચોકી, ગોઝારો ધંધો નહિ નભશે. ૪
શ્રી ગાંધીજી કેદીખાને, શ્રી જવાહીર બંદીખાને;
અધલખ વીરો બંદીખાને, ગોઝારો ધંધો નહિ નભશે. ૫

---

૨૬

## જાગૃતિનું ગીત

હવે અમે જાગિયા હોજી રે
અવગુણ ત્યાગિયા છે આજજી.
ત્યાગિઆ છે આજ,
અવગુણ ત્યાગિયા છે આજ—હવે૦
દારૂ પીવાની ટેવ પડી’તી, જાતાં પીઠામાં રોજજી,
ભાન ભૂલીને દારૂ પીતા’તાં છાકટાં થાતાં રોજ—હવે૦
પીઠાવાળો તો પૈસા લૂંટે ગાળો આપે હજારજી,
છાકટાને તો માર મારીને કાઢે પીઠાની બહાર—હવે૦
દારૂના પાપે ખેતર વેચ્યાં, વેચ્યાં વાસણ માલજી.
ભૂખ્યો રખડે, નાગો રવડે દારૂડિયાના હાલ—હવે૦

ગાંધી બાપુજી પોતે પધાર્યા, આપ્યો રૂડો બોધજી,
લીધી પ્રતિજ્ઞા, દારૂ છોડયે, લાગ્યો અમને બોધ—હવે૦

દેવું કરો મા, દેવું કરો મા, એવી શિખામણ દીધજી,
શાહુકારોનું દેવું ચુકાવ્યું, ખાતું ચૂકતે કીધ,—હવે૦

ખેતી કરો ને રેંટિયો રાખો, કાંતો પીંજો ભલી ભાતજી,
ખાદી પહેરી કરો દેશની સેવા, પ્રભુ ભજો દિનરાત,—હવે૦

ખાદી પહેરીને પૈસો બચાવો, છોડો સૌની બીકજી,
ગાંધી બાપુજી અમર રહેજો, આપી ભલેરી શીખ—હવે૦

---

૨૭

## શુદ્ધિનો યજ્ઞ

યજ્ઞ અમે માંડયો રે તનમનની શુદ્ધિ કરવા!
ખાદી ને રેંટિયો ઘરમાં વસાવ્યાં,
દુ:ખોનો દરિયો તરવા. યજ્ઞ૦

દારૂ તાડીને દફનાવી દીધાં,
કોઠીમાં જાર રૂડી ભરવા. યજ્ઞ૦

ખોટાં ઘરેણાં ખાડામાં ફેંકયાં,
ચેપી રોગોથી ઉગરવા. યજ્ઞ૦

સાદા જીવનની લીધી પ્રતિજ્ઞા,
સંતોના પંથમાં ભળવા. યજ્ઞ૦

ગાંધીનાં પ્રેમબાણ હૈયામાં ઝીલ્યાં,
જાત હોમી દેશસેવા કરવા. યજ્ઞ૦

---

૨૮

## ગુલામી બેડી

બેડી ગુલામીની તોડશું રે, અમે બેડી ગુલામીની તોડશું રે;
અજ્ઞાનમાં બહુ વેઠી ગુલામી, જ્ઞાનની સંઘાતે પ્રીત જોડશું રે. અમે૦
બીકણુ બની બહુ વેઠી ગુલામી, નિર્ભયતા સાથ પ્રીત જોડશું રે. અમે૦
દારૂ જુગારથી વેઠી ગુલામી, દારૂ જુગાર અમે છોડશું રે. અમે૦
ઝઘડા કરી બહુ વેઠી ગુલામી, સંપની સંઘાતે પ્રીત જોડશું રે. અમે૦
એલફેલમાં બહુ વેઠી ગુલામી, સાદાઇ સાથ પ્રીત જોડશું રે. અમે૦
પરદેશી વસ્ત્રો લાવ્યા ગુલામી, ખાદી સંઘાતે પ્રીત જોડશું રે. અમે૦
સ્વરાજ્ય કાજે માથું મેલીને, બેડી ગુલામીની તોડશું રે. અમે૦

---

૨૯

## દારૂ પ્રતાપ

દારૂ કરે પાયમાલ, ભાઇ હો! દારૂ કરે પાયમાલ.
દારૂ પીધાથી ચીતડું ભમે ને, દહાડે તે દીવા દેખાય,
ઊંચેથી આભલું પગમાં પેસે, ને ધરતી માથે ચડી જાય.
હો ભાઈ રે૦—

દારૂ પીધાથી બુદ્ધિ ભમે છે, ને ઊભું તે ફરતું દેખાય,
ગોફણુ ચડી જાણે ઊડયો ગગનમાં, ને ઊંધો ચક્કરિયું ખાય.
હો ભાઇ રે૦—

દારૂ પીધાથી તનડું તૂટે છે, ને કાળું તે ધોળું દેખાય,
પગમાં આળોટી ધૂળ માથે ચડાવે, ગધેડાને માની ગાય
હો ભાઇ રે૦—

દારૂ પીધાથી સૂઝે છે અવળું, જે કૂવામાં વસિયલ ગામ,
ઇંદરસભામાં પરીઓને જોવા, ભુસ્કો માર્યો 'બોલો રામ!'
હો ભાઈ રે૦—

---

## ૩૦
## લાજ રાખો ગિરધારી

અબકી ટેક હમારી લાજ રાખો ગિરિધારી ॥ ધ્રુ. ॥
જૈસી લાજ રાખી અર્જુન કી ભારતયુદ્ધ મંઝારી
સારથી હો કે રથ કો હાંકો ચક્રસુદર્શનધારી ॥
ભક્તનકી ટેક ન ટારી ॥ ૧ ॥
જૈસી લાજ રાખી દ્રૌપદિકી હોન ન દીનિ ઉધારી
ખૈંચત ખંચત દોભુજ થાકે દુઃશાસન પચહારી
ચીર બઢાયો મુરારિ ॥ ૨ ॥
સુરદાસકી લાજ રાખો, અબ કો હૈ રખવારી?
રાધે રાધે શ્રીવર પ્યારો શ્રીવૃષભાનદુલારી ॥
શરણ તક આયો તુમ્હારી ॥ ૩ ।

---

## ૩૧
## જગાવો ભારતને કીરતાર!

જગાવો ભારતને કીરતાર!
રામ સમોવડ શાસક શોધું પયગમ્બર અવતાર,
મુગ્ધ બને જેના શાસનને જોઈ વિશ્વ–સંસાર
—જગાવો!
હે બળપ્રેરક બળિભદ્રવીર, થવા સ્વદેશોદ્ધાર;
ક્ષુધા, તૃષા, ઉરતાપ ટળે ને પીગળે જીવનભાર!
—જગાવો!
ધનિક જાગે, કોવિદ જાગે, જાગે ખેતીકાર;
જાગે જનની, બાલ, બાલિકા; સજે સ્નેહકલ્યાણ:
—જગાવો!
ભરતખંડના ભ્રમિત ભેદો ભેદી, સરજનહાર!
સમસ્ત હિન્દી કરે ઐકયથી સ્વરાજપદ સંચાર
પ્રભો! અમ સ્તુતિનો આ સાર.
—જગાવો!

૩૨

## મંગળ મંદિર ખોલો

મંગળ મંદિર ખોલો,
દયામય ! મંગળ મંદિર ખોલો.
જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો લો દયા૦
નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુસહ પ્રેમે બોલો,
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક,
પ્રેમઅમીરસ ઢોળો. દયા૦

---

૩૩

## અલૌકિક ચિનગારી.

એકજ દે ચિનગારી,
મહાનલ ! એકજ દે ચિનગારી.
ચકમક લોઢું ઘસતાં ઘસતાં;
ખરચી જિંદગી સારી
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી,
મહાનલ ! એક જ દે ચિનગારી.
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,
સળગી આભ અટારી.
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની ભારી.

મહાનલ ! એક જ દે ચિનગારી.
થંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ ! હું અધિક ન માગું,
માગું એક ચિનગારી.
મહાનલ ! એક જ દે ચિનગારી.

---

## ૩૪
## પ્રેમલ જ્યોતિ

પ્રેમલ જ્યોતિ તારો દાખવી,
મુજ જીવનપંથ ઉજાળ. પ્રેમલ૦
દૂર પડયો નિજ ધામથી હું,
ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનિમાં,
નિજ શિશુને સંભાળ,
મારો જીવનપંથ ઉજાળ. પ્રેમલ૦
ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન,
એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય— પ્રેમલ૦
આજ લગી રહ્યો ગર્વમાં હું,
ને માગી મદદ ન લગાર;
આપબળે માર્ગ જોઇને ચાલવા,
હામ ધરી મૂઢ બાળ;
હવે માગું તુજ આધાર— પ્રેમલ૦

ભભકભર્યા તેજથી હું લોભાયો,
ને ભય છતાં ધર્યો ગર્વ;
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી,
સ્ખલન થયાં જે સર્વ–
મારે આજથકી નવું પર્વ– પ્રેમલ૦

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ!
આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી
ચલવી પહોંચાડશે ઘેર
દાખવી પ્રેમલ જ્યોતની સેર– પ્રેમલ૦

કર્દમભૂમિ કળણ ભરેલી,
ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળકેરા પ્રવાહો,
સર્વ વટાવી કૃપાળ
મુને પહોંચાડજે નિજ દ્વાર– પ્રેમલ૦

રજનિ જશે, ને પ્રભાત ઊજળશે,
ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોનાં વદન મનોહર.
મારે હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતાં ક્ષણવાર– પ્રેમલ૦

---

## ૩૫
## એ પ્રાર્થના મારી

NATIONAL ARCHIVES LIBRARY No 3028 Date 21.372 GOVT. OF INDIA

કરો રક્ષા વિપદમાહીં, નથી એ પ્રાર્થના મારી;
વિપદથી ના ડરું કો દિ, પ્રભો! એ પ્રાર્થના મારી.

મળે દુઃખ તાપથી શાંતિ, નથી એ પ્રાર્થના મારી;
સહુ દુઃખો શકું જીતી પ્રભો! એ પ્રાર્થના મારી.
સહાયે કો ચડો આવી, નથી એ પ્રાર્થના મારી;
તૂટો ના આત્મબળ દોરી, પ્રભો! એ પ્રાર્થના મારી.
મને છળહાનિથી રક્ષો, નથી એ પ્રાર્થના મારી;
ડગું ના આત્મશ્રદ્ધાથી, પ્રભો! એ પ્રાર્થના મારી.
પ્રભો! લે પાર ઉતારી, નથી એ પ્રાર્થના મારી;
તરી જાવા ચહું શક્તિ, પ્રભો! એ પ્રાર્થના મારી.
હરિ! બોજો હરી લે તું, નથી એ પ્રાર્થના મારીઃ
ઉઠાવી હું શકું સહેજે, પ્રભો! એ પ્રાર્થના મારી.
સુખી દિને સ્મરું ભાવે, દુઃખી અંધાર રાત્રિએ;
ન શંકા તું વિષે આવે, પ્રભો! એ પ્રાર્થના મારી.

---

૩૬

## શિર સાટે

રે શિર સાટે નટવરને વરીએ,
રે પાછાં તે પગલાં નવ ભરીએ. (ધ્રુવ)
રે અન્તર દૃષ્ટિ કરી ખોળ્યું
રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું
એ હરિ સારુ માથું ધોળ્યું.—રે શિર સાટે૦
રે સમજ્યા વિના નવ નીસરીએ
રે રણ મધ્યે જઇને નવ ડરીએ
ત્યાં મુખ પાણી રાખી મરીએ—રે શિર સાટે૦
રે પ્રથમ ચડે શૂરો થઇને
રે ભાગે પાછો રણમાં જઇને
તે શું જીવે ભૂંડું મુખ લઇને.—રે શિર સાટે૦

પહેલું જ મનમાં ત્રેવડીએ
રે હોડેહોડે જુદ્ધે નવ ચડીયે
રે જો ચડીએ તો કટકા થઈ પડીએ–રે શિર સાટે૦

રે રંગસહિત હરિને રટીએ
રે હાક વાગ્યે પાછા નવ હટીએ
બ્રહ્માનન્દ કહે ત્યાં મરી મટીએ.–રે શિર સાટે૦

---

૩૭

## વૈષ્ણવ જન

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઇ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે;
સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ, મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે;
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે;
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે;
વણલોભી ને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે;

---

૨

# તિરંગા—ગાન

૧

## ઝંડા–ગીત

વિજયી વિશ્વ તિરંગા પ્યારા—
ઝંડા ઊંચા રહે હમારા —ધ્રુવ૦
સદા શક્તિ બરસાને વાલા,
પ્રેમ સુધા સરસાને વાલા,
વીરોંકો હરષાને વાલા,
માતૃભૂમિકા તનમન સારા— ઝંડા૦ ૧
સ્વતંત્રતા કે ભીષણ રણમેં,
કાંપે શત્રુ દેખકર મનમેં,
મિટ જાયે ભય સંકટ સારા— ઝંડા૦ ૨
ઇસ ઝંડે કે નીચે નિર્ભય,
લેં સ્વરાજ્ય યહ અવિચલ નિશ્ચય,
બોલો ભારતમાતાકી જય!
સ્વતંત્રા હી ધ્યેય હમારા— ઝંડા૦ ૩
આઓ પ્યારે વીરોં! આઓ,
દેશ–ધર્મ પર બલિ બલિ જાઓ,
એક સાથ સબ મિલકર ગાઓ,
પ્યારા ભારત દેશ હમારા— ઝંડા૦ ૪
ઇસકી શાન ન જાને પાયે,
ચાહે જાન ભલે હી જાવે,
વિશ્વ વિજય કરકે દિખલાયેં,
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા— ઝંડા૦ ૫

૨

## રાષ્ટ્રીય પતાકા

રાષ્ટ્ર-ગગનકી દિવ્ય જ્યોતિ રાષ્ટ્રીય પતાકા નમો ! નમો !
ભારત-જનની કે ગૌરવકી અવિચલ શાખા નમો ! નમો ! ધ્રુવ૦

કરમેં લેકર ઇસે શૂરમા તીસ કોટિ ભારત સંતાન-
હઁસતે હઁસતે માતૃભૂમિ કે ચરણોં પર હોંગે બલિદાન-
હા ઘોષિત નિર્ભીક વિશ્વમેં તિરલ તિરંગા નવલ નિશાન,
વીર-હૃદય ખિલ ઉઠે, માર લેં ભારતીય ક્ષણમેં મૈદાન.
હો નસનસમેં વ્યાપ્ત ચરિત શૂરમા શિખીકા નમો ! નમો !
રાષ્ટ્ર-ગગનકી દિવ્ય જ્યોતિ૦ ૧

નવ યુવકો ! સ્વાતંત્ર્ય-સમરમેં નવજીવન સંચાર કરો.
શસ્ત્ર અહિંસાસે દલકર દાસતા-દુર્ગ કો ચૂર કરો.
શાન્તિ-ક્રાંતિ-યુગમેં હે વીરો ! જીવન-સુમન નિસાર કરો.
ઊંચે સ્વરસે એકસાથ જનનીકી જય જયકાર કરો.
શક્તિ દેખકર શત્રુ શિબિરમેં મચે સનાકા નમો ! નમો !
રાષ્ટ્ર-ગગનકી દિવ્ય જ્યોતિ૦ ૨

ઉચ્ચ હિમાલયકી ચોટી પર જાકર ઇસે ઉડાયેંગે
વિશ્વવિજયિની રાષ્ટ્રપતાકાકા ગૌરવ ફહરાયેંગે.
સમરાંગણમેં લાલ લાડલે લાખોં બલિબલિ જાયેંગે.
સબસે ઊંચા રહે, ન ઇસકો નીચે કભી ઝુકાયેંગે.
ગૂંજે સ્વર સંસાર-સિંધુમેં સ્વતંત્રતાકા નમો ! નમો !
રાષ્ટ્ર-ગગનકી દિવ્ય જ્યોતિ૦ ૩

૩

## ઝંડા ગીત

(મરાઠી)

નવ હિંદ રાષ્ટ્ર ઝેંડયા, પ્રણામા ઘેયા!
હિંદ ભૂમિચ્યા, હિંદી જનાંચ્યા
સ્વાભિમાન ચિહ્ના, પ્રણામા ઘેયા!
સ્વાતંત્ર્યા ચ્યા વા’યા વરતી,
બા ફડફડણાર્યા, પ્રણામા ઘેયા!
સ્વરાજ્ય માઝેં, મીં હી ત્યાચા–
જગતા સાંગાયા, પ્રણામા ઘેયા
નવ્યા મનૂચે શિલેદાર હે
નમિતી તુજલા યા, પ્રણામા ઘેયા!

---

૧૭

## નવ હિંદરાષ્ટ્ર ઝંડા

નવ હિંદરાષ્ટ્ર ઝંડા, નમન ધ્વજ રાયા! નવ૦
હિંદ ભૂમિના ગૌરવના તું,
ગા સુંદર છંદા, નમન ધ્વજ રાયા!
હિંદી જનોના સ્વાભિમાનના
પુકાર પડછંદા, નમન ધ્વજ રાયા!
સ્વરાજ્યનો તું મંત્ર ગગનમાં
ગજાવ પરચંડા, નમન ધ્વજ રાયા!
સ્વતંત્રતાની લહેરે તારા,
ઉરાડ ત્રણ રંગા, નમન ધ્વજ રાયા!
તારે ખાતર ખપી જવાની
એકજ ઉત્કંઠા, નમન ધ્વજ રાયા!
નવ યુગના હે યુગપતિ લેજે
વંદન અષ્ટાંગા, નમન ધ્વજ રાયા!

---

૪

## નમન ધ્વજરાય

નવ હિંદ રાષ્ટ્ર ઝંડા, નમન ધ્વજરાયા !
સ્વતંત્રતાની લહેરે તારા,
ઉરાડ ત્રણુ રંગા, નમન ધ્વજરાયા ! નવ૦
સ્વરાજનો તું મંત્ર ગગનમાં,
ગજાવ પરચંડા, નમન ધ્વજરાયા ! નવ૦
હિંદી જનોના સ્વાભિમાનના
પુકાર પડછંદા, નમન ધ્વજરાયા ! નવ૦
હિંદ ભૂમિના ગૌરવના તું,
ગા સુંદર છંદા, નમન ધ્વજરાયા ! નવ૦
નવયુગના યુગપતિ હે ! તુજને,
વંદન અષ્ટાંગા, નમન ધ્વજરાયા ! નવ૦

---

૫

## ઝંડા-વંદન

તારે ક્યારે કૈંક દુલારે દિલનાં શોણિત પાયાં,
પુત્રવિજોગી માતાઓનાં નયન-ઝરણુ ઠલવાયાં;
ઝંડા ! અજર અમર થાજે,
વધ વધ આકાશે જાજે ! ૧

તારે મસ્તક મંડાઈ નવ ગરુડતણી મગરૂરી,
ત્યારે ભાલ નથી આલેખ્યાં સમશિર, ખંજર, છૂરી;
ઝંડા ! દીન કબૂતર શો,
ઉરે તુજ રેંટીડો રમતો. ૨

*

નહિ કિનખાબ મુખમ્મલ મશરૂ કેરી તારી પતાકા,
નહિ જરિયાની હીરભરતના ભપકા તુજ પર ટાંક્યા;
ઝંડા ! ભૂખરવો તોયે,
કોટિ દિલડાં તુજ પર મોહે. ૩

*

સપ્તસિંધુની અંજલિ વહેતો સમિરણ તુજને ભેટે,
ખંડખંડની આશિષ–છોળો ઉદધિ–તરંગો છાંટે;
ઝંડા ! થાકેલા જગનો,
દિસે છે તું આશા–દીવડો. ૪

*

કુમળાં બાળ, કિશોર, બુઝર્ગો, સહુ તુજ કાજે ધાયાં,
નરનારી નિર્ધન ધનવંતો–એ સહુ ભેદ ભુલાયા;
ઝંડા ! સાહિદ રહેજે હો !
રુધિરનાં બિંદુ બિંદુ તણો.

કો' માતાના ખાલી ખોળે આજ બન્યો તું બેટો;
કપાલનાં કંકૂડાં હારી તેને પણ બળ દેતો.
ઝંડા ! સાહિદ રહેજે હો !
હજારો છાનાં સ્વાર્પણનો.

*

તું સાચું અમ કલ્પતરુવર; મુક્તિફળ તુજ ડાળે;
તારી શીત સુગંધ નથી કો ' માનસ સરની પાળે;
ઝંડા ! જુગ જુગ પાંગરજે,
સુગંધી ભૂતલ પર ભરજે !

રાષ્ટ્ર–દેવના ઘુમ્મટ ઉપર ગહેરે નાદ ફરૂકે,
સબ ધર્મોના એ રક્ષકને સંત નૃપાલો ઝૂકે;

ઝંડા ! આજ ન જે નમશે,
કાલ તુજ ધૂલી શિર ધરશે.
આઠે પહોર ફૂંફાડા કરતો જાગ્રત રહે ભુજંગી !
સાવધ રહેજે, પહેરો દેજે, અમે ન રહીએ ઊંઘી;
ઝંડા ! સ્વરાજના સંત્રી !
રહો તુજ ઝાલર રણઝણતી !

---

૬

## એક જ ભારત ભવ્ય પતાકા

જય જય ભારત ભવ્ય પતાકા,
જય જનની સંસ્કૃતિ ગુણગાથા;
બળતા જગની એક જ શાતા,
એક જ ભારત ભવ્ય પતાકા.
જય જયકાર ! જય જયકાર !

શાહીવાદે શસ્ત્ર ખખડતાં,
સ્વતંત્રતાનાં શીળ લૂંટાતાં;
ત્યાં સત્યાગ્રહ સૂચક ત્રાતા,
એક જ ભારત ભવ્યપતાકા,
જય જયકાર ! જય જયકાર !

મૂડીવાદે દીન દળાતા.
મારથીઓ મોટા મૂંઝાતા,
ત્યાં તુજ ચરખો મુક્તિદાતા,
એક જ ભારત ભવ્ય પતાકા.
જય જયકાર ! જય જયકાર !

દેશ દેશના ઝંડા જુજવા,
મથી રહે જગ પર ફરફરવા,

પણ શાંતિથી આંખો ઠરવા,
એક જ ભારત ભવ્ય પતાકા,
જય જયકાર ! જય જયકાર !

પ્રેમ–શૌર્ય બલિદાને ઝૂઝવા,
શાંતિના શૌર્ય રણ જીતવા;
પ્રેરે અમને અણનમ રહેવા,
એક જ ભારત ભવ્ય પતાકા,
જય જયકાર ! જય જયકાર !

એ ઝંડો અવિચળ અમ રહેવા,
પડકારે પ્રાણો પાથરવા,
ભારત—બેડો પાર ઉતરવા,
હે શક્તિ ભગવાન !
ભર ભક્તિ બળવાન !
જય જયકાર ! જય જયકાર !

---

## ૭

## નિશાન ભૂમિ ભારતનું

નહિ નમશે નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું,
ભારતની એ ધર્મધજાનું, સાચવશું સન્માન–ભૂમિ૦
ઐક્ય તણો એ અમરપટો છે, મુક્તિનું વરદાન–ભૂમિ૦
ભારતમાતાના મંદિર પર એ શાંતિનું એધાણ–ભૂમિ૦
ચક્રસુદર્શનઅંકિત એ તો હિન્દી જનના પ્રાણ–ભૂમિ૦
અચળ અમારે આંગણ એ તો સ્વરાજ્યનું મંડાણ–ભૂમિ૦
સાચા હિન્દી શૂરાઓનું, એ છે વિજયસુકાન–ભૂમિ૦
નહિ નમશે નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું.

---

## ૮

## ભારત ભાગ્ય વિધાયક ઝંડો!

કેસરવર્ણી ઉષા પધારે તરુણ અરુણ આ જાગે,
ભારતભાગ્યવિધાયક ઝંડો નવચેતન પ્રગટાવે—
ઝીલવા વિશ્વ બધું આવે,
અંજલિ ભાવભીની લાવે!

ઉન્નત-શિર એ ઝંડો ફરકે ભારત ગગને આજે,
સ્વાધીનતાની ભવ્ય ઋચાઓ હૈયે એને ગાજે;
ફરકતો માતાને તાજે,
ત્રિરંગી ઝંડો એ રાજે.

આબુ વિંધ્ય હિમાચલથીયે ઊંચો ઝંડો મારો,
તાપી રેવા ગંગા જમના કૃષ્ણાથીયે પ્યારો;
પતિતને પાવન કરનારો,
શૌર્ય ને શ્રદ્ધા ભરનારો!

ઝંડા! કોટિક હૈયાં થડકે આજે તારે નામે,
તવ છાયામાં જુગજુગ કેરાં ઝેરો ડસિલાં વામે;
પ્રેરણા વિશ્વ નવી પામે,
ઊડે તું શહિદોને ધામે!

શ્વેત પ્રભામાં ઝંડા! તારી, ઉજ્વલ રંગે તારે,
અંધારાં ધોવાશે જગનાં, રમશે ભારત—દ્વારે;
પ્રજાઓ પૃથ્વીની આવી,
ધવલતા તારી સોહાવી.

હરિયાળી હીલોળા લેતી ધરતી સ્નિગ્ધ અમારી,
અદકી રાજે તવ છાયામાં—છાયા તવ હરિયાળી—
સદા યે લીલા તવ રંગે,
સુજનતા છલકાએ અંગે.

કેસરભીની શૌર્ય ટપકતી પ્રતિમા તારી સ્મરીને,
ભીષણ ભોગો દેતાં જોશું પાછું કદી ના ફરીને—

પૂજશું ચક્ર સદા તારું,
ત્રિભુવન—પ્રાણ સમું પ્યારું !
ઘેરા સૌ સાગરને, હૈયે, દુર્ગમ પર્વત ધારે,
હીલોળા લેતો તું ઊડશે, ચડશે તું નિત વ્હારે—
દલિત ને પીડિત જનતાની—
હોય તે પર કે પોતાની,
આશા ભરેલાં, ચેતનવન્તાં, તેજસ્વી નર—નારી,
કોટિક કોટિ ઊલટી કરશે ઝંડા ! રક્ષા તારી—
ઉષ્ણ નિજ લોહીના રંગે,
ખેલતાં મૃત્યુની સંગે !
હાથે, હૈયે, પ્રાણે ઝંડા ! ઉડજે તું નિત માથે !
કાયા પડતાં ચહું ના બીજું—છાયા તારી સાથે !
સુહૃદ ! નવજીવન તું ભરજે !
અમર ! તું જોમભર્યો ઉડજે !

---

## દેશધ્વજા

ધરીએ સૌ બાળ અમે દેશધ્વજા હાથમાં
ધ્વજા ધરીને અમે મજા કરીશું,
ગુલામગીરીને રજા દઈશું;
શેરી ને પોળ વિષે ફરીએ સૌ સાથમાં;
રમીએ સૌ બાળ લઈ દેશધ્વજા હાથમાં,
દેશની ધ્વજા એ તો ધર્મધ્વજા છે,
ધ્વજા નમે એ તો આપણ લજ્જા છે,
રાખીશું અણનમી રોજ એને બાથમાં;
નમીએ સૌ બાળ લઈ દેશધ્વજા હાથમાં.
કેસરી સફેદ ને લીલા ત્રિરંગની,
ફરફરશે રાતદિન માંડેલા જંગની;
સાતે સાગર ફરી ફરકે આકાશમાં;
ધરીએ સૌ બાળ અમે દેશધ્વજા હાથમાં.

---

# ૩

# સભાનાં ગીતો

## ૧

## વંદે માતરમ્

વંદે માતરમ્.

સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્,
શસ્યશ્યામલામ્ માતરમ્—વંદેમાતરમ્.
શુભ્રજ્યોત્સ્ના પુલકિતયામિનીમ્,
ફુલ્લકુસુમિતદ્રુમદલશોભિનીમ્.
સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્.
સુખદામ્ વરદામ્ માતરમ્
વંદે માતરમ્

---

## ૨

## જય હો !

જનગણમન અધિનાયક જય હે, ભારત–ભાગ્ય–વિધાતા !
પંજાબ સિન્ધ ગુજરાત મરાઠા, દ્રાવિડ ઉત્કલ બંગ
વિન્ધ્ય હિમાચલ જમુના ગંગા, ઉચ્છલ જલધિતરંગ
તવ શુભ નામે જાગે
તવ શુભ આશિષ માગે
ગાહે તવ જયગાથા
જનગણ–મંગલદાયક જય હે, ભારત–ભાગ્ય–વિધાતા !
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !
અહરહ તવ આહ્વાન પ્રચારિત સુનિ તવ ઉદાર વાણી
હિંદુ બૌદ્ધ શિખ જૈન પારસિક મુસલમાન ખ્રિસ્તાની

પૂરવ પશ્ચિમ આસે
તવ સિંહાસન પાસે
પ્રેમ હાર હોય ગાથા
જનગણ-ઐક્યવિધાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા !
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !
પતન-અભ્યુદય-બંધુર પંથા યુગ-યુગ-ધાવિત યાત્રી
હે ચિર સારથી ! તવ રથચક્રે મુખરિત પથ દિનરાત્રી
દારુણ વિપ્લવ માઝે
તવ શંખધ્વનિ બાજે
સંકટદુઃખત્રાતા
જનગણ-પથપરિચાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા !
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !
ઘોર ,તિમિરઘન નિવિડ નિશીથે પીડિત મૂર્છિત દેશે
જાગૃત છિલ તબ અવિચલ મંગલ નતનયને અનિમિષે
દુઃસ્વપ્ને આતંકે
રક્ષા કરિલે અંકે
સ્નેહમયી તુમી માતા
જનગણ-દુઃખત્રાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા !
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !
રાત્રિ પ્રભાતિલ ઉદિલ રવિચ્છબિ પૂર્વઉદયગિરિભાલે
ગાહે વિહંગમ પુણ્યસમીરણ નવજીવન રસ ઢાલે
તવ કરુણારુણ રાગે
નિદ્રિત ભારત જાગે
તવ ચરણે નત માથા

જય જય જય હે જય રાજેશ્વર, ભારત-ભાગ્ય-વિધાતા !
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !

---

૩

## અય માતૃભૂમિ તેરે

અય માતૃભૂમિ ! તેરે, ચરણોમેં શિર નમાવું,
મૈં ભક્તિભેટ અપની, તેરી શરણમેં લાઉં—ટેક૦
માથે પે તૂ હો ચંદન, છાતી પે તૂ હો માલા,
જિહ્વાપે ગીત તૂ હો, મૈં તેરા નામ ગાઉં—અય માતૃ૦
જીસસે સુપૂત ઉપજે, શ્રીરામકૃષ્ણ જૈસે,
ઉસ તેરી ધૂલિકો મૈં, નિજ શિશ પે ચઢાઉં—
—અય માતૃ૦

માની સમુદ્ર જિસકી, ધૂલિકા પાન કરકે,
કરતી હૈ માન તેરા, ઉસ પૈરકો મનાઉં—
—અય માતૃ૦

વે દેશ માન વાલે, ચઢ કર ઉતર ગયે સબ,
ગોરે રહે ન કાલે, તુઝકે હી એક પાઉં—
—અય માતૃ૦

સેવામેં તેરી સારે, ભેદોં કો ભૂલ જાઉં
વહપુણ્ય નામ તેરા, પ્રતિદિન સૂનું સૂનાઉં—
—અય માતૃ૦

તેરે હી કામ આઉં, તેરા હી મંત્ર ગાઉં,
મન ઔર દેહ તુઝપર, બલિદાન મૈં ચઢાઉં—
—અય માતૃ૦

---

૪

## જય જય ગરવી ગુજરાત

જય જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત!
દીપે અરુણું પરભાત—જય જય૦
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્યઅંકિત
તું ભણુવ ભણુવ નિજ સંતતિ સઉને, પ્રેમ ભક્તિની રીત.
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગવવી ગુજરાત.
ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
તે સોમનાથ ને દ્વારિકેશ એ પશ્ચિમ કેરા દેવ,
છે સહાય્યમાં સાક્ષાત
જય જય ગરવી ગુજરાત
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય
વળી જોય સુભટના જુદ્ધ રમણને રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર—
સંપે સોહે સહુ જાત,
જય જય ગરવી ગુજરાત
તે અણહીલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે વીતી ગઈ છે રાત.
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

૫

## જન્મ ભૂમિનું જય મંગળ

જય મંગળ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ
રઘુવીર સમ વિરલ વીર ભારતી સુભટ સુધીર,
ઉરસમુદ્રને હિમાલયે ઉછાળીએ—જય૦
જનની અંક ઝૂલીએ ઝનૂની રંગ ઝીલીએ,
આત્મબળ ઉજાસથી બધું ઉજાળીએ—જય૦
સત્ય અર્થ સજ્જ થાઓ વિજય વાવટો ઉડાઓ
વીર ધર્મથી ધરા સદા ધ્રુજાવીએ—જય૦
સત્યથી સચવાય સ્વત્વ સમજીએ થઈ પ્રવૃત્ત,
ઘૂમીએ ઝઝૂમી જંગ તો મચાવીએ—જય૦
ભૂતળ ફોડી ફેંડીએ ઊંડી જડો ઉખેડીએ,
દોર ને દમામ દેશનો જમાવીએ—જય૦
સ્થિતિ સમય સ્વીકારીએ પ્રવૃત્તિયત્ન યોજીએ,
જાતને સ્વદેશ કાજ કાં ન હોમીએ—જય૦
માત દીન દુભાય છે સપુત! પીડા પિછાનીએ,
દૂધ દીપાવીએ ઉમંગને વધાવીએ—જય૦
દેશસેવના સ્વધર્મ અન્ય ન કર્તવ્ય કરી,
આત્મ ભાવથી બધું પ્રભુમય પીછાનીએ—જય૦

## જય જય બોલો હિંદુસ્તાન

હર હર હર મહાદેવ પુકારો અલ્લાહો અકબર રહેમાન,
હિંદુ મોસલીમ એક થઈને જય જય બોલો હિંદુસ્તાન.
આ ભૂમિ આપણી દેશ આપણો એ પર જાન કરો કુરબાન,
ત્રીશ કોટિ ભારતના તનુજો જય જય બોલો હિંદુસ્તાન.
એક કુટુંબી ભાઈ આપણે માતા ભારતનાં સંતાન,
હિંદુ પારસી મુસલમાન સૌ જય જય બોલો હિંદુસ્તાન.

મંદિર ને મસ્જીદ બન્ને છે ઈશ્વર કેરાં ઊંચાં ધામ,
ભાઈભાઈમાં ભેદ ન હોયે જય જય બોલો હિંદુસ્તાન
દૈવી યુદ્ધે શાંત સૈનિકો સ્થૂળ બળનું હરવા અભિમાન,
સ્વાર્પણ કેરાં શસ્ત્ર સજીને જય જય બોલો હિંદુસ્તાન.
વિજયમાળ લઈ સ્વર્ગસુંદરી તત્પર છે કરવા સન્માન
માતૃવેદીમાં પ્રાણ અર્પીને જય જય બોલો હિંદુસ્તાન.
પુનઃ આપણી ભારત માતા જગમાં પામે ઊંચું સ્થાન,
વિશ્વ સકળની ધર્મ માત એ જય જય બોલો હિંદુસ્તાન.

૭

## ગાંધી તું

ગાંધી તું આજ હિન્દ કી એકશાન બન ગયા
સારી મનુષ્ય જાતિકા અભિમાન બન ગયા—ગાંધી.
તું સત્ય અહિંસા દયા નિઃસ્વાર્થ ત્યાગસે
ઇસ આજ મૃત્યુ લોગમેં ભગવાન બન ગયા—ગાંધી.
તેરા પ્રભાવ સાદગી હસ્તીકો દેખકર
દુશ્મન ભી બેઝબાં હો હયરાન બન ગયા—ગાંધી.
તું દોસ્ત હય હર કોમકા હર દિલ અઝીઝ હય
સારા જહાન તેરા કદરદાન બન ગયા—ગાંધી.
તેરી નસીહતોંમેં વહ જાદુકા અસર હય
જીસકો લગી હવા તેરી ઈન્સાન બન ગયા—ગાંધી.
ગો હિન્દ આજ ઊઠ ન સકે આયસે તગદીર
ફિર ભી સ્વરાજ્ય લેનેકા સામાન બન ગયા—ગાંધી.
ધિક્કાર હય માધવ હમેં ઇસ તેતીસ કોટિકો
તુજસા ફકીર જેલકા મહેમાન બન ગયા—ગાંધી.

૮

## કદી નથી હારવું

કદી નથી હારવું, હવે નથી હારવું—ટેક.
ભલે જાનમાલ જાય—કદી૦
કેદ આવ, ફાંસી આવે,
તોપ ને તલવાર આવે,
બોમ્બ ને બન્દૂક આવે—તોયે નથી.
જીતીને સ્વરાજ લેશું,
મરશું તો મુક્તિને વરશું,
ગુલામી ના વેઠશું—કદી૦
જૂઠા સામે સાચ ખેલે,
દાનવ સામે દેવ ખેલે,
એવો આ સંગ્રામ ખેલો—કદી૦
ઈશ્વરની આશીષ વરસે,
ભલે ના હથિયાર પાસે,
નિશ્ચે હવે જીત થાશે—કદી૦

---

૯

## કદિ નહીં હારના

કદિ નહીં હારના, ભાવે[૧] સાડી[૨] જાન જાવે,
અસી[૩] નહીં હારના, ભાવે સાડી જાન જાવે.
બિજલી તે અગ[૪] કોલોં[૫], પાની તુફાન કોલોં,
ન્હેરી[૬] ભુચાલ[૭] કોલોં—કદિ૦
તોપ તલવાર કોલોં, ગોલીયાંદિ માર કોલોં;
ખંડેદી[૮] ધાર કોલો—કદિ૦
કુર્કી[૯] નીલામી કોલોં સખ્ત કલામી કોલોં,
ફાંસી કાલે પાની કોલોં—કદિ૦

---

૧ ભલે ૨ આપણી ૩ આપણે ૪ આગ ૫ થી ૬ વંટોળિઓ ૭ ધરતીકંપ ૮ ખડગ ૯ જપ્તી.

દીન ઇમાન નાલ,[૧], ધર્મ જ્ઞાન નાલ
અર્દદી જબાન નાલ—કદિ૦

માંઝેદી[૨] જોર નાલ, માલવેદે[૩] શોર નાલ,
સોહણીયાંદે[૪] બોલ નાલ—કદિ૦

ધન્નો[૫]પોઠોહાર[૬] નાલ, સંકલીદી[૭] બાર નાલ;
ઝંગ સિયાલ નાલ—કદિ૦

રામ દે[૮] પ્યાર નાલ, શાંતિ શબર નાલ;
રબ્બ[૯] સચિયાર[૧૦] નાલ—કદિ૦

## ૧૦

## જાન જાય તો જાવા દેને

જાન જાય તો જાવા દેજે, ટેક ન ખોજે રે,
ટેક ન ખોજે ટેક ન ખોજે, ટેક ન ખોજે રે,
તેત્રીસ ક્રોડની ભારત માતા, મુક્તિયજ્ઞ પ્રગટાય.
જ્યારે મુક્તિયજ્ઞ પ્રગટાય.

હોમ થવાનો લ્હાવો લેવા, દોડાદોડી થાય,
નવ લોહિયા કૂદી કૂદી હોમાય.

ત્યારે મ્હોં વકાસી બાયલો થઈને, છેટો રહીને રે

અભાગી અળગો રહીને રે,
શૂરાના ખેલ ન જોજે રે—જાન જાય૦

---

૧ લીલાંઉથી વેચાણ ૨ બોલ ૩ ની સહાય લઇને ૪ અમૃતસરનો એક ભાગ ૫ લુધિયાના ૬ સુંદર સ્ત્રીપુરુષો ૭ જેલમ ૧૭ રાવલપિંડી ૮ આ નામનો પુરૂષ થઈ ગયો તેનો ઇલાકો ૯ નો ૧૦ ઇશ્વર સાચો.

રાક્ષસ હાથ પ્રચંડ ઉગામે, વીરનાં પાણી મપાય.
જ્યારે વીરનાં પાણી મપાય,
લડવૈયા શક્તિ ખરી પરખાય;
ધડધડ થાય ધડાકા લાઠીના, કાયર ભાગી જાય,
બીચારા કાયર ભાગી જાય.
ત્યારે આખાયે દળની મોખરે જાજે, જય જય ગાજેરે,
મોતથી ધાંધો ન થાજે રે.
હાય નથી હથિયાર મારાથી કેમ કરીને લડાય,
રણે તે કેમ કરીને પડાય.
એવું ન કહેજે આત્મબળે શૂરો, દેશ તારો લજવાય,
દેવોનો દેશ રૂડો ઝંખાય.
તારે કાજે આવ્યું દેવલોકથી, અહિંસાનું હથિયાર,
મરવાનો મંત્ર ધરીને રે
દુશ્મનનો પ્યાર કરીને રે—જાન૦

૧૧

## અમે ડરતા નથી

અમે ડરતા નથી હવે કોઇથી રે,
સદા ભજીએ ભલા ભગવાન. અમે૦
બીક રાખે મનુષ્યો બાયલા રે,
અમે બહાદૂર ને બળવાન. અમે૦
બીક રાખે હરામી ને આળસુ રે,
હાથપગમાં અમારું તાન. અમે૦
માર ખાશું નહિ અમે કોઈનો રે,
નહિ વેઠી લેશું અપમાન. અમે૦
છેતરાશું નહિ અમે કોઇથી રે,
રૂડી વિદ્યાથી આવશે ભાન. અમે૦
બાપુ ગાંધીના બોલ અમે પાળશું રે,
નથી રહેવું હવે હેવાન. અમે૦

---

## ૧૨
## લઈ આવો

તમે કહેશો અમો જેવા સિતમ કરનાર લઈ આવો.
અમો કહેશું અમો જેવા સિતમ સહેનાર લઈ આવો.
કહે છે જગત આખું કે હવે તો હદ થઈ ગઈ છે.
હજી જો હોય બાકી તો નવાં હથિયાર લઈ આવો.
પિસ્તોલો ભરી સહુએ બહુ ફરનાર જોયા છે.
માથું હાથમાં લઈ કોઈ તો ફરનાર લઈ આવો.
તમારી આ દવાથી દર્દ તો સામું વધી જાશે.
નવું છે દર્દ આ તેનો નવો ઉપચાર લઈ આવો.
નહિ તો જખ્મ પર શયદા થઈને છાંટવા માટે.
નિમકની મુઠ્ઠીઓ પહેલાં ભરી બે ચાર લઈ આવો.
ભલે ગૂજરાત ગાંડી છે અને ડાહ્યા તમે છો તો.
વલ્લભ વીર જેવો એક તો સરદાર લઈ આવો.
વળી આ બારડોલીનાં સહનશીલતા ધરા સાથે
મરી જયકાર કરનારાં વિરલ નરનાર લઈ આવો.

## ૧૩
## શૂરા જીતે સંગ્રામ

શૂરા જીતે સંગ્રામ—માથાં મેલીઃ
માથું આપે નાક ન આપે,
એ શૂરાનાં કામ—માથાં૦
લડવા ટાણે શૌર્ય બતાવે,
તુચ્છ ગણે ધનધામ—માથાં૦
ટેક .નિભાવે નામ ઉજાળે,
કાયા કરે કુરબાન—માથાં૦
હણવાનું તો નામ ન જાણે,
મરવા સાથે કામ—માથાં૦

૧૪

## મારો રેંટિયો

ધીરો ધીરો ચાલે રે,
મીઠો મીઠો ગાજે રે,
રૂડો મ્હારો રેંટિયો હો જી.

એ રેંટિયામાં દેશોદયના નીકળે તાર,
એ તારે તારે ભાળું ભારતનો ઉદ્ધાર.
ધીરો ધીરો ચાલે રે.

ત્રાક રૂડી, પંખા રૂડા, ઉજ્જવળ એનો નાદ,
ઉજ્જવળ પૂણી આપતી ઉજ્જવળ મારા હાથ,
દેશે મારા દેશને,
ઉજ્જવળ ઉજ્જવળ સાથ.

દુઃખો સહુ હરતો રે,
નિર્ભયપણે ફરતો રે.
રૂડો મારો રેંટિયો હો જી.

દયા, ક્ષમા ને દીનતા, ત્રણનો કાંત્યો તાર;
સુંદર રંગે શોભતો દે સુખ તેહ અપાર.
મમ દુઃખિયાનો દિલાસો રે,
વિપત્તિનો વિસામો રે,
રૂડો મારો રેંટિયો હો જી.

આ રેંટિયાથી નીપજે સુંદર ખાદી રાજ,
આ રાજે રાજે, સ્વરાજ્ય આવે છે પાસ;
ધીરો ધીરો ચાલે રે,
મીઠો મીઠો ગાજે રે,
રૂડો મારો રેંટિયો હો જી.

## ૧૫

## વહાલો રેંટિયો

સ્વતંત્રતાની સિદ્ધિરે, સ્વદેશ કેરી રિદ્ધિરે;
વહાલો મારો રેંટિયો હોજી.

જેના ગુંજનમાં રામ કેરાં નામ,
જીવનકેરી શક્તિરે, જન્મભૂમિની ભક્તિરે;
એ તો એક જ રેંટિયો હોજી.

શ્રદ્ધા ને એકાગ્રતા, સંયમ શક્તિ વિશેષ;
ધૈર્ય ચીવટ ને શાંતિના, આપે જે ગુણ એશ,
જડને ચેતન કરતો રે;
વાલો મારો રેંટિયો હોજી—સ્વતંત્રતાની.

પરદેશી પરતંત્રતા, તોડે પળની માંહ્ય;
દે આર્થિક સ્વતંત્રતા, શીળી સુખની છાંય.
નિર્ધનિયાનો બેલીરે;
એ તો એક જ રેંટિયો હોજી.
સ્વતંત્રતાની.

સૂતર કેરે તાંતણે, સહેજે મળે સ્વરાજ;
જેના બળથી હિંદના સુધરે સઘળાં કાજ.
રૂપાળો રઢિયાળોરે.
વહાલો મારો રેંટીયો હોજી—સ્વતંત્રતાની.

સુદર્શન ચક્કર સમું સર્વ શક્તિનું પૂર,
જેમાં ગૂઢરીતે ભર્યું સો સૂરજનું નૂર;
એવો પ્રૌઢ પ્રતાપીરે:
વહાલો મારો રેંટિયો હોજી—સ્વતંત્રતાની.

સ્ત્રીકેરા શિયળની રક્ષાનો કરનાર.
યોદ્ધાને અવકાશમાં. છે શાંતિ દેનાર

એવો અમાપ ગુણિયલરે.

એ તો એક જ રેંટિયો હોજી.

સ્વતંત્રતાની સિદ્ધિરે, સ્વદેશ કેરી રિદ્ધિરે.

વહાલો મારો રેંટિયો હોજી.

---

૧૬

## ગાંધીનું શરણુ

ગાંધીને શરણે આવો રે, અવસર છે છેલ્લો.
તેના તે ગુણ તમે ગાવો રે, અવસર છે છેલ્લો.
દારૂને છોડી,
તાડીને છોડી,
રેંટિયો પકડી લેજો રે, અવસર છે છેલ્લો.
માંસને છોડી,
મચ્છીને છોડી,
સૂતરને તાંતણે લેજો રે, અવસર છે છેલ્લો.
ડાકણને છોડી,
ભૂતડાંને છોડી,
રામજીને માની લેજોરે, અવસર છે છેલ્લો.
પરદેશી છોડી,
વિલાયતી છોડી,
ખાદીને હેત ધરી લેજો રે, અવસર છે છેલ્લો.

---

## ૧૭
## વસ્ત્રો વિદેશી પહેરવાં બંધ કરો

વસ્ત્રો વિદેશી પહેરવાં બંધ કરો,
ખાદી ખરબચડી હવે અંગ ધરો.
દાટ વાળ્યો દેશનો, પૈસાની બરબાદી કરી,
લક્ષ્મી લૂંટાવી હિંદની, પરદેશીનાં ખિસ્સાં ભરી,
જાગ્યા ત્યાંથી હવે તો સવાર ગણો— વસ્ત્રો૦ ૧
રોજી ગરીબોની ગઈ ઉદ્યોગ ધંધા આથમ્યા,
ભૂખ દુઃખ કેરા ત્રાસથી બેહાલ બાંધવ થઈ ગયા.
એવા દીનબંધુની હવે વહાર કરો— વસ્ત્રો૦ ૨
વેપારીઓ વેપાર છોડો દેશદ્રોહી ના બનો;
એ લોહીના વેપારને તિલાંજલિ તત્પર દિયો–
છોડી ગુલામી સાચા સપૂત બનો— વસ્ત્રો૦ ૩
આ મંત્ર બાપુજી તણો નોકરશાહીને નમાવશે,
ગુમાન ગોરાનું ઉતરશે, બેકાર બહુએ થઇ જશે.
મહાત્માજીના મનોરથ સિદ્ધ કરો— વસ્ત્રો૦ ૪

---

## ૧૮
## દારૂનાં બાણ

દારૂનાં બાણ વાગ્યાં હોય તે જાણે,
પેલો પીએ નહીં તે શું પિછાણે—દારૂનાં૦
પીધો તેને વાગ્યાં પાયો તેને વાગ્યાં, પરોણાને વાગ્યાં પરાણે,
પીઠામાં વાગ્યાં તેને પડી ગયો માવરો, ખૂણે વાગ્યાં તે ખૂટ્યા નાણે–દારૂનાં૦
દાશીનાં વાગ્યાં, ને બેવડાનાં વાગ્યાં, બ્રાંડીનાં બાણ જોર આણે,
પીઠાવાળાની પેલી પીપમાંથી વાગ્યાં ઘેરે ગાળ્યાં તે ઘંટી તાણે–દારૂનાં૦
વાગી વાગીને ભલા વીંધાયાં કાળજાં, મરતાં કમોતે કોક ટાણે,
પીશો નહિ તો પીઠાવાળાને વાગતાં, ઠરીને બેસશે ઠેકાણે—દારૂનાં૦

૧૯

## સારો તું ન કેહે લાગે ?

દારૂ છોડી દેજે ઓ જીવરા, સારો તું ન કેહે લાગે ?
પીતા માંય જાય બગડી ડીલ રા, સારો તું ન કેહે લાગે ?
રાહી બાંડી ને એવડો ફૂલ રા, સારો તું ન કેહે લાગે ?
ખૂબ પીનારા હોઈ ગિયા ડુલ રા, સારો તું ન કેહે લાગે ?
પયહા દેઇને દારૂ પીએ હેર રા, સારો તું ન કેહે લાગે ?
જાય બગડી લોઇ દારૂ હોય ઝેર રા, સારો તું ન કેહે લાગે ?
ખેત્યેવાળાહા ખેતી જાય ધૂળરા, સારો તું ન કેહે લાગે ?
હમજી લેજે આતી તેરૂ ભૂલ રા, સારો તું ન કેહે લાગે ?
દારૂ પીનારા કદિ નાઈ સુખ રા, સારો તું ન કેહે લાગે ?
હમજો કઅઈ રય દારવા આરે દુ:ખરા, સારો તું ન કેહે લાગે ?
રાજા લોકે ગીયો ચાલી રાજ રા, સારો તું ન કેહે લાગે ?
મોઠ મોઠા મેવસ્યા ગુઇ લાજ રા, સારો તું ન કેહે લાગે ?
અહડી અહડી દારૂવા માથાફોડ રા, સારો તું ન કેહે લાગે ?
યુવક આખે છોડ દારૂ છોડ રા, સારો તું ન કેહે લાગે ?

---

૨૦

## દારૂ તું છોડી દેને રે !

દારૂએ ઊંધું માર્યું દારૂડિયા,
દારૂ તું છોડી દેને રે !
તાડી તું છોડી દેને રે ! દારૂએ૦
જમીન જમીન વેચી ખાધી, (૨)
ખાતું તો વ્યાજ માહીં ડોલ્યું દારૂડિયા ! દારૂએ૦
હળ બળ વેચી ખાધાં, (૨)
બળદ તો વ્યાજમાંહી ડોલ્યા દારૂડિયા ! દારૂએ૦

ગાદ્લી બાદ્લી વેચી ખાધી, (૨)
જૂસરી તો વ્યાજમાં ડોલી દારૂડિયા! દારૂએ૦
છાપરી બાપરી વેચી ખાધી, (૨)
પોયરાં તો વ્યાજમાં ડોલ્યાં દારૂડિયા! દારૂએ૦
પોલીસે વેઠમાં પકડયો દારૂડિયા!
પૈહામાં ટપલાં મળ્યા, (૨)
વ્યાજમાં તો ભૂંડી ગાળો દારૂડિયા! દારૂએ૦
કલાલની ચાકરીમાં ચાલ્યો દારૂડિયા!
ધણી મટી તે ઢોર બન્યો, (૨)
દારૂએ ધાણ તો વાળ્યો દારૂડિયા! દારૂએ૦

---

## ૨૧

## દુઉઉ દુઉઉ જાજે દારૂ

દુઉઉ દુઉઉ જાજે દારૂ,
માયા ધરામાંય રખે રા!
પેલસે પેલસે જાજે દારૂ,
માયા ધરમાંય રખે રા!
આબદા વેઠી તું એથી ભારી,
મઅયેં વગર મોતે રા!
તું નાંઈ ઓય તો આમ્હે જો દેશમાંય,
આમ્હાં સુખમાંય રો'તે રા! દુઉઉ૦
માહાં ને લોઇ ચુહીજ લેદં,
હાડકેં ને ચામડેં રયેં દા!
આમી તેરુ જાતો તું રઅજે,
દુઃખી જીવતર કઅયોં રા! દુઉઉ૦

કાળો મૂં કબજે, વળી મા એઅતો,
રખે તું ચેતો પાછો રા!
સલામી છેલ્લી કઅઇ તુંને દેંની,
આમી મા ચેતો પાછો રા! દુ૭૭૦

૨૨

## આઘે આઘે જાજે દારૂ

આઘે આઘે જાજે દારૂ,
આમણે ઘરમાંય રખે રા.
આઘે આઘે જાજે તાડી,
આમણે ઘરમાંય રખે રા.
આમણે ઘરમાં તું આવનો,
આવીને લઇને નાઠો રા. આઘે૦
ખાવાના લેય ગો આબરૂ લેય ગો,
લેય ગો ડીલાય ચીંથરાં રા. આઘે૦
અકકાલ લેય ગો, શક્તિ લેય ગો,
રંવદેંધેં હાડકેંને ચામડેં રા. આઘે૦
તુણેજ ઘેનમાં કાંઈ નાય હુંજે,
ખેતી જાય બધી રેવડી રા. આઘે૦
બાંહ ડીઅરો જુદા રાખે,
અહો તું કટ્ટો દુશ્મન રા. આઘે૦
છતે જીવતે મારીજ લાખો,
અહો તું મોટો દુશ્મન રા. આઘે૦
તું જો આઘો નાહીજ જાય તો,
આમું રંવ બધે સુખી રા. આઘે૦
આઘો તાથો આઘોજ નાહીં,
ફીરી રખે પાછો એરે રા. આઘે૦

## ૨૩
## પીઠાનું પારખું

પીઠાનું પારખું જુઓ મારા ભાઈ,
ડાહ્યા નર ફરે દીવાના થઈ.
એ ચાર ભાઇબંધ ટોળે મળીને,
ગયા પીઠાની મહીં.
કલાલ કહે તમે કયાં રે ગયા'તા,
આવોને મારા ભાઇ.
એક પ્યાલીએ ને બીજી પ્યાલીએ,
અગમની વાતો થઇ,
ત્રીજી પ્યાલીએ ને ચોથી પ્યાલીએ,
પડયા ગટરની માંહી. પીઠાનું૦
દારૂની ઘેનમાં લવતાં લવતાં
મારંમારા થઇ,
પોલીસવાળાની નજરે પડયા ત્યારે
લઇ ગયા ગેટની માંહી. પીઠાનું૦
એક ભાઇબંધ જ્યારે નાસીને આવ્યો
પૂછવા લાગી એની બાઇ,
કલિયાં આપો ને હાંસડી આપો
છોડવી લાવું મારો ભાઈ. પીઠાનું૦
જણસો વેચીને વકીલ કર્યો પણ
એનું વળ્યું ના કાંઇ,
ભાઇબંધ પહોંચ્યા સાબરમતી ને
બૈરી બીજાને ગઇ. પીઠાનું૦
વલ્લભ વીરા એમ કરી કહે છે
દારૂ પીશો ના કોઇ,
દારૂ પીનારા બેહાલ થયેલા
નજરે જોયા મારા ભાઈ પીઠાનું૦

## ૨૪
## છાકટાની દુર્દશા.

છાકટો રૂવે દીહી ને રાત, કરજે દારવે ફોલી ખાત
દો ખાવટી, વ્યાજ પાવલી, બમણો બીઆરો લેય;
પાછેં કોહે નાઈ તું નાગો, જાતે દેખલાં હોય. છાકટો૦
મફતનો ગાડો, ફોકટમાંય બલધેં, માલ બી નમતો જાય,
ભાવમાય છેતરે. પાછેં તું કેસરે, સુખે બહીને ખાય? છાકટો૦
કમારા* રોજના હળબી જોડના, અહડાં દારૂ નાઈ દેવ,
રૂપિયા ઉધાર પીધો જો દારૂ, લખાણમાંય બમણો લેય. છાકટો૦
લાકડં છાણેં લઇ જાય દેયને, પયલો કરવો કામ,
પાછે કામ ઘર્યેં× કઅનો તાઆંય ડૂબ્યો નાવ. છાકટો૦

## ૨૫
## પૂતના માને વિદાય

જુગ જુગ તમને સેવિયાં મારાં પૂતના મા!
તમે ઝેર હળાહળ ઘોળિયાં, મારાં પૂતના મા!
રગે રગે ઝેર વ્યાપિયાં, મારાં પૂતના મા!
બળ બુદ્ધિ સહુ ભાંગિયાં, મારાં પૂતના મા!
રહ્યું શરીર હવે હાડનું, મારાં પૂતના મા!
તમે ચૂસ્યું રુધિર અમ બાળનું, મારાં પૂતના મા!
દેહ દોલત સહુ વેચી, મારાં પૂતના મા!
હવે મરણ કાંઠડે પહોંચી, મારાં પૂતના મા!
ભાગ્યાં કંઈનાં હાડને, મારાં પૂતના મા!
કંઇ પહોંચ્યા જમને બારણે, મારાં પૂતના મા!
પાયે તમને લાગીએ, મારાં પૂતના મા!
હવે વિદાય તમારી માગીએ, મારાં પૂતના મા!
આવ્યો કનૈયો જાણી, મારાં પૂતના મા!
અરે ભાગો મોત તો આવી, મારાં પૂતના મા!

* મજૂર × ઘરનું

૨૬

## હરિનો મારગ

હરિનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી,
વળતી લેવું નામ જોને.
સુત વિત દારા શીશ સમરપે,
તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા,
માંહી પડયા મરજીવા જોને.
મરણ આગળે તે ભરે મૂઠી,
દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભા જુએ તમાસા,
તે કોડી નવ પામે જોને
પ્રેમપંથ પાવકની જ્વાળા,
ભાળી પાછા ભાગે જોને;
માંહી પડયા તે મહાસુખ માણે,
દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ,
સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા,
મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતામાતા,
પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા.
તે રજનિદન નિરખે જોને.

૨૭

## કૂખને દીપાવજે

સાચો શહીદ બની ખેલજે હો વીર !
માતાની કૂખને દીપાવજે.

બાપુના વેણ મા ઉથાપજે હો વીર !
માતાની કૂખને દીપાવજે.

ભારતનો જોગી ઝુઝે સાગરને કાંઠડે;
હાકલે ચેતના જગાવજે હો વીર !
માતાની કૂખને દીપાવજે.

ખાદીના વાઘા ટોપ ખાદી સજાવશે;
સુદર્શન ચક્રે ચઢાવજે હો વીર !
માતાની કૂખને દીપાવજે.

અહિંસાનો જાપ જીભે શાન્તિ ઉર ધારજે;
સત્ય શર શત્રુને હઠાવશે હો વીર !
માતાની કૂખને દીપાવજે.

સૈનિક બની તું વીર મોખરે ધપાવજે;
જંજીરે જડાતાં મા હારજે હો વીર !
માતાની કૂખને દીપાવજે.

તાપે તપાવે ઘોમ ધીખે ધખાવશે;
તાપ ફૂટે આંસુ મા રેલાવજે હો વીર !
માતાની કૂખને દીપાવજે.

માનવની નેક એક, જીવની ટેક એક;
મરણાન્તે વીર તું નિભાવજે હો વીર !
માતાની કૂખને દીપાવજે.

૨૮

**ધૂન**

રઘુપતિ રાઘવ રાજા રામ પતિતપાવન સીતારામ.

× × ×

રાજા રામ રામ રામ સીતા રામ રામ રામ.

× × ×

રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાનકી.

રાધા કૃષ્ણ જય કુંજ વિહારી

મોરલીધર ગોવર્ધનધારી.

× × ×

રામ રાઘવકી જય, શ્યામ સુંદરકી જય.

બોલો ભારત મૈયાકી જય જય જય.

× × ×

રામ રહીમકી જય! ભારત મૈયાકી જય.

બોલો રાષ્ટ્રીય ધ્વજકી જય જય જય જય.

× × ×

માથું મેલો સાચવવા સાચી ટેકને રે;

સાચી ટેકને રે, સાચી ટેકને રે–માથું.

*

ડંકા વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે;
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે.–ડંકા.

*

સત્યાગ્રહીઓ સરકારી સત્તા તોડશે રે;
સત્તા તોડશે રે, નામ ઉજાળશે રે–સત્યાગ્રહીઓ.

*

સોનું સોંઘું, પ્રતિજ્ઞા મોંઘી ખૂબ છે રે;
મોંઘી ખૂબ છે રે, મોંઘી ખૂબ છે રે–સોનું.

---

× × ×

મહાસભાને નામે આજ, વસ્ત્ર વિદેશી કરો હરામ.
ગાંધીજીને નામે આજ ,, ,,
જવાહીરને નામે આજ ,, ,,
જેલવાસીને નામે આજ ,, ,,
સ્વતંત્રતાને નામે આજ ,, ,,

× × ×

કાપડ પરદેશી હરામ વસ્તુ વિદેશી હરામ;
ગુલામીને અમારા રામ રામ રામ.

× × ×

---

**ધૂન.**

હિંમત રાખી દારૂ ને તાડી છોડજો રે !
તાડી છોડજો રે, દારૂ છોડજો રે !
હિંમત રાખી,
હાં હાં રે હિંમત રાખી
હાં હાં રે હિંમત રાખી
દારૂ ને તાડી છોડજો રે ! હિંમત૦

## ૪
# સરઘસનાં ગીતો

## ૧
## આમાર દેશ

હિંદ આમાર, જનની આમાર, ધાત્રી આમાર, આમાર દેશ,
કેનો ગો મા તોર શુષ્ક નયન, કેન ગો મા તોર રુક્ષ કેશ !
કેનો ગો મા તોર ધુલાય આસન, કેન ગો મા તોર મલિન એશ !
(કોરસ)
કિસેર દુઃખ કિસેર દૈન્ય, કિસેર લજ્જા, કિસેર ક્લેશ !
ત્રીસ કોટિ મિલિત કંઠે, ડાકે ઉચ્ચે આમાર દેશ !
ઉદિલો જેખાને બુદ્ધ–આત્મા, મુક્ત કરી તે મોક્ષ દ્વાર,
આજિ ઓ જુડિયા અર્ધજગત, ભક્તિપ્રણુત ચરણે તાર.
અશોક જાહાર કીર્તિ છાઇલો, ગાન્ધાર હોને જલધિશેષ.
તુ ઇતિ ના મા ગો તાદેર જનની, તુઇતિ ના મા ગો તાદેર દેશ !
(કોરસ) કિસેર દુઃખ–(ઇત્યાદિ)
એકદા જાહાર બિજય–સેનાની, હેલાય લંકા કરિલો જય,
એકદા જાહાર અર્ણવપોત, ભમિલો ભારત સાગરમય;
સન્તાન જાર તિબ્બત ચીન, જાપાને ગઠિલો ઉપનિવેશ,
તાર સાજે ગો ધુલાય આસન, તાર કિ સાજે ગો છિન્ન એશ,
(કોરસ) કિસેર દુ;ખ–(ઇત્યાદિ)
જદિઓ મા તોર દિવ્ય આલોક, ઘેરે આછે આજિ આંધાર ઘોર,
કેટે જાબે મેઘ, નબીન ગરિમા, ભાતિબે આબાર લલાટે તોર;
આમરા ઘુચાબો મા તોર કાલિમા, માનુષ આમરા નહિ શો મેષ,
દેબી આમાર, સાધના આમાર. સ્વર્ગ આમાર, આમાર દેશ !
(કોરસ) કિસેર દુઃખ–(ઇત્યાદિ).

૨

## પ્રાણથી પ્યારો દેશ.

ભારત મારી, માવડી મારી,
ધારણહાર સ્વદેશ,
જનમ વારું લાખ જો તારો,
એક હાલે મા ! કેશ.
રોઈ રોઈ નેણુનાં તારે,
શીદ સૂકવવાં નીર ?
શીદને તારા કેશ વીંખાયેલ ?
શીદ મા ! મેલાં ચીર ?
શીદ મા ! તારે ધૂળનાં બેસણાં ?
શીદને મુખડું મ્લાન ?
તેત્રીસ કોટિ સુત છે તારે,
પાથરનારા પ્રાણ.
શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ! ઓછું લઈએ ?
લાજ તે તારે માવડી ! શાને ?
શાને અંતર કલેશ ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને,
ગાજીએ " જય સ્વદેશ—
તું પ્રાણથી પ્યારો દેશ."

: ૨ :

બુદ્ધ દેવે જ્યાં પ્રગટીને મા !
ખોલ્યાં મુક્તિનાં દ્વાર.
આજેય જેના નામને નમતો,
ભક્તિથી અંધ સંસાર.

કાબુલથી તે સાગર સુધી,
જેહની જશસુગંધ,
છાઇ ગયો એક કાળ અશોક શો,
ગરવો રાજવી સન્ત,

એવાની શું તું ન જનેતા ?
નથી એ શું તારા બેટા ?
એ સરવેની તું જ તું માતા !
પ્રાણથી પ્યારો દેશ.

શાનું તારે દૂખડું હૈયે ?
શાને મા ! ઓછું લઇએ ?
લાજ તે તારે માવડી ! શાને ?
શાને અન્તર ક્લેશ ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને,
ગાજીયે " જય સ્વદેશ–
તું પ્રાણથી પ્યારો દેશ. "

: ૩ :

રામ સમાણા સુત મા ! તારે,
લીધ લીલામાં લંક;
એક સમે સાત સાગરને તુજ,
ખેડતાં નાવ નિઃશંક.

જાપાન ચીન તિબેટમાં તારાં,
કરતાં બાળ વહેવાર;
કોની રે કોની માય ! તું માતા ?
કોણ તારો પરિવાર ?
શીદ મા ! તારે ધૂળના બેસણાં !
શીદ મા ! આવા રૂપ જ દામણાં ?

શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ઓછું લઈએ ?

લાજ તે તારે માવડી ! શાને ?
શાને અન્તર ક્લેશ ?
તેત્રીસ તીરાં ક્રોડ મળીને,
ગાજીએ " જય સ્વદેશ—
તું પ્રાણથી પ્યારો દેશ."

: ૪ :

કાનજી કેરી બંસરીનો જ્યાં
સૂર મધુર સુણાય,
વ્યાસ ભણે જ્યાં જ્ઞાનની ગીતા ને
તુલસી હરિગુણ ગાય.

પ્રતાપ ને શિવ રે રાયા,
ધર્મની વહારે ધાયા:
એહ બધાના દેહ જ્યાં પાક્યા,
તે જ શું તું નહિ દેશ ?

નામ એ સૌનાં કંઇક ઉજાળીએ,
માત ! દે એહ આશિષ.

શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ! ઓછું લઇએ ?

લાજ તે તારે માવડી ! શાને ?
શાને જ અન્તર ક્લેશ !
તેત્રીસ તારાં ક્રોડ મળીને,
ગાજીએ " જય સ્વદેશ—
તું પ્રાણથી પ્યારો દેશ."

: ૫ :

આજે તો મા ! તારી દિવ્ય પ્રભા
ઘેરાઇ ઘોર અંધાર.
વીખરાશે એ વાદળાં ખીલશે
તેજના ભાલ અંબાર.
માડી ! તારું જગવગોણું
ઉથાપીશું નીચાજોણું.
માનવી છૈયે માડી ! અમે નથી
મેઢાં માનવ વેષ,
દેવી તું મારી, સાધના મારી,
સ્વર્ગ તે તું જ સ્વદેશ.
શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ! ઓછું લઇએ ?
લાજ તે તારે માવડી ! શાને
શાને અન્તર ક્લેશ ?
તૈત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીએ "જય સ્વદેશ—
તું પ્રાણથી પ્યારો દેશ.

——o——

## ૩
## અમે હિંદી હિંદી હિંદી

અમે ભરત ભૂમિના પુત્રો અમ માત પુરાણ પવિત્ર,
રે જેનાં સુંદર સૂત્રો ઝળકાવે ઉચ્ચ ચરિત્ર.
અમ અંતરને ઉદ્દેશી કરશું હોકાર હમેશ,
અમે હિંદી હિંદી હિંદી છે હિંદ અમારો દેશ.
અંધાર વિષે અથડાતાં કે ફરતાં નિત્ય પ્રકાશ.
પડતાં રડતાં રગડાતાં કે કરતાં હાસ્ય વિલાસ;

પળ પળ અમ ઉરનિધિએ શી હા ઊછળે ઊર્મિ અશેષ.
અમે હિંદી હિંદી હિંદી છે હિંદ અમારો દેશ.
ક્યાં હશે હિમાલય જેવો, ક્યાં પુણ્ય પવિત્ર જ ગંગ,
ક્યાં મળે અલૌકિક એવા સહુ દેશતણા બહુ રંગ.
ક્યાં મુનિ ઇશ્વરથી બેશી કરતા પ્રભુપંથ ઉપદેશ,
અમે હિંદી હિંદી હિંદી છે હિંદ અમારો દેશ.
ક્યાં રામ યુધિષ્ઠિર ઘૂમ્યા ક્યાં ગર્જ્યા અર્જુન ભીમ,
ક્યાં રજપુતવીર ઝઝૂમ્યા બળ દાખવવા અસીમ.
રે ભૂલીએ તે રીતે શી અમ અંતરથી લવલેશ,
અમે હિંદી હિંદી હિંદી છે હિંદ અમારો દેશ.
નથી રે જીવવું પરઆશે છે પારકી આશ નિરાશ,
નથી કર ધરવો કો પાસે સ્વાશ્રયનો છે ઉલ્લાસ.
કંઈ પુણ્ય પ્રભા જ પ્રવેશી અહીં દે અમને ઉપદેશ,
અમે હિંદી હિંદી હિંદી છે હિંદ અમારો દેશ.
ધમ ધમ ધરતી ધ્રૂજવશું અમ દેશતણાં કરી ગાન,
જય જય જય નાદ કરીશું દઈશું મોઘા અમ પ્રાણ.
એ ભક્તિ વશી ઉર તે શી દેજો શક્તિ પરમેશ,
અમે હિંદી હિંદી હિંદી છે હિંદ અમારો દેશ.

૪

## આઝાદીની તમન્ના

યે શિર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે;
યે જાન ફના હો જાવે, પર આઝાદી ઘર આવે.
જો આગે કદમ ઉઠાયા. વો અબ નહીં હઠને વાલા,
જો યકીન અપને પાયા, વો કભી નહીં રૂકને વાલા.
યે નવજવાનોંકી સેના, અબ નહીં હઠને વાલી;

યે નવજવાનોં કી સેના, અબ નહીં રુકને વાલી.
હમ ખુની જિગર કે પ્યાલે, દુશ્મન કો પિલાને વાલે,
હમ નહિ હૈ બુઝદિલ આદમ, હમ કહા સો કરને વાલે.
અય ગર્દન ઊંચે ઉઠાઈ, નહિ જુલ્મો સે ઝુકને વાલી;
અય સિતમકે કરને વાલે, ચલ બંદુક જલ્દી ઉઠા લે.
હમ ખડે હૈ ધરકે સીના. અય! ગોલિ ચલાને વાલે;
ચલ બતા દે તાકાત તેરી, અબ હમ નહિ હઠને વાલે.
હમ મરેંગે લડતે લડતે, નહિ લડાઈ મરને વાલી;
મયદાન ન હોગા ખાલી, જબતક ન હો ખુશ હાલી.
અય મંજૂર હમે હૈ મરના, ચલ અપના સાજ સજા લે;
ચલ બતા દે તાકાત તેરી. અબ હમ નહિ થકને વાલે.

---

૫

## હમારા દે દે હિંદુસ્તાન

અબ તો લે લે શીશકા દાન,
હમારા દે દે હિંદુસ્તાન.
હમ હય હિન્દી હિન્દ હમારા,
તન મન્ન ધન કુરબાન.
હિન્દ કો હમ આઝાદ કરેંગે,
અબ હમ નહિ નાદાન.
હિન્દકા જો કોઈ મિત્ર બને,
વોહ શોખશે રહે મહેમાન.
જોર જુલમ નહીં ચલે કિસીકા,
ચલે અદલ ફરમાન.
હમ હય અહિંસાવાદી,
હમ તો સતપે દેંગે જાન.

આપ મરે કોઇકો નહિ મારે,
ચાહે ભયે ધમસાન.
હિન્દુ મુસલમાન પારસી મિલકર,
ધરે હિન્દકા ધ્યાન.
દાસ સત્તાર નર નારી.
ખૂબ બને ગુલતાન.

૬

## શૂરવીર આવજો

શૂરવીર આવજો રે હો રણમાં,
ઉત્સાહ ચેતન ભરજો તનમાં—શૂરવીર.
ગજ ગજ કૂદજો રે હો કોડે,
બલિદાન દેજો જાતના જોરે—શૂરવીર.
કરજો કેસરિયાં રે હો હરખે,
પ્રભુ છે ઊભા પોતે પડખે—શૂરવીર.
કાયર ભાગજો રે હો વનમાં,
ભય જો લાગે મોતનો મનમાં—શૂરવીર.
અવસર આવ્યો રે હો તરવા,
નિશ્ચય કરજો જીતવા કે મરવા—શુરવીર.
ઝંડો સતનો હો ફરકાવો,
શાન્તિ પાળો સ્વરાજ ઘેર લાવો—શૂરવીર.
ડંકો વાગ્યો રે હો વહાલા,
યુવક ધાજો રણ મતવાલા—શૂરવીર.

૭

## આઝાદી જંગ

યુવકો ઝુકાવજો રે, ભારત આઝાદી જંગમાં
લાજે યુવાની ઘરમાં ભરાયે,
આવી ઝુકાવો જંગમાં—યુવકો૦
લાજે યુવાની કાયર બન્યાથી,
ખેલો શૂરા સંગ્રામમાં—યુવકો૦
દીપે યુવાની માથું મેલ્યાથી,
ભરતી થાઓ રણરંગમાં—યુવકો૦
કરી કેસરિયાં માંડોને મોરચા,
ભારત આઝાદી જંગમાં—યુવકો૦

૮

## સૈનિક બનીને ચાલો

યુવાનો ઓ હિંદના સૈનિક બનીને ચાલો,
યુવતી ઓ હિંદની, કેસરિયાં કરીને ચાલો—યુવાનો૦
સંતાનો સૌ હિંદના મર્દો બનીને મહાલો,
મર્દો જેવા મર્દો થઈને ઘરખૂણો શે ખોળો ?—યુવાનો૦
વીરમગામના અત્યાચારો, ધરાસણાના લાઠીમારો,
પેશાવરના ગોળીબારો સંભારીને ચાલો—યુવાનો૦
ધોળે દહાડે આવે ધાડો, સ્ત્રીજન ઉપર લાઠી લાતો,
ગુલામીથી છૂટવા સૈનિક બનીને ચાલો—યુવાનો૦
હિન્દુ મુસલમાન પારસી સૌ એક સાથે ચાલો,
આઝાદ કરવા હિન્દને સૌ રાષ્ટ્રધ્વજ ફરકાવો—યુવાનો૦

૯

## જાગો વીરા

જાગો વીરા ઓ જાગો,
સૂણી રણઝણતા રણનાદ.
થઈ સજ્જ સહુ ઝુકાવ,
કરવા ભારત આઝાદ.
ચાલો ચાલો ઝટ ચાલો,
કરી દુશ્મનને પડકાર,
નિજ ભારતભૂમિનો જગમાં.
વરતાવો જય જયકાર ! ૧
સત્ય અહિંસા, શાન્તિ,
અભેદ્ય થશે હથિયાર,
બુઠ્ઠાં બનશે દુશ્મનનાં
તીર, તોપ તથા તલવાર;
કરી કેસરિયાં સહુ ચાલો,
જંગે મહાલો નરનાર.
નિજ ભારત ભૂમિનો જગમાં,
વરતાવો જય જયકાર ! ૨
ભારતની ઉન્નતિ અર્થે,
સહુ મોહ વિદેશી છોડો,
ભારતની મુક્તિ માટે,
જુલમી સત્તાને તોડો;
વળી ધીર ધરી ધ્રૂજાવો,
આ સરકાર,
નિજ ભારતભૂમિના જગમાં,
વરતાવો જય જયકાર । ૩
અવસર અણમૂલ જો જાશે,

આઝાદ શી રીત થવાશે ?
સૈકાં કૈં વીતી જાશે,
નહિ તો ય કદી ઊઠાશે;
જંગે ઝુકાવો જલ્દી,
તજી દો ડર સૌ આવાર,
નિજ ભારત ભૂમિનો જગમાં,
વરતાવો જય જયકાર !

---

૧૦

## હાકલ

ગોરાની અહો ગુલામી,
મા ભારતની બદનામી,
જડ દોઢ સદીની જામી.
એ હરવા છો તૈયાર ?
તૈયાર—તૈયાર—તૈયાર,
—તો—
તો કોલેજોનાં મૂળો-
માં મેલો બળતો પૂળો
યુવકો અવસર ના ભૂલો,
થઈ જાઓ હુશિયાર !
(લોકો) હુશિયાર–હુશિયાર–હુશિયાર !
ને સેજ સૂંવાળી છોડો,
સંગાથ સગાંનો તોડો,
સૈનિક થવા સૌ દોડો !
થઇ જાઓ હુશિયાર.
(લોકો) હુશિયાર–હુશિયાર–હુશિયાર !

ને ઝટઝટ ભરજો જેલો,
આ ખરાખરીના ખેલો,
થઈ જાઓ હુશિયાર.
(લોકો) હુશિયાર–હુશિયાર–હુશિયાર !
જો ચાહો તમે આઝાદી,
મા ભારતની આબાદી,
સંભારો બાપુ ગાંધી ?
અનુસરવા સૌ તૈયાર ?
(લોકો) તૈયાર તૈયાર તૈયાર !

---તો—

તો સત્યાગ્રહ સંભાળો,
વ્રત પૂર્ણ અહિંસા પાળો,
સહકાર પાપનો ટાળો !
થઇ જાઓ હુશિયાર !
(લોકો) હુશિયાર–હુશિયાર–હુશિયાર !
તો કાંતો ચરખો તકલી.
ને કાઢો વસ્તુ નકલી,
સાદી પણ વાત અકલી,
થઇ જાઓ હુશિયાર !
(લોક;) હુશિયાર–હુશિયાર–હુશિયાર !
દુખિયોને સુખે સજાવો,
દલિતોને ઊંચે ઉઠાવો,
સેવામાં સ્વાર્થ સમાવો,
થઈ જાઓ હુશિયાર !
(લોકો) હુશિયાર–હુશિયાર–હુશિયાર !

૧૧

## ઇન્કિલાબ ઝિન્દાબાદ

વાય કનૈયો વેણુનાદ " ઇન્કિલાબ ઝિન્દાબાદ "
થાય વિષ્ણુના શંખનાદ " ઇન્કિલાબ ઝિન્દાબાદ "
ગાય શારદા વીણાનાદ " ઇન્કિલાબ ઝિન્દાબાદ "
સુણાય શંકરડમરુનાદ " ઇન્કિલાબ ઝિન્દાબાદ "
રણચંડીનો ભેરીનાદ " ઇન્કિલાબ ઝિન્દાબાદ "
ભારત મૈયા આપે યાદ " ઇન્કિલાબ ઝિન્દાબાદ "

" હો લડવૈયા રણ-આબાદ "
" ઇન્કિલાબ ઝિન્દાબાદ "

સામે લાખ ભલે જલ્લાદ " ઇન્કિલાબ ઝિન્દાબાદ "
ના ફરમાન ના ફરિયાદ લાખેણી લીધી મરજાદ

ભારતની ફરજે ફરહાદ,
" ઇન્કિલાબ ઝિન્દાબાદ ! "

આગે કૂચ, ન પીછે પાદ, કાયરનું જીવતર બરબાદ.
ઇન્કિલાબ ઝિન્દાબાદ !

મંદિર મંદિર મંગલનાદ "ઇન્કિલાબ ઝિન્દાબાદ !"
એક નિરંતર અંતરનાદ "ઇન્કિલાબ ઝિન્દાબાદ,"
દેવોનો દુંદુભિનાદ "ઇન્કિલાબ ઝિન્દાબાદ"

ગગન ગજાવો ઘેરેનાદ.
"ઇન્કિલાબ ઝિન્દાબાદ."

## ૧૨

## યુવકનું ગીત

બનીને વીર આમ્હા જગ ચાલુંહું,
મઅહું કા જીતુંહું એકજ હેય વિચાર. બનીને૦
મેદાન માંય એઈ તુંમાં આવી જાયા રા,
જોર કલહ હેય તી દેખાડા આમ્હીં. બનીને૦
ભૂડાઈ કાઢીને ભલાઈ લેઆહું,
ભલભલા દુશ્મન હટાડી કાઢુંહું. બનીને૦
વ્યસન મૂળથી જ ખોદી ટાંકુંહું,
ખોટા ખોટા રિવાજ તાગાડી કાઢુંહું. બનીને૦
જુગમાંય ચાંદ જેહેં ઉદ્દી નીગેહેં,
તેહેંજ આમાંહાં ચળકી ઊઠુંહું. બનીને૦
દુઃખ ભલે યેને સામી છાતીએ,
માર ઘણી ખુશીથી વેઠી જ લાહું. બનીને૦
જાતિ માટે જીવ બી દાહું ખુશીથી,
દુનિયામાંય ડંકા વગાડી જાહું. બનીને૦

---

## ૧૩

## આગે કદમ!

આગે કદમ! આગે કદમ! આગે કદમ!
યારો! ફનાના પંથ પર આગે કદમ!
આગે કદમ પાછા જવા રસ્તો નથી.
શોકાઓ ના ધક્કા પડે છે પીઠથી.
રોતાં નહિ–ગાતાં ગુલાબી તોરથી.
આગે કદમ! આગે કદમ! આગે કદમ! ૧.
બેસી જનારા! કોણ દેશે બેસવા!

આ હર ઘડી સળગી રહ્યાં યુદ્ધો નવાં;
આશા ત્યજો આરામ–સેજે લેટવા,
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ ! ૨.

આગે કદમ દરિયાવની છાતી પરે;
નિર્જળ રણે. ગાઢાં અરણ્યે, ડુંગરે;
પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે.
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ ! ૩.

રહેશે અધૂરી વાટ, ભાતાં ખૂટશેઃ
પડશે ગળામાં શોષ, શક્તિ તૂટશે;
રસ્તો છતાં ટૂંકો જવાથી શું થશે ?
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ ! ૪.

આવે ન આવે સાથીઓ છતાં,
ધિઃકાર બદનામી, બુરાઈ વેઠતાં,
વૈરી જનોનાં વૈર હૈયે ભેટતાં
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ ! ૫.

ક્યાં ઊભશો ! નીચે તપે છે પથ્થરો,
બાહેર શીતળ, ભીતરે લાવા ઝર્યો,
અંગાર ઉપર ફૂલડાં શીદ પાથરો !
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ ! ૬.

આ તો બધા છેલ્લા પછાડા પાપના;
હોશે ખતમઃ જો ભાઈ ! ઝાઝી વારના;
પૂરી થશે તારી ય જીવન–યાતના;
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ ! ૭.

જ્વાલામુખીના શૃંગ ઉપર જીવવા
તેં આદરી પ્યારી સફર ઓ નૌજવાં !
માતા તણે મુક્તિ–કદંબે ઝૂલવા
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ ! ૮.

આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !
યારો ! ફનાના પંથ પર આગે કદમ !

## ૧૪

## સહુ ચલો

સહુ ચલો દોસ્ત સંગાથ,
ડગોડગ સાથ, ભારતીપુત્રો !
જગ શીખો જ આત્મપ્રતાપ–જીવનમય સૂત્રો.
જે શિખ્યો શિષ્ય પ્રહલાદ,
ધરી આહલાદ છાંડી જડ ચીલો;
તે હતો હિંદનો બાળ–સત્ય ટેકીલો.
પઢયા શિવાજીરાવ
જગાવી સ્વરાજ, રાષ્ટ્રનો વીરો;
તે હતો હિંદનો બાળ–પરમ રણધીરો.
જે હિંદહૃદયનો નાદ
ગજાવે યાદ અખંડ ભભૂકી;
તે સહસ્ર જીભે આજ–ઉર જવાળામુખી;
નહિ સામ દામના બંધ
ભેદ કે દંડ, જેહને દંડે;
તે ચઢયો છે યૌવનકાળ આગરસબંડે;
અમ અંતર પ્રાણહુતાશ
તપો અવિનાશ, સત્યના બંદા;
દિન એક સ્વતંત્ર પ્રકાશ–ફેડશે ફંદા.

---

## ૧૫

## સમશેર સારી ખલ્કની

સમશેર સારી ખલ્કની અમને નહિ તાબે કરે;
અમ આત્મ છે પ્રભુતેજ તે નહિ તુચ્છ શસ્ત્રે ગાભરે–સમ૦
મહા યજ્ઞ છે અમ આદર્યો,
પૂરો કરીશું હામથી;

વિઘ્નો કદી આવી નડે તો
હોમીશું અમ જાતને. સમ૦

લાંછન ગુલામી શીર લઈ,
પાક્યા પશુસમ જગ ફર્યા;
આંખો અમારી છે ખૂલી,
બસ ધોઇશું સૈ પાપને– સમ૦

પરતેજથી નહિ ભડકશું,
પણ તેજ અમ જગ દાખશું;
જોશે બધી આલમ હવે
અમ હિન્દની તાકાતને. સમ૦

---

૧૬

## ખપ્પર ભરો ભરો

ભર ભર મારું ખપ્પર ભૈયા ! ઓ ભારતના વાસી !
ઘર ઘર ભીખું હરનિશ ફરતી, હું જુગ જુગ પ્યાસી;
ખપ્પર ભરો ભરો હો—ધ્રુવ.

ક્ષણ ક્ષણ ગણતાં મન શોષાયું, શોષાયું તન ત્રાસી,
બાર બાર સૈકાથી ભટકું, અરે અરે ઉપવાસી;
ખપ્પર ભરો ભરો હો ! ૧

અંજલિ નાખે ખોબો નાખે, નાખે કો ભર પ્યાલી,
જુગ સૂકું તળિયું દે શોષી, ખપ્પર તો રહે ખાલી;
ખપ્પર ભરો ભરો હો ! ૨

ઓ ભૈયા ! જુગના જુગ વીત્યા, હવે નહિ એ ચાલે;
નદ ઉલટાવો. સિંધુ ભરાવો–છલ છલ ભરો ઉછાળે !
ખપ્પર ભરો ભરો હો ૩

ગાજવીજને મૂશળધારે રેલ રેલ જગ છાતી,
એક ઝાપટે નવ ચોમાસું વીર ! તૃષા ન છિપાતી,
ખપ્પર ભરો ભરો હો ! ૪
જ્યોતિ જ્યોતિ ઘર ઘર જો સળગ્યો, રોતી રોતી શું માગું ?
શિર કાપી ખપ્પરમાં નાંખો, કરો કાળજું આખું !
ખપ્પર ભરો ભરો હો ! ૫
એક કેસરીની ત્રાડે તો ભરી દિસે વનવસ્તી,
એક વીરરાજા મસ્તીમાં કરુણતણી ક્યાં હસ્તી ?
ખપ્પર ભરો ભરો હો ! ૬
અધ ઊઘડ્યાં છે દ્વાર પ્રભાનાં; ઓ ભૈયા ! ઝટ આવો !
ખપ્પર મારું ભરો વીરત્વે ! પૂર્ણ પ્રભા રેલાવો !
ખપ્પર ભરો ભરો હો ! ૭

---

## ૧૭
## રણવાટ

ભારતીય પ્રિય સ્વતંત્રતાનું રણદુંદુભિ વાગે છે.
પ્રચંડ એનો મેઘ સરીખો શોર દિગંતે ગાજે છે.
ભારતીય૦—

ગામ ગામને ઘરે ઘરે યૌવન નેજા ફરકાવે છે,
સ્વતંત્રતા સર કરવા સમરાંગણ સરજાવે છે.
ભારતીય૦—

તુજ ગુફા વનરાજ નીકળે વનરાજિ થથરાવે છે.
સાવજશૂરા ભારતપુત્રો ધરણી આભ ધ્રુજાવે છે.
ભારતીય૦—

આમ પાર કે તેમ પાર વિશ્રામ ન વચમાં જાણે છે.
સિદ્ધિને માર્ગે સંચરતાં મૃત્યુમાં જશ માણે છે.
ભારતીય૦—

---

૧૮

## નામ જિન્દોમાં

નામ જીન્દોમેં લિખા જાયેંગે મરતે મરતે.
લાજ ભારતકી બચા જાયેંગે મરતે મરતે.
રૂહતન હોયેંગે જૂદા યહ તો હોનારી હૈ,
લેકિન બીછુડોંકો મિલા જાયેંગે મરતે મરતે.
મરનેવાલે મરદ તુમ દેશ પર અપને મરીઓ
યહ સબક સબકો શીખા જાયેંગે મરતે મરતે.

---

૧૯

## આતશબાજી

શૂરા મર્દોનાં માથાની જુઓ ફૂટે લુમોલુમ
ઊડી હવાઈ જેવી લાઠી જુઓ કરતી છનનન છૂમ.
સિપાઇડાં સુરસુરિયાં જેવાં, ભરાય જ્યાં ત્યાં જસી લેવા
હાથ લાગ્યું લઈને પાછા થાએ ક્યાં તે ગૂમ
શૂરા૦.........
અમલદાર એ મોટી કોઠી, જુઓ ગોઠવી મોટી મોટી
ફૂટે ત્યારે ગામ લગાડે, ધડાક દઈને ધૂમ
શૂરા૦.........
ફૂટે જહીં તે આતશબાજી ફટાકડે શું થાશે રાજી?
મર્દાના સંતાનો ચાલો વધાવવાને જુલ્મ
શૂરા૦.........

---

૨૦

## દેશહિત કરવા

અમારા બાહુમાં બળ દે, અહોનિશ દેશ હિત કરવા;
અમૂલું બુદ્ધિનું બળ દે, અનેરાં દેશહિત કરવા.

અમોને ધૈર્યને શાંતિ, સદા દે દુઃખ સહવાને;
દયા દે ઊંડી હૃદયે તું દીનોનાં દુઃખ દહવાને.
મુસલમાનો અને હિંદુ, બધામાં સંપ તું દેજે,
ઊંડો ઉત્સાહ ને આશા, વળી આસ્થા ભરી દેજે.
તજાવી દેહની પરવા, સદા દે દેશની પરવા,
ગરીબી યા અમીરીમાં સદા જનસેવ તું દેજે.
વળી વિચાર, વાણી ને સદા દે ઐક્ય આચારે;
સદા દે ઇષ્ટની સિદ્ધિ, સદા ઉત્સાહ વિચારે.
દયાળુ ઇશને યાચું અમોને સદ્‌ગુણો દેજે;
સદા જનસેવ એ પ્યારું, અમારું સૂત્ર તું કરજે.

૨૧

## તમારી આત્મશ્રદ્ધા તો

દીવાલો દુર્ગની ફાટે તમારા કેદખાનાની,
તૂટે જંજીર લોખંડી તમારી આત્મશ્રદ્ધા તો.
તમારા માર્ગમાં ઊભા પહાડો યે ખસી જાશે,
બિયાબાં માર્ગ દઈ દેશે તમારી આત્મશ્રદ્ધા તો.
ઊતરવા સાત સાગર જો તમારા પથ્થરો તરશે,
વિના નૌકા સફર થાશે તમારી આત્મશ્રદ્ધા તો.
જવું આકાશમાં ધારો ન વાયુ–યાન પાસે હોય,
વિના પાંખે ઊડી જાશો તમારી આત્મશ્રદ્ધા તો.
થશે વિદ્યુતને વાયુ તમારા દાસ અગ્નિ યે,
વરસશે મેહ માગ્યા જો તમારી આત્મશ્રદ્ધા તો.
હજારો રોગની જ્વાળા દવાના બુંદના વિના,
બુઝાશે શાંતિ સિંચાશે તમારી આત્મશ્રદ્ધા તો.
દિગંબર સાધુને ચરણે સિકંદર શાહ નામે છે,
ગળે સૌ ગર્વ ભૂપતિના તમારી આત્મશ્રદ્ધા તો.
જીગરની બાળહઠથી તો વિઠોબા દૂધ પીએ છે,
પ્રકટશે પથ્થરે પ્રભુજી તમારી આત્મશ્રદ્ધા તો.

૨૨

## મુઝે સિખા દો

સ્વામિન્ સ્વદેશ પૂજા, કરના મુઝે સિખા દો,
સદ્ધર્મકી પતાકા ઉડાના, મુઝે સિખા દો. ૧
નિષ્કામ કામયાકી, વેદી સુકર્મભૂમિ,
બલિદાન શીશ ઉસ પર, કરના મુઝે સિખા દો. ૨
પ્યારે સ્વદેશ હિત હો, સો વાર જન્મ મેરા,
ઉસકે લિયે હિ જીના, મરના મુઝે સિખા દો. ૩
જલ, ધૂપ, દીપ, ચંદન, નૈવેદ્ય હૈ ન રોલી,
પ્રેમાશ્રુનીરધારા, ઝરના મુઝે સિખા દો, ૪
ચરણોં મેં આ પડા હું, કૃપયા ઉઠા કે ભગવન્!
ઈશ્વર સ્વબાહુબલ સે, તરના મુઝે સિખા દો. ૫

૨૩

## પયગંબર શ્રી ગાંધી.

જંગ ભારતી તણો સુકાની, પયગંબર શ્રી ગાંધી;
સત્ય અહિંસા શસ્ત્રે ઝૂઝે, પયગંબર શ્રી ગાંધી.
સૂકલકડી છે કાયા જેની, આત્મશક્તિ છે અગાધ એની
માટીમાંથી કરે માનવી, પયગંબર શ્રી ગાંધી—જંગ૦
ગિરમીટને વિદારનારો, ચંપારણને ઉગારનારો,
દુઃખિયાં કાજે પ્રાણ પાથરે, પયગંબર શ્રી ગાંધી—જંગ૦
દુશ્મનને એ દોસ્ત બનાવે, કાયરમાં શૂરાતન લાવે,
આઝાદી આતશ પ્રગટાવે, પયગંબર શ્રી ગાંધી—જંગ૦
અબળાને સબળા કરનારો, ખેડુમાં હિંમત ભરનારો,
અંત્યજની વહારે ધાનારો, પયગંબર શ્રી ગાંધી—જંગ૦
નિર્ભયતા સ્થળ સ્થળ ફેલાવી, સત્યાગ્રહીની ફોજ બનાવી,
જુગ જુગ જીવો સહુનો પ્યારો, પયગંબર શ્રી ગાંધી—જંગ૦

૨૪

## જાલીમને

નાચી લે નાચી લે આજે
ભાન ભૂલી નાચી લે.
મદિરાપાને મસ્ત બનીને
આખરનું નાચી લે.
મહાલી લે મહાલી લે આજે
માઝા મેલી મહાલી લે.
મનમાન્યું મેદાન મળ્યું છે
આખરનું મહાલી લે.
લૂંટી લે લૂંટી લે આજે
પેટ ભરીને લૂંટી લે.
કોણ પકડનારું કાંડું છે ?
આખરનું લૂંટી લે.
ખેલી લે ખેલી લે ખાંડું
હાથ ચડયું છે ખેલી લે.
દો દિનનું તુજ રાજ્ય રહ્યું છે
જાલીમ એ તું સમજી લે.

૨૫

## જલ્લાદને

ખૂબ ઘસજે, ખૂબ ઘસજે, જલ્લાદ! ખૂની ખંજરને,
દૃઢ ધરજે, દૃઢ ધરજે, જલ્લાદ! કાતિલ ખંજરને.
પરવશતાનું ભૂંડું જીવતર,
તે કરતાં તો મરવું બહેતર,
છે મૃત્યુ એક નિદાન શૂરા સૈનિકને, ખૂબ ઘસજે૦

તું કઠણ કાળજડું કરજે,
ઘા કરતાં હાથ રખે ધ્રૂજે,
તું મુક્તિનો દેનાર શૂરા સૈનિકને, ખૂબ ઘસજે૦
હસતે મુખડે મૃત્યુ વરશું,
મરતાં તુજને આશિષ દેશું,
ચૂમશું તુજ ખંજરધાર મીઠા ખંજરને, ખૂબ ઘસજે૦

૨૬

## બારડોલી

ઠોકાય જંગ થાણાં, હુશિયાર બારડોલી,
પૂજાય વીરવહાણાં, તૈયાર બારડોલી. ૧
શરણાઈ ઘોર બાજે, ને આત્મ ઘેરું ગાજે,
વીરને વીરત્વ છાજે, પડકાર બારડોલી. ૨
એક દિન રાષ્ટ્ર નામે, ઝૂકાવ્યું જુલ્મ સામે,
તુજ કીર્તિ ઠામઠામે, સરદાર બારડોલી. ૨
ભાનુ સલીલ ખેંચે, વર્ષા અધિક દે છે,
ઊંધી રાજ્યનીતિ વહે છે, નિજ દ્વાર બારડોલી. ૪
સ્વાર્થે સદૈવ ઘૂમી, રસહીન કીધી ભૂમિ,
સત્યાગ્રહે ઝઝૂમી, કર વહાર બારડોલી. ૫
લડી સત્યની લડાઈ, દફનાવ દંડશાહી,
હો સાચના સિપાઈ, રખવાળ બારડોલી. ૬
શુદ્ધ આત્મશક્તિ વેરી, દે વાદળાં વિખેરી,
કર પ્રાણને વધેરી, ઉદ્ધાર બારડોલી. ૭
વાયુ સુગંધી વાશે,, યશગાન દેવ ગાશે,
ને ધન્ય ધન્ય થાશે, અવતાર બારડોલી. ૮
દે રંગ જંગ લહાણાં, કિરતાર બારડોલી,
ઠોકાય વીર થાણાં, તૈયાર બારડોલી. ૯

૨૭

## બારડોલી.

હિંદ યુદ્ધઘંટ વાગ્યો, સંગ્રામ બારડોલી,
જગ શંખ નાદ ગાજ્યો, બહાદૂર બારડોલી. ૧
ચાલ્યા રણે શૂરાઓ, સરકાર જુલ્મ સામે,
નીતિયુદ્ધ આદર્યું તેં, રણશૂર બારડોલી. ૨
તું યુદ્ધની રસીલી, તું ત્યાગની ભરેલી,
સ્વાતંત્ર્યને વરેલી, મશહૂર બારડોલી. ૩
તુજ ઐક્ય મુગ્ધ કરતું, ભૂમિ હિંદ છેક આજે,
તક છે મળી અમોલી, શૂરવીર બારડોલી. ૪
તોપો મશીનગનોથી, સરકારે સજ્જ ભારે,
કરતી ન પાછી પાની, બહાદૂર બારડોલી ૫
છોને કરે જમીન એ, આજે જ ખાલસા તે
કે તોપથી ઉડાવે, ડગતી ન બારડોલી ૬
ફતેહ તુજ સાથે, છે નાક જન્મભૂમિ
વિજયી પૂરી બની થા, અમ્મર તું બારડોલી ૭

૨૮

## પરદેશીએ પાયમાલ કીધું

પરદેશીએ પાયમાલ કીધું
ભારત પરદેશીએ પાયમાલ કીધું.
હીરા ને હેમ ગયા, કાગળને કાચ રહ્યા,
કથીર નાણું ચાલુ કીધું—ભારત૦
હાથની કળા હણી, સંચે હિન્દી તણી
સંચે સત્યાનાશ કીધું—ભારત૦
અંગૂઠા. આંગળી કાપી કારીગરી,
ઢાકા મલમલ બંધ કીધું—ભારત૦

રિદ્ધિસિદ્ધિ સહુ ભારતે ભરી'તી બહુ
પરદેશીએ ચૂસી લીધું—ભારત૦

શૂરાનું શૂર ગયું દૈવત દેવોનું ગયું
વીરોનું પણ પણ લીધું—ભારત૦

૨૯

## ગોઝારાં વસ્ત્રો.

જે કાપડના પાપે ભારત માતા રાંક ગુલામ બની,
જે કાપડના પાપે જનની હાડ ચામ નિસ્તેજ બની;
જે કાપડના પાપે ભારતપુત્રોના ધંધા ભાંગ્યા,
ગોઝારાં એ વસ્ત્ર વિદેશી અમે હરામ હરામ કર્યાં.
જે કાપડના પાપે ભારતદ્રોહી વેપારી પાક્યા,
જે કાપડના પાપે ભોળા ગરવા ગામડિયા થાક્યા,
જે કાપડના પાપે અવળા ધંધા ભારતમાં ઊભર્યા.
ગોઝારાં એ વસ્ત્ર વિદેશી અમે હરામ હરામ કર્યાં.
એને પાપે ભારતના ભડવીરો બંદીવાન બન્યા,
એને પાપે પૂજવા જેવા નેતા કારાવાસ સજ્યા.
એને પાપે પિકેટરોએ ઉજાગરા ફટકા વેઠ્યા,
ગોઝારાં એ વસ્ત્ર વિદેશી અમે હરામ હરામ કર્યાં.
એ ગોઝારું કાપડ લઈ લોરી મુંબઇમાં નીકળી;
એ ગોઝારી સ્વરાજ સૈનિક બાબુ ગનુ પર ફરી વળીઃ
જે કાપડ લારીએ મોંઘા મૂલા વીરના પ્રાણ હર્યા,
ગોઝારાં એ વસ્ત્ર વિદેશી અમે હરામ હરામ કર્યાં.

૩૦

## દારૂની સોબત નહિ કરીએ.

નહિ કરીએ રે નહિ કરીએ, દારૂની સોબત નહિ કરીએ.

દારૂ છે દુનિયાનો વેરી,
કરડે છે સાપ થઈ ઝેરી,
આત્માને હણનારો વેરી—દારૂની૦
દારૂડિયા ભાન બધું ભૂલે,
ખેતર પાદર ને ઘર ડૂલે,
કેફીની આંખ નહિ ખૂલે—દારૂની૦
સૌ સાથે રાત દિવસ ઝગડે,
વણમોતે મરે બાજી બગડે—દારૂની૦
નહિ સમજે દીકરી કે માતા,
હડસેલા મારે નિજ ભ્રાતા—દારૂની૦
ગાંધીજી તો મદદે આવે,
દારૂડિયાને બહુ સમજાવે.
દારૂથી દુઃખ ઘણાં આવે—દારૂની૦

---

૩૧

## સૈનિક બનીને ચાલો

પિકેટિંગના સૈન્ય મહીં સૈનિક બનીને ચાલો;
ભારતની લૂંટાતી લક્ષ્મી બચાવવાને ચાલો.
ભારતને જે ભીખ મગાવે, ભૂખમરો ને દુકાળ લાવે;
એ ધંધાને ધૂળ ફકાવો, પિકેટિંગમાં ચાલો.
પાપી પેટ ભરવાને કાજે, દેશદ્રોહ શું કરવો છાજે?
કાપડિયાને જગાડવાને પિકેટિંગમાં ચાલો.
અનેક બહેનો જંગ ઝુકાવે, કેદ મારનાં દુઃખ ઉઠાવે;
મર્દ તમે નામર્દ થશો શું? પિકેટિંગમાં ચાલો.

જેલ મંદિરે ભારત આત્મા, જવાહીર ને ગાંધી મહાત્મા;
હાકલ પાડે બહિષ્કારની, પિકેટિંગમાં ચાલો.
સ્વદેશી વસ્ત્રે કાજ સરે છે, મનમાની સૌ ચીજ મળે છે;
ભૂલેલાંને માર્ગ બતાવો, પિકેટિંગમાં ચાલો.
આત્મશુદ્ધિની ગંગા વહે છે, એ ગંગા જે તરછોડે છે;
કાળી ટીલી લલાટ લે છે, પિકેટિંગમાં ચાલો.
ભારતભરમાં મર્દ હોય જે, સૂણી હાક મયદાન પડે તે;
કમ્મર કસશે નામ રાખવા, પિકેટિંગમાં ચાલો.
પરદેશી કાપડના ધંધા ચાલે, જો રહીએ તો અંધા;
બલા કાઢવા, માના બંદા ! પિકેટિંગમાં ચાલો.

# રાષ્ટ્રીય રાસ

## ૧
## મારું વતન

મારું વતન આ મારું વતન,
વહાલું વહાલું મને મારું વતન.
જેની માટીની મારી કાયા ઘડેલી,
તેને કરું હું કોટિ કોટિ નમન.—વહાલું.
રાણા પ્રતાપ ને શિવાજી શૂરવીર,
મારા વતનનાં મોઘાં રતન.—વહાલું.
બાલ અને લાલ વળી દાદા ને દાસજી,
જેને સમર્પ્યું છે સારું જીવન.—વહાલું.
ગાંધી બાપુને હૈયે વસ્યું જે,
સંસાર સાર ને જીવન ધન.—વહાલું.
વહાલા વતનની બેડીને તોડવા,
હોંસે ઓવારું હું તન મન ધન.—વહાલું.

૨

## માજી હવે ઊજળી થાશે રાત

માજી હવે ઊજળી થાશે રાત અંધારી આથમી રે લોલ,
વહાણુલાં વાશે થાશે પ્રભાત, દુઃખડાં જાશે શમી રે લોલ.
માજી તારા દાન દયાના વીર, ધીરવીર જાગશે રે લોલ,
જાગશે સાવજ ચિત્તા વાઘ, કેસરી ત્રાડશે રે લોલ.
જાગશે રામ વિનામાં રામ, ગર્વ ગંજન થશે રે લોલ,
જાગશે જાગશે જાદવચંદ્ર, અધમ ઉદ્ધારશે રે લોલ.
જાગશે મેવાડી ભડવીર, પ્રતાપનાં પણ ઘણાં રે લોલ,
માજી એને યુગયુગના ઉપવાસ, કરશે પારણાં રે લોલ.
મંદ મૃદુ હિમાળાના વાય, ઉત્તરના વાયા જશે રે લોલ,
માજી જશે રોગદોગ શોકના થોક, શીતલતા શાંતિ થશે રે લોલ.
ઝરશે અમી ઝરતા વરસાદ, ભૂમિ ભીંજાવશે રે લોલ,
ક્યારડે કલ્પતરુનો પાક, કણુના કળશી થશે રે લોલ.
માજી એવા મોંમાગ્યા વરસાદ, કુંદનના વરસશે રે લોલ,
આવતી સાગરિયાની છોળ, રતનચોક રેલી જશે રે લોલ.
માજી તારો ભાગ્યસવિતા ભર્ગ, સિંચતો ચડતો જશે રે લોલ,
પ્રભુના શરદપૂનમના ચંદ્રસમો થંભી જશે રે લોલ.
માજી તારું ભારત બનશે સ્વર્ગ, નંદન વન ઝાંખું થશે રે લોલ,
માજી તારો જય જય જય જયકાર જગત ત્રણ ગાજશે રે લોલ.

## ૩

# ગુણવંતી ગુજરાત

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત !
નમીએ નમીએ માત ! અમારી ગુણવંતી ગુજરાત !
મોંઘેરા તુજ મણિમંડપમાં આ ઝૂકી રહ્યાં અમ શીશ !
માત મીઠી તુજ ચરણુ પડીને માગીએ શુભ આશિષ !
અમારી ગુણવંતી ગુજરાત !
મીઠી મનોહર વાડી આ તારી નંદનવનશી અમોલ;
રસ ફૂલડાં વીણતાં વીણતાં ત્યાં કરીએ નિત્ય કલોલ !
અમારી ગુણવંતી ગુજરાત !
સંત મહંત અનંત વીરોની વહાલી અમારી માત !
જય જય કરવા તારી જગતમાં અર્પણ કરીએ જાત !
અમારી ગુણવંતી ગુજરાત !
ઊંડા ઘોર અરણ્ય વિષે કે સુંદર ઉપવનમાંય !
દેશ વિદેશ અહોનિશ અંતર એક જ તારી છાંય !
અમારી ગુણવંતી ગુજરાત !
સરસરિતા રસભર અમીઝરણાં રત્નાકર ભરપૂર !
પુણ્ય ભૂમિ ફૂલફૂલ ઝઝૂમી માત ! રસ અમ ઉર !
અમારી ગુણવંતી ગુજરાત,
હિન્દુ મુસલમિન પારસી સર્વે માત ! અમે તુજ બાલ !
અંગ ઉમંગ ભરી નવરંગે કરીએ સેવા સહુ કાળ !
અમારી ગુણવંતી ગુજરાત !
ઉર પ્રભાત સમાં અજવાળાં ટાળી દો અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતા કરીએ જય જયકાર !
અમારી ગુણવંતી ગુજરાત !

૪

## કર્મભૂમિ

કર્મભૂમિ પૂજવાને જઇએ રે
હો બહેનીઓ કર્મભૂમિ પૂજવાને જઈએ.
શંખનાદ જોરથી ફૂંકાય છે
હો બહેનીઓ કર્મભૂમિ પૂજવાને જઈએ.
જુલ્મની લગામ સામે ધૈર્યથી ઝઝૂમતાં,
વીર એ ખેડૂતને વધાવીએ—
હો બહેનીઓ કર્મભૂમિ પૂજવાને જઈએ,
સત્ય ટેક પાળવા રણે ચડી ઊભા રહ્યા,
નીરખીને ત્યાગ ધન્ય થઇએ રે,
હો બહેનીઓ કર્મભૂમિ પૂજવાને જઈએ.
નારીઓને નેક નમન કરીએ રે,
હો બહેનીઓ કર્મભૂમિ પૂજવાને જઈએ.
લોભ બીક મૃત્યુને જરીય ના પિછાનતી,
બારડોલીને સહુ પ્રણામીએ રે.
હો બહેનીઓ કર્મભૂમિ પૂજવાને જઈએ.

---

૫

## ભારત મૈયા

રે મને ભારત મૈયા વહાલી વહાલી.
ભારત મૈયા વહાલી વહાલી રે મને ભારત મૈયા વહાલી વહાલી,
ભારત મૈયાને બાળક નાનેરો, મૈયાની ગોદ મને વહાલી.
મૈયાનું લૂણ અને મૈયાની રોટી, મૈયાએ કાયા ઘડેલી—રે મને.
ફૂલની સુવાસ અને ફળની મીઠાશથી, ભારતવાડી મનોહારી,
દુનિયાના દેશમાં ભારત મૈયાની, જોડી નહિ જડનારી—રે મને.
ગોરા વિદેશી રાવણુને પગલે, સોનાની રેલ જાય ચાલી,
મૈયા લૂંટાતી દેખી દેખાય ના, હૈયે ભભૂકે હોળી—રે મને.
મૈયાની રહે જંજીર ગુલામી, માયા ભરેલી રૂપેરી,
તોડું કે તૂટું, નિશ્ચે ઉગાડું, સૂરજ સ્વરાજનો સુનેરી—રે મને.

ભારતને પારણે ઝૂલે જવાહીર, ઝૂલે જગતગુરુ ગાંધી,
ભારતને કારણે જંગે ઝઝૂમે, ભારતની વીરહાક વાગી—રે મને.
રૂડી રૂપાળી મારી મૈયાને, મૈયાને કોણ કહે બિચારી,
ત્રીસ ત્રીસ કોટી બાળક મૈયાને કાજે, કરું હું પ્રાણની પથારી—રે મને.
મુક્તિસંગ્રામનો સારથી મુરારિ, મૈયા પ્રભુની દુલારી,
ભારત મૈયાનો વિજય ગજાવો, જય જય ભારત મહતારી–રે મને.

---

૬

## ધન્ય ધરાસણા

ઓ ધરાસણા ધર્મભૂમી ગુજરાતે ભારત દેશની,
તુજ ભાગ્યરવિ ઉદય થયો, આલમમાં નજરે પેખની–ટેક
આવે શાંત યુધિષ્ઠિર યોધ પૂરા,
નિઃશસ્ત્ર સુભટ સંગ્રામ શૂરા,
તારી પવિત્ર કીધી ક્ષાર ધુરા–ઓ ધરાસણા. ૧
દુનિયામાં યુદ્ધ અનેક થયાં,
તે પાશવ વૃત્તિનાં જ કહ્યાં,
પણ આ યુદ્ધ વિશ્વે દિવ્ય લહ્યાં–ઓ ધરાસણા ૨
જ્યાં ભારત વીર પ્રયાણ કરે,
ગાંધી બાપુની આણ ફરે,
વીર અભય અડગ થઇને વિચરે–ઓ ધરાસણા. ૩
સત્યાગ્રહી શૂર સંત ચરણ સ્પર્શી,
તું પાવન થઇ કાશી સરખી,
યાત્રા આલમ આવે હરખી–ઓ ધરાસણા ૪
લુણપહાડો લૂંટાતા ભાળી
ગુંડાએ લાઠી ઉછાળી
કંઈ શહીદ સૂતા આંખો ઢાળી–ઓ ધરાસણા. ૫

દાંડી પકડી ગણી ધર્મ ઘડી,
પણ ધરાસણા પર નજર પડી,
દઈ ડંકો સાધુ ગયો ઊપડી—ઓ ધરાસણા. ૬
નિર્મ્યાં વિધિ અંક હશે તારે
બાપુ દૃષ્ટિ પડી તુજ દ્વારે
તું ભારત ભાગ્યોદય ધારે—ઓ ધરાસણા. ૭

---

૭

## બાપુ જયંતિ પ્રસંગે

દિન આનંદ મંગલ કારીરે,
તિથિ દ્વાદશી જાઉં બલિહારીરે,
માસ ભાદરવો સુખકારી
ભારત યોગીરાજ અમર રહો ગાંધી રે. ૧
આવ્યા ગુર્જરે મોહન ગાંધી રે
ટાળી પાશ્ચાત મોહની આંધી રે
કાચા તંતુથી હિંદને બાંધી—ભારત યોગીરાજ. ૨
ધર્મ સંસ્કૃત ભારત ભૂલી રે
કૂડ, કપટ, અસત્યે ડુબેલી રે
આપી શિક્ષા તમે અણમૂલી—ભારત યોગીરાજ. ૩
સત્ય, ધર્મ અહિંસાને ધારી રે
સત્યાગ્રહનું આયુધ કર ભારી રે
સબળી સત્તાને દીધી થંભાવી—ભારત યોગીરાજ. ૪
રાષ્ટ્રકાર્યને ધર્મથી જોડી રે
ઊઠયો ભારત અંગ મરોડી રે
જુલ્મી સત્તાને એમણે તોડી—ભારત યોગીરાજ. ૫

દીન દેશનાં દુઃખડા ભાળ્યાં રે
નિજ અંગનાં વસ્ત્ર ઉતાર્યાં રે
કૃષ કાયા કરી હાડ ગાળ્યાં–ભારત યોગીરાજ. ૬
દેવ આવ્યા ભારત દુઃખ જાણી રે
તારી જુગ જુગ કીર્તિ ગવાણી રે
નવજીવન પ્રેરક વાણી–ભારત યોગીરાજ. ૭
રામરાજ્ય ભારતમાં કરજો રે
દીન ભારતનાં દુઃખ હરજો રે
દાસ ગોપાળની વાણી ફળજો
ભારત યોગીરાજ અમર રહો ગાંધી રે. ૮

---

૮

## સાધુ પ્રયાણ

સાબરમતીથી સાધુ નીસર્યારે, એણે માંડયા છે મહાસંગ્રામ
અવસર આવો નહિ મળે–ટેક.
જાગો જાગો ભારતની બહેનીઓ, તજી મોહ વિલાસ
તમામ—અવસર. ૧
ઊંઘ્યાં આજ સુધી બહેનો ઊંઘમાં, નહિ સમજ્યાં
બાપુનો ઉપદેશ—અવસર. ૨
સજો શાંતિના શસ્ત્ર ને ધીરતા, આપો વીરાને વસમી
વિદાય—અવસર. ૩
વીરા દૂધ માતાનાં દીપાવજો, તમને બહેનીની શુભ
આશિષ—અવસર. ૪
શૂરમર્દ ના આપે નાકને, આપે સોંઘુ ગણી નીજ
આ શીશ—અવસર. ૫
પતિ, પુત્ર પિતા હો કે બંધવા, અમે માયાના ધરશું
લેશ—અવસર. ૬

થઇ કાયર મુખ જો છુપાવશો, કરશો પાછી પાની
જો લેશ—અવસર. ૭
ત્યારે મુખના ભાળે તમ કામની, એવા કંથથી
લાજે કુળ—અવસર. ૮
જનનિ જન્મભૂમિના મહા ઋણ છે, ઋણમુક્ત થવા
આવ્યો દાવ—અવસર. ૯
મુક્તિ યજ્ઞ રચાયો દેશમાં, અર્પી શુદ્ધ બલિ લો
લહાવ—અવસર. ૧૦
જો ના હામ હોય ધર્મયુદ્ધમાં, પહેરો ચોળીને ચૂડી
જરૂર—અવસર. ૧૧
બેસો ખૂણામાં એવા એ બાયલા, જાશું રણચંડીના
ધરી રૂપ—અવસર. ૧૨
જેલને મહેલ કરીને માનશું, તેમાં પ્રગટશે કૃષ્ણ
સ્વરૂપ—અવસર. ૧૩
માંડ્યો યજ્ઞ બાપુજીએ દેશમાં, દેશું દેહ તણાં
બલિદાન—અવસર. ૧૪
આવો આવો ભારતની દેવીઓ, દેશ કાજે આ દેહ
કુરબાન—અવસર આવો. ૧૫

---

૯

## તમે ડરશો નહિ કદી જેલથી રે

તમે ડરશો નહિ કદી જેલથી રે,
જેલખાનું છે મહેલ સમાન—તમે.
જુલ્મીના જુલમ અન્યાયને રે
બહાર પાડો નિડર થઈ ખાસ-તમે.
અધિકારી રાજા કે સિપાહીના રે,
ડરી જઈ ને છુપાવો ન પાપ-તમે.

તમે આખણુ લેશો ન કોઈનું રે,
સદા કરજો સાચેસાચ વાત—તમે.
રોગ ચિંતા ભાગી જશે જેલમાં રે
થશે કાયા સુદૃઢ બળવાન—તમે.
આળપંપાળ દેહની છૂટશે રે
છૂટી જાશે પ્રમાદી ટેવ—તમે.
આત્મશક્તિમાં શ્રદ્ધા જામશે રે
બની જાઓ મહા ભડવીર—તમે.

## ૧૦

## કાયર કંથને

ઊઠો મારા કંથ રણતૂર વાગ્યાં રે,
આ ભારતમુક્તિ કાજ સહુકો જાગ્યા રે.
મારી સહિયર શાણી રોજ મુજને કહે છે રે,
અલી ! કેવો તારો કંથ ઘરમાં રહે છે રે.
એવા ઘરખૂણિયાનો સાથ તને કેમ ફાવે રે,
મને કહે કાયરની નાર શરમ બહુ આવે રે.
કહું વિનવી સ્વામી આજ હવે તો ચાલો રે,
જય ધારાસણા બોલાય તે પંથ જ ઝાલો રે.
ભારતમુક્તિ કાજ હજારો આવે રે,
કંઈ દૂધમલ ભારતવીર શિર ફોડાવે રે,
તમે જો ના જાશો કંથ હવે ના સાંખું રે,
એવા કાયર કંથની પ્રીત હું નહિ રાખું રે.

## ૧૧
## જન્મભૂમિ

જય જન્મભૂમિ, ભારતમાતા
નમીએ તુજને સ્નેહથી,
જય પુણ્યભૂમિ, ભારતમાતા
સ્તવીએ તુજને સ્નેહથી; ધ્રુવ૦

આ તે શુભ કર્મોના યોગબળે,
બહુ જન્માંતરનાં પુણ્યફળે,
તવ અંકમહીં અવતાર મળે; જય.

તુજ પુનિત હવાથી પ્રાણ ધરું,
તુજ અન્નજળે હું ઉદર ભરું,
તુજ પ્રેમળતાનાં પાન કરું; જય.

તું ધર્મ હૃદય ધરનારી છો,
તું કર્મ વિમળ કરનારી છો,
તું પાતકને હરનારી છો; જય.

પ્રભુના અવતાર તણી ધરણી,
તું તીર્થંકરની વિચરણી,
છો પયગંબરની તું જનની; જય.

જ્યાં પહાડ ઊંચા હિમથી ઉજળા,
જ્યાં વહેતી સરિતાઓ સુજળા,
જ્યાં ધરતી રસકસથી સુફળા; જય.

જ્યાં જંગલનાં ઝૂકયાં ઝાડો,
જ્યાં દુર્ગ સમા ઊભા પહાડો,
જ્યાં ડણકે સિંહ દઈ ત્રાડો; જય.

જ્યાં વાયુ સુખકારી વહેતો,
જ્યાં સૂરજ સમધારણ તપતો,
જ્યાં રત્નાકર નિત ઘૂઘવતો; જય.

તુજ શૌર્યે સતીત્વ જગે પ્રગટયાં,
ઉર ભક્તિતણાં તો પૂર ઊલટયાં,
તપ ત્યાગ તણી તુજ ન્યારી છટા; જય.
ધરી સંયમ સત્ય અહિંસાને,
નિજને પરનું હિત કરવાને,
તેં પાઠ પઢાવ્યા દુનિયાને; જય.
તુજ શિલ્પ રૂડાં સાહિત્ય કળા,
સ્વર સંગીતના મધુરા વિમળા,
બહુ ઉત્તમ તવ બુદ્ધિ પ્રબળા; જય.
તુજ શિક્ષણ બહુ દેશે લીધું,
તુજ રત્નામૃત જગતે પીધું,
તેં કુટુંબ વસુધાનું કીધું; જય.

---

૧૨

## જનની સેવન

જનની સેવનનો મધુમધુરો અવસર ક્યાં મળે રે,
અવસર ક્યાં મળે રે, જગજીવ્યું ફળે રે.
નવનિધિ લાડે નિશદિન ઝૂલવે
ઉરહીર પાતી હૈયે હુલવે
અલ્પ સાટું પણ અમિત
ભારનું કયાં વળે રે. જનની૦
પ્રભુપુર ગૌરવ વદને મલકે,
મંજુલ મોહક અંતર ઝલકે,
નવનવે સાજે શીખ દે સાને
પળે પળે રે. જનની૦
ઉત્તમ શોણિત જનની કાજે,
રેલાયે શું વધુ કહેવાશે,

કિસ્મત ક્યાંથી ભારતીહિત
કાયા ઢળે રે. જનની૦

---

## ૧૩
## તીર્થભૂમિ

જય ધરાસણા ધન્યભૂમિ ગુજરાતે નિશ્ચે તું બની,
ઝળકાવીશું, દેશવિદેશે ખ્યાતિ હિંદુસ્તાનની.
ક્યાં ડુંગરી સ્ટેશન એ નાનું ?
ક્યાં ઊંટડી ગામ હશે પેલું ?
ક્યાં ધરાસણા કોણે ભાળ્યું ?
જય ધરાસણા ! ધન્યભૂમિ ગુજરાતે...
પડી દૃષ્ટિ ત્યહાં ગાંધીજીની,
ઘડી એક બધે હાકલ વાગી;
પછી ભવ્ય પિછાન થઈ એની,
જય ધરાસણા ! ધન્યભૂમિ ગુજરાતે...
ત્યાં ઊંટડીના એકાંત વને,
સૈનિકદલ નિર્ભય વાસ કરે;
ત્યાં શૌર્ય ભક્તિના ઓઘ વહે,
જય ધરાસણા ! ધન્યભૂમિ...
એ વસમી વગડાની વાટે,
કંઇ કંટક ને પથરા ખૂંચે;
ત્યાં દૂર પથે રણભૂમિ બને,
જય ધરાસણા ! ધન્યભૂમિ...
એ શ્વેત સ્ફટિક શા લૂણરાશી,
જોતાં દૃષ્ટિ નિશ્ચલ ઠરતી;
ત્યાં ફરતી કંટકવાડ કરી;
જય ધરાસણા ! ધન્યભૂમિ...

ત્યાં પોલિસ ફોજ ખડી ઊભી,
અધિકારી પણ કરતા ચોકી,
સહુ પાસે બંદૂક ને લાઠી,
જય ધરાસણા ! ધન્યભૂમિ...
પણ શસ્ત્ર વિનાના સૈનિક ત્યાં,
યાહોમ ધસે હસતા રમતા,
ક્યાં પેખી કદિ આ નીડરતા ?
જય ધરાસણા ! ધન્યભૂમિ...
અહ ! યૌવનનું નવચેતન એ,
અહ ! શૌર્ય અને ઉરમંથન એ;
ક્યમ પોલિસ ફોજ પિછાની શકે?
જય ધરાસણા ! ધન્યભૂમિ...
શા બંદૂક ને લાઠી ખખડે ?
અધિકારી દોડાદોડ કરે;
શૂર સૈનિકને હણવા તલપે !
જય ધરાસણા ! ધન્યભૂમિ...
એ ધરાસણાની લાઠીઓ,
એ લાઠીમારના પડઘાઓ;
એ લોહીનીગળતા સૈનિકો,
જય ધરાસણા ! ધન્યભૂમિ...
ક્યમ ભૂલીએ રે એ ક્રૂર નીતિ ?
ક્યમ ભૂલીએ નિર્દય એ લાઠી ?
ક્યમ ભૂલીએ લોહીભીની ભૂમિ ?
જય ધરાસણા ! ધન્યભૂમિ...
એ ધરાસણાની રણભૂમિ
મોઘાં બલિદાને અમર બની,
યાત્રિકોની થઈ તીર્થભૂમિ,
જય ધરાસણા ! ધન્યભૂમિ ગુજરાતે...

## ૧૪

## બાપુનો રાસ

મને વહાલું બાપુ કેરું નામ છે રે,
એને હૃદિયે રઘુપતિ રામ છે રે—મને૦
પહેરી પોતડીને ચાખડિયે ચાલતા રે
સાથે એક ઘડીને કાળો દોરડો રે—મને૦
વહાલે ઓખા ડોસાની ધરી કાય છે રે,
એનો આતમ ઈશ્વરમાંહ્ય છે રે—મને૦
સ્વચ્છ ભંગી વણકરને લેતો સોડમાં રે,
દીન દુખિયાંના એ રહે સત્સંગમાં રે—મને૦
વહાલે દુખિયાંનો શોધી લીધો સાર છે રે,
અન્નદાતા રૂડા રેંટિયાના તાર છે રે—મને૦
દુઃખ પોતે વેઠે ને બીજા હારતા રે,
વહાલો આત્મશુદ્ધિની કરે વારતા રે—મને૦
ખાદી પે'રાવી લોકોને કંતાવતો રે,
વહાલો બાવા બધાને બનાવતો રે—મને૦
ખૂબ આશા રાખી સરકારમાં રે,
છેલ્લું "પૂર્ણ સ્વરાજ્ય" છે સારમાં રે—મને૦
પ્રથમ મીઠાનો કર લીધો હાથમાં રે,
સૂણ્યો ખેડુનો આર્તનાદ સાનમાં રે—મને૦
વહાલો હવેથી બાસઠને વટ્યા રે,
પૂરાં બાસઠ ત્રેસઠમાં વસ્યો રે—મને૦

## ૧૫

## રૂડો ગાંધીડો

ગાંધી તોરા રાજમાં ધોળી ટોપીનો ઘેર—રૂડો ગાંધીડો.
કપાસ પીલી રૂને પીંજી પૂણી બનાવશું આજે જી,
પૂણી કાંતી સૂતર વણીને, ખાદી ઓઢશું આજે જી,
ગાંધી તોરા રાજમાં ખેડૂત કરે છે લહેર—રૂડો ગાંધીડો.
પરદેશી કાપડ ભૂખે મારે વાપરવું એ શોભે નહિ,
ભૂખે મરીને ગુલામ બનીને, જંજીરે જુડાશો નહિ,
ગાંધી તોરા રાજમાં ગરીબ કરે છે લહેર—રૂડો ગાંધીડો.
મરદો જેવા મરદો થઇને ગુલામી તમને શોભે નહિ,
ગાંધી તોરા રાજમાં મજૂર કરે છે લહેર—રૂડો ગાંધીડો.

---

## ૧૬

## સત્કાર

પુનિત પગલે, રે પુનિત પગલે પધારો સંત વીર !
આવ્યા આંગણે તો ઘડીક વધુ શોભજો રે વીર !
દેશ કાજે, રે યુદ્ધ આદર્યાં અનેરાં રણવીર !
ભૂમિ ભારતનાં ભાગ્ય આજ ઊઘડ્યાં રે વીર !
પરતંત્રે કચડાયલાં, ભારતનાં સંતાન;
ઊંચાં શીશ ધરી કરે, સ્વતંત્રતાનાં પાન.
નીડર સત્યે, રે નીડર સત્યે ગજાવ્યું જગ આજ,
તપ આત્મનનાં હિન્દને ઉદ્ધારશે રે વીર !
સભર ઉરના, રે કંઇ શીખવ્યા સ્વતંત્રતાના પાઠ,
અમર જ્યોતિ એ હિન્દને ઉજાળશે રે વીર !

૧૭
## બાપુનો સંઘ

મારા બાપુનો સંઘ, મારા બાપુનો સંઘ,
ચાલ્યો સ્વરાજ ઘેર આણવા.
અમે માંડયો છે જંગ, અમે માંડયો છે જંગ,
શાંતિના રણરંગ માણવા. મારા૦
બોલ દરિયાની રાણી, બોલ દરિયાની રાણી,
સ્વરાજ ક્યાં સંતાડિયું ?
સાંભળ સાંભળ હિંદવાણી, સાંભળ સાંભળ હિંદવાણી,
દરિયામાં રાજ તારું રાખિયું. મારા૦
ડોળ્યાં દરિયાનાં નીર, ડોળ્યાં દરિયાનાં નીર,
ડોળી ડોળી અમે થાકિયાં;
બાપુ ચાખે લગીર, બાપુ ચાખે લગીર,
સ્વરાજના સ્વાદ ચાખિયા. મારા૦
ચાલો ચાલો ત્રીસ ક્રોડ, ચાલો ચાલો ત્રીસ ક્રોડ,
મીઠો સ્વરાજરસ ચાખવા;
ચાલો હિંદુમુસલમાન, ચાલો હિંદુમુસલમાન,
મીઠું તમારું બતાવવા. મારા૦

---

૧૮
## જોગીરાજ

જોયા જગત ઘૂમી એક જોગીરાજને,
પુરાતન ભારતને ચોક અલબેલડી !
જનનીએ દીધ એવા એક જોગીરાજને,
જગવ્યા જેણે ચૌદ લોક; અલબેલડી !
જોયા જગત ઘૂમી એક જોગીરાજને.
કરણે સૂણ્યાતા સાચા એક જોગીરાજને,
મુખડે જેને બ્રહ્મબોલ અલબેલડી !
હ્રદયે પૂજ્યા'તા પૂજ્ય એક જોગીરાજને,

તપના ત્રિખંડ રવિ તોલ અલબેલડી !
જોયા જગત ઘૂમી એક જોગીરાજને.
જાણ્યાતા જીવી જીવન એક જોગીરાજને,
ભર્યાં અમૃતે જેનાં ઉર અલબેલડી !
નિરખ્યા–એ પરખ્યા મુજ દેશ જોગીરાજને.
નયણે જેને બીજ–નૂર અલબેલડી !
જોયા જગત ઘૂમી એક જોગીરાજને.
દીઠા સખી ! મીઠા એવા એક જોગીરાજને,
બુદ્ધ શો વિશુદ્ધ દયા–રોમ અલબેલડી !
જાણ્યા મનમાન્યા તપસિદ્ધ જોગીરાજને;
જીવને ગૂંથેલ કૃષ્ણપ્રેમ અલબેલડી !
જોયા જગત ઘૂમી એક જોગીરાજને.
રસના અખંડ રટે એક જોગીરાજને,
નીતિમાં રામના નિવાસ અલબેલડી !
શ્વાસે વસાવ્યા રૂડા એક જોગીરાજને;
ઝીલ્યા જનક શા સંન્યાસ અલબેલડી !
જોયા જગત ઘૂમી એક જોગીરાજને.
જીવને જડેલ સખી ! એક જોગીરાજ એ
બ્રહ્મચર્યે ભીષ્મ ભડવીર અલબેલડી !
મર્ત્યપુરીમાં અમર એક જોગીરાજ એ
સત્યે હરિશ્ચન્દ હીર અલબેલડી !
જોયા જગત ઘૂમી એક જોગીરાજને.
દેહે મઢેલ દેવ એક જોગીરાજ એ.
ચરિતે સુવર્ણ શા વિશુદ્ધ અલબેલડી !
ધર્મે ધેનુ શા નમ્ર એક જોગીરાજ એ;
શૌર્યે સિંહણ પીધ દૂધ અલબેલડી !
જોયા જગત ઘૂમી એક જોગીરાજને.

૧૯

શાને પૂજીશું સખી ! જન્મ જોગીરાજને ?
ધોળ્યાં કુંકુમ કનક થાળ અલબેલડી !
શાને વધાવશું એ વિશ્વ જોગીરાજને ?
ગૂંથી નભ-તારકની માળ અલબેલડી !
જોયા જગત ઘૂમી એક જોગીરાજને.
જોગી પરભોગી લૂખા ભૂષણે ના રાજી એ
જોગીને વ્હાલો જીવનનો ભોગ, અલબેલડી !
મુક્તિને પન્થ એક ગાંધીજી એ;
સનાતન ભારતને ચોક અલબેલડી !
જોયા બ્રહ્માંડ ઘૂમી એક જોગીરાજને.

૨૦

## વીર હાક વાગે છે

વાગે છે રે વાગે છે, મારા બાપુની વીર હાક વાગે છે;
ડોલે છે રે ડોલે છે, જુલમી રાજનાં રાજપાટ ડોલે છે.
જાલીમના જુલમો અને હાકેમની બેડીઓ,
એકેકેક તડાકે તૂટે છે. —મારા બાપુની
અંધાર આથમ્યા ને ઓથાર ઓસર્યા
રણનાં રણશિંગડાં વાગે છે —મારા બાપુની
પટલાઇનાં પોથાં ને નોકરીનાં થોથાં
લોકો ફડાફડ ફેંકે છે. —મારા બાપુની
સરકારી શાળાનાં ભણતર ભૂલીને
જંગે જુવાનિયા ઝૂકે છે. —મારા બાપુની
દૈત્યરાજ ફીટે ને રામરાજ વ્યાપે
સતના ડંકા ગાજે છે. —મારા બાપુની
કાયરતા કાઢી ને વીરતા વહોરી
શૂરા સંગ્રામમાં ઝૂઝે છે. —મારા બાપુની

## ૨૧

## શંખ વાગ્યા

શંખ વાગ્યા ને સૈનિક ઊઠિયા રે.
એ.........ભારતમાં ગરજ્યા શૂર
શૂરવીર ચાલ્યા સ્વરાજજંગ જીતવા. ટેક૦
કંઇ ગરજ્યા વેપારી, વિદ્યાર્થી રે,
કંઇ નોકર ખેડૂત મજૂર શૂરવીર.
જુઓ નિર્બળ સબળ આજે બન્યા રે;
વળી ચેતન વ્યાપ્યું ભરપૂર, શૂરવીર૦
અણદીઠી લડત લડતાં જોને રે.
ઊડી ગયું સરકારનું નૂર, શૂરવીર૦
આજ પ્રાર્થો પ્રભાતે પ્રભુ એટલું,
દુષ્ટ નીતિનું જાય જડમૂળ. શૂરવીર

## ૨૨

## સતનો સંગ્રામ

સતનો માંડયો છે સંગ્રામ, પ્યારી માતૃભૂમિને કાજે;
કીધાં કેસરિયાં આ વારઃ —પ્યારી૦
અમને મળ્યા શૂરા સરદાર, જેણે કંપાવી સરકાર;
લડવા થયા અમે તૈયારઃ —પ્યારી૦
અમને થયું ખરેખર ભાન, દિલમાં ફેલાયું છે તાન;
કરશું કાયાને કુરબાનઃ —પ્યારી૦
સાચો કર્યો અમે પડકાર, હઠશે પરદેશી સરકાર;
લડશું સર્વે હારોહારઃ —પ્યારી૦
માથું ને ધડ જુદાં થાય, તો પણ ડગશું નહિ તલભાર;
સત્યાગ્રહનું છે હથિયારઃ —પ્યારી૦
આખી પ્રજા બની છે એક, શિરને સાટે લીધી ટેક;
ભારતની સાચી નેકઃ —પ્યારી૦

## ૨૩

## જાલીમને

સ્ત્રીપદ ફાટયું ભારતનું
જાલીમ ! થીંગડું ક્યાં થાશે ?
ઊલટયા સાત સિંધુ સાથે
કાયર પાળ ક્યાં બંધાશે ?
વીફરેલી વાઘણ પણ વળશે,
છંછેડી નાગણ પણ ફરશે
મર્દની માતાઓ,
આ તો મર્દની માતાઓ,
રોકી નહિ રોકાશે. —સ્ત્રીપદ૦

એક સ્ત્રીએ રાવણ રગદોળ્યો,
એક સ્ત્રીએ કૌરવમદ તોડયો,
સંઘને છંછેડયો,
તેં તો સંઘને છંછેડયો.
મોતે ઘેર્યો ક્યાં સંતાશે ? સ્ત્રીપદ૦

વજ્રગુણી એની કોમળતા,
ચૂડસમી એની નિર્બળતા.
પુણ્યના ફૂંફાટે,
એના પુણ્યના ફૂંફાટે.
તારી સત્તા ઢગલો થાશે. સ્ત્રીપદ૦

૨૪

## વીરની વિદાય

મારા કેસરભીના કંથ હો !
સિધાવો જી રણવાટ:
આભ ધ્રૂજે, ધરણી ધ્રમધમે રાજ !
ઘેરા ઘોરે શંખનાદ:
દુંદુભિ બોલે મહારાજનાં હો !
સામંતના વીરવાદ:

મારા કેસરભીના કંથ હો !
આંગણ રણધ્વજ રોપીએ હો !
કુંજર ડોલે દ્વાર:
બંદીજનોની બિરદાવલી હો !
ગાજે ગઢ મોઝાર:
મારા કેસરભીના કંથ હો !
પુર પડે, દેશ ડૂલતા હો !
ડગમગતી મહોલાત:
કીર્તિ કેરી કારમી રાજ !

એક અખંડિત ભાત:
મારા કેસરભીના કંથ હો !
નાથ ! ચડો રણઘોડલે રે,
હું ઘેર રહી ગૂંથીશ:
બખ્તર વજ્રની સાંકળી હો !
ભર રણમાં પાઠવીશ:
મારા કેસરભીના કંથ હો !
સંગ લેશો તો સાજ સજું હો !

માથે ધરું રણમહોડઃ
ખડગને માંડવ ખેલવા,
મારે રણલીલાના કોડઃ
મારા કેસરભીના કંથ હો !
આવતાં ઝાલીશ બાણને હો !
ઢાલે વાળીશ ઘાવઃ
ઢાલ ફૂટે મારા ઉરમાં રાજ !
ઝીલીશ દુશ્મનદાવઃ
મારા કેસરભીના કંથ હો !
એક વાટ રણવાસની રે,
બીજી સિંહાસનવાટઃ
ત્રીજી વાટ શોણિતની સરિતે,
હો શૂરના સ્નાનનો ઘાટ;
મારા કેસરભીના કંથ હો !
જયકલગીએ વળજો, પ્રીતમ !
ભીંજશું ફાગે ચીરઃ
નહિ તો વીરને આશ્રમ મળશું.
હો ! સુરગંગાને તીરઃ
મારા કેસરભીના કંથ હો !
રાજમુગટ ! રણરાજવી ! હો !
રણઘેલા ! રણધીર !
અધીરો ઘોડીલો થનગને, નાથ !
વાઘો રણે, મહાવીર !
મારા કેસરભીના કંથ હો !

## ૨૫
## અમે માંડયો જગન

માંડયો જગન અમે માંડયો જગન.
તનમનની શુદ્ધિનો માંડયો જગન. —ટેક૦
વહાલાં બંધુ ને બહેનીઓ સહુને ઇજન,
આવો ભાવ ભરી થાળે કરીએ પૂજન, માંડયો૦
એ જગતની જ્યોતે મારાં ઊઘડ્યાં લોચન,
ટળ્યાં તિમિર ઊગ્યો ઉજમાળો દન. માંડયો૦
ધેન ઘેર્યાં વણસાંડયાં તન મન ધન.
જાગો ગાંધીજી આવ્યા કરવા યજન, માંડયો૦
રેલ્યાં રેલ્યાં ગંગાજી ઘરને આંગણ,
દઈ ડૂબકી પતિત ચાલો થઈએ પાવન, માંડયો૦
ભૂલ્યાં ભાંડુ આવાને વર્જી વ્યસન,
રૂડે રેંટિયે રામજીનાં રટીએ રટન. માંડયો૦

## ૨૬
## તાપી તટેથી વાળશું પરદેશીને

આ સુરત શહેરની એ કથા કેમ સહીએ રે ?
પરદેશીઓનું રાજ તે કેમ સહીએ રે ?
આ તાપી તટેથી આવીઆ પરદેશી રે,
વશ કીધો ભારત દેશ તે કેમ સહીએ રે ?
રે ! વેપારી થઇ આવીયા પરદેશી એ,
પછી બેઠા લઇને રાજ, તે કેમ સહીએ રે ?
રે ! પૈસો આપણો લઈ જતા પરદેશી એ,
રૈયતને ભૂખે મારતા તે કયમ સહીએ ?
સહુ બહેનો મળીને કાઢશું પરદેશીને,
એ સુરતની કાળી કથા કયમ સહીએ રે ?
આ તાપી તટેથી વાળશું પરદેશીને,
સુરતનું ઉજળું નામ બહેનો કરશું રે.

૨૭

## યુદ્ધની હાકલ

મહાસભાએ મોરચા માંડીયા,
તેનો શાણો સુકાની એક રે–યુદ્ધની હાકલ પડે રે.

હાકલ પડે ને વીરો ખપે,
કંઇ શૂરા ઘૂમે ઘમસાણ રે–યુદ્ધની હાકલ પડે રે.

ભારત માતાનો સાચો સુપુત;
જેની અહિંસા અનુપમ ટેક રે–યુદ્ધની હાકલ પડે રે.

સત્યનો સાહાયક, યુદ્ધનો નાયક;
સાબરમતીનો સંત રે–યુદ્ધની હાકલ પડે રે.

દાંડીમાં ડેરા તાણીઆને;
કંઈ સબરસ માંડ્યા સંગ્રામ રે–યુદ્ધની હાકલ પડે રે.

શાણી સરકાર કંઈ શસ્ત્ર લડે;
નિઃશસ્ત્ર ભારત સંતાન રે–યુદ્ધની હાકલ પડે રે.

દેવ–દાનવ શાં જુદ્ધ મંડાણાં;
સાગર મંથન ચળાય રે–યુદ્ધની હાકલ પડે રે.

દૂરનો વિદેશી વાણીયોને;
કંઈ વણજે કીધાં ઘરબાર રે–યુદ્ધની હાકલ પડે રે.

મીઠામાં મહારથ આદર્યોને;
કંઇ દારૂમાં વાળ્યો દાટરે–યુદ્ધની હાકલ પડે રે.

વિદેશી કાપડના વણજમાંને;

કંઈ દેશી પર દીધો કાપ રે—યુદ્ધની હાકલ પડે રે.

---

૨૮

## ટોપી વાળાને શીદ મોકલ્યો ?

રઘુવીર ! ટોપીવાળાને શીદ મોકલ્યો ?
હાંરે તારા રજપૂત વીર ભાગી ગયા,
હાંરે એનાં ખાંડાં તણાતાં જાય રે. રઘુવીર૦

હાંરે તારા વાણિયા વેપારી ભાગી ગયા,
હાંરે એનાં લેખાં તણાતાં જાય રે. રઘુવીર૦

હાંરે તારા ઢેડુ વણકરિયા ભાંગી ગયા,
હાંરે એની સાળો તણાતી જાય રે. રઘુવીર૦

હાંરે તારો કણબી લાખેણો ભાગી ગયો,
હાંરે એની ધૂંસરી તણાતી જાય રે. રઘુવીર૦

તારા બ્રાહ્મણ જોષીડા ભાગી ગયા,
હાંરે એનાં ટીપણાં તણાતાં જાય રે. રઘુવીર૦

---

૨૯

## કાચા સૂતરનો તાંતણો

અતૂટ એક કાચા સૂતરનો તાંતણો,
અતૂટ એક કાચા સૂતરનો તાંતણો.

હાંરે ઓલી લોઢાની બેડિયું ય તૂટે, અતૂટ૦
હાંરે ઓલી સોનાની સાંકળી વછૂટે, અતૂટ૦
હાંરે ધાર ખાંડાની તેય થાય ખાંડી, અતૂટ૦
હાંરે હાર માને હજાર તોપ ગાંડી; અતૂટ૦
હાંરે દુર્બળિયાં શું બળિયાંને બાંધે, અતૂટ૦
હાંરે શામળાંશું ઉજળિયાંને સાંધે, અતૂટ૦
હાંરે અંધ સાથે આંખાળાંને બાંધે, અતૂટ૦
હાંરે પંગુ સાથે પાંખાળાંને સાંધે, અતૂટ૦
હાંરે રાંક સાથે તે રાજવીને બાંધે, અતૂટ૦
હાંરે રામ સાથે તે માનવીને સાંધે, અતૂટ૦
હાંરે કાંતો કાંતો ને બહેન ! પૂરી પ્રીતે, અતૂટ૦
હાંરે કાંતો કાંતો ને ભાઈ! એક ચિત્તે, અતૂટ૦
હાંરે ઘરોઘરમાં એ પ્રેમને પસારો. અતૂટ૦
હાંરે મારી ભારતીના ભારને ઊતારો, અતૂટ૦
હાંરે રૂડા રેંટિયા અખૂટ બાપ દેજો, અતૂટ૦
હાંરે બાપુ ગાંધીજીની જીંદગીનો રહેજો
અતૂટ એક કાચા સૂતરનો તાંતણો.

---

૩૦

## કાંતવાનું દેવું

માથે કાંતવાનું દેવું—
જો જો ભૂલમાં નહિ જાય,
એનું વ્યાજ ઘોડા જેવું,

જો જો પાછળ નહિ પહોંચાય.
આજ વિતાડી જો આળસમાં.
કાલ ઢાંકવા થાશે વસમા.
આગ લાગે ત્યારે,
જ્યારે આગ લાગે ત્યારે,
જોજો કૂવો નહિ ખોદાય. માથે૦

ગરીબનું છે પૂજન માંડયું,
અક્ષતકુંકુમ પાર ઉતાર્યું.
દરિદ્રનારાયણનું અંતે દરિદ્રનારાયણનું,
જો જો નૈવેદ્ય નહિ વિસરાય, માથે૦

રંક સુખી ત્યા રાજ સુખી છે,
રંક દુઃખી ત્યાં રાજ દુઃખી છે.
રંકનો પડછાયો, રાજા રંકનો પડછાયો,
જો જો કાયમનો એ ન્યાય. માથે૦

---

## ૩૧
## દેશી સાંભળોરે રે

હું તો જાગું જોઉં ને દેશી સાંભરે રે
મારું ધન તો વિદેશ વહી જાય રે.
જાગું જોઉં ને દેશી સાંભરે રે.

હું તો દાતણ કરું ને દેશી સાંભરે રે
મારા પાવડર પરદેશથી લવાય રે;
દાતણ કરું ને દેશી સાંભરે રે.
હું તો નાવણ કરું ને દેશી સાંભરે રે
મારા સાબુ તો પરદેશથી લવાય રે;
નાવણ કરું ને દેશી સાંભરે રે.

હું તો ભોજન કરું ને દેશી સાંભરે રે.
મારાં વાસણ પરદેશથી લવાય રે;
ભોજન કરું ને દેશી સાંભરે રે.
હું તો મુખવાસ કરું ને દેશી સાંભરે રે.
મારી જીનતાન પરદેશથી લવાય રે;
મુખવાસ કરું ને દેશી સાંભરે રે.
હું તો લખવા બેસું ને દેશી સાંભરે રે.
મારા કાગળ પરદેશથી લવાય રે,
લખવા બેસું ને દેશી સાંભરે રે.
હું તો ફરવા જાઉં ને દેશી સાંભરે રે.
મારાં વાયલિયાં ઊડી ઊડી જાય રે;
ફરવા જાઉં ને દેશી સાંભરે રે.
હું તો ગરબે રમું ને દેશી સાંભરે રે;
મારાં હોજરિયાં સરીસરી જાય રે,
ગરબે રમું ને દેશી સાંભરે રે.
હું તો સાહેબ દેખું ને દેશી સાંભરે રે;
મારો દેશ તો લુંટાઈ લુંટાઈ જાય રે,
સાહેબ દેખું ને દેશી સાંભરે રે.
મને સ્વપ્નામહીં યે દેશી સાંભરે રે;
મારા દેશનું કલંક કેમ જાય રે;
જાગું જાગું ને દેશી સાંભરે રે.

---

૩૨

## સ્વરાજને પંથે

સખી! ભારતની હાકલ વાગી,
ઝબકી જામિનીમાં હું જાગી,

નિદ્રા સખી ! મેં તરત જ ત્યાગી,
    હિંદસ્વરાજની મને હઠ લાગી.
શૂન્ય હતી સઘળી દિશા, શૂન્ય હતા આવાસ,
તેમાં મંત્ર સ્વરાજનો કરી રહ્યો ચમકાર.
સખી ! એ ચમકારે હું જાગી,
    શુદ્ધ સ્વદેશીની મોહિની લાગી,
ઝટ વસ્ત્ર વિદેશી દઈ ત્યાગી,
    શુભ સ્વરાજને પંથ લાગી.

---

## ૩૩

## વિદેશી ફેરિયાને

આઘો આઘો વિદેશી ફેરિયા રે,
    મારાં આંગણિયાં અભડાયરે—આઘો૦
બાર ખુલ્લાં બારાં ખુલ્લી બારીઓરે,
    મારાં દ્રવ્ય ડેલી બહાર જાયરે—આઘો૦
મારાં અર્ધભૂખ્યાં આ ભાંડુડાંરે,
    ભાણે ભોજાનયાં ધૂલ થાયરે—આઘો૦
માથે ધોળી ટોપી ધોળાં આંગલાંરે,
    મારાં બાલુડાં બળી જાયરે—આઘો૦
મારાં દૂધમલ મોઘલાં મીઠડાંરે,
    એનું આરોગ્ય તો અટવાયરે—આઘો૦
તારાં ડ્રગ દારૂના ડોઝમાં રે,
    મારા પિતૃ ને દેવ દૂભાયરે—આઘો૦
દેવ સોહે સૂતરને છોગલે રે.
    એનાં છોગલિયાં છોવાયરે—આઘો૦

મારી આછી પૂણીનાં ઊજળાંરે,
મારાં આસનિયાં અચકાયરે—આઘો૦
મારાં ભજનપૂજન ભૂલાવતોરે,
મારાં કીર્તનિયાં કચવાયરે—આઘો૦
ભભરાવી આંખોમાં ભૂરકીરે,
કર્મ ધર્મ ને અર્થ લૂંટાયરે—આઘો૦
ક્ષેત્રપાળ જાગ્યા આ ખાદીના રે,
એની આંખો રાતીચોળ થાયરે—આઘો૦
જા, લાખો કરોડો લૂંટતો રે,
હવે હિન્દ નહીં હંફાયરે—આઘો૦

---

૩૪

## વેપારી બંધુને

વેપારી બંધુ! પરદેશી ચીજ નહોતીરે લાવવી,
લાવી વેચી તેં કીધો કાળો કેરરે—વેપારી૦
તારી કમાણી પૈસા એકની,
તેંસઠ પૈસા મોકલ્યા તેં પરદેશરે—વેપારી૦
તું તો હાથો કુહાડાનો બન્યો,
પરદેશીનો દેશદ્રોહી દલાલરે—વેપારી૦
તેં તો બુદ્ધિ કુમાર્ગે વાપરી,
વેડફી નાખી ભારત વાડી રસાળરે—વેપારી૦
તેં તો ચલાવી ચીજો પરદેશની,
ભરમાવ્યા તેં ભોળા ભારત લોકરે—વેપારી૦
તેં તો ધંધા તોડયા તુજ દેશના,
કારીગરોના કીધા હાલહવાલ રે—વેપારી૦

તેં તો ઉડાવ્યાં મીઠાં ભોજનો,
લાખો ભાંડુનાં લૂટયાં રોટલાછાસરે—વેપારી૦
તેં તો બાંધ્યા મેડી ને બંગલા,
લાખો ભાંડુની ઝૂંપડી ભાંગી અપારરે—વેપારી૦
સમજો સમજો વેપારી બંધવા,
વસ્તુ વિદેશી કેરો તજો વેપાર રે—વેપારી૦

---

૩૫

## બૉયકૉટ

વસ્ત્ર પરદેશીનો બૉયકૉટ છે રે,
નહી ખપવા દેશું તલભાર. —વસ્ત્ર૦
વસ્ત્ર પરદેશીએ અમ દેશનાંરે,
ભૂખે માર્યાં લાખો નરનાર. —વસ્ત્ર૦
વસ્ત્ર પરદેશીએ અમ દેશનાંરે,
લૂંટયા ધંધા કીધા બેકાર. —વસ્ત્ર૦
વસ્ત્ર પરદેશીએ અમ દેશનાંરે,
લૂંટયાં સ્વાતંત્ર્ય ને સ્વમાન. —વસ્ત્ર૦
અમે કરશું પિકેટિંગ આકરું રે,
ગામગામે ને હાટેહાટ. —વસ્ત્ર૦
વીર બહેનોનો રૂડો સાથ છે રે,
દેશદ્રોહી ધંધો થશે નાશ. —વસ્ત્ર૦
ભલે પૂરે અમોને જેલમાં રે,
ભલે વરસે જુલમ વરસાદ. —વસ્ત્ર૦
દીનબંધુ પ્રભુ અમ સહાયમાંરે,
કસોટીમાં ઊતરશું પાર. —વસ્ત્ર૦

---

૩૬

## ભૂલશો મા

ભૂલશો મા, ભૂલશો મા, મારાં ભારતનાં ભાઈબહેન ભૂલશો મા;
વિદેશી દોલત દેશની લૂંટે તેને તે ટાળવા ભૂલશો મા, મારાં૦
નવસો વરસની ગાઢ નિદ્રાએ આવ્યું પ્રભાત હવે ઊંઘશો મા—મારાં૦
ઘોરીથી માંડીને નાદિર સુધીના સ્મરણ લૂંટારાનું ચૂકશો મા—મારાં૦
એથી વધુ લૂંટે જાંગલા વેપારી વાત હૈયેથી ચૂકશો મા—મારાં૦
ધંધાયે ટાળ્યા ને રોજીયે ટાળી, ભારત બેકારી ભૂલશો મા—મારાં૦
ભારતના ઉદ્યોગધંધા ઉદ્ધારવા આવ્યો અવસર તે ચૂકશો મા—મારાં૦
વસ્તુ વહોરો તેના પૈસાટકા સહુ ભારતમાં રાખવા ભૂલશો મા—મારાં૦
ફુરસદ મળતાં જરી રેંટિયો કે તકલી હાથમાંથી કદી મૂકશો મા—મારાં૦
આટલું કીધેથી પણ મોહન ગાંધી આણશે સ્વરાજ ઘેર ભૂલશો મા—મારાં૦

---

૩૭

## પીશો મા

તમે પીશો મા પીશો મા પીશો મા, દારવો પીશો મા;
તમે ભડ ભડ ભડ બાળનારો કે દારવો પીશો મા.
તમે પીઓ તો ગોરસ પીજો કે દારવો પીશો મા.
તમે ભડ ભડ ડીલ બાળનારો કે દારવો પીશો મા.
તમે પીઓ તો પ્રેમરસ પીજો કે દારવો પીશો મા;
તમે ભડ ભડ દિલ બાળનારો કે દારવો પીશો મા;
તમે પીઓ તો આમરસ પીજો કે દારવો પીશો મા;
તમે ભડ ભડ ધન બાળનારો કે દારવો પીશો મા;
તમે ભડ ભડ પુન્ય બાળનારો કે દારવો પીશો મા;

---

૩૮

## દારૂ તારો હંતાડ

દારૂવાળા દારૂ, દારૂવાળા દારૂ, તારો હંતાડ !
પીવો નથી કોઇએ ગાંધીજીના રાજમાં.
માફ કર બાવા એ તારો વેપાર,
પીવો નથી કોઈને ગાંધીજીના રાજમાં. દારૂવાળા૦
તારો દારૂ તો કાતીલ ઝેર રે,
તેણે વાળ્યો છે કાળો કેર રે,
ઘેર પોર્યાં ભૂખે મરી જાય. દારૂવાળા૦
ઢેફાં ફોડીને પેટનું કાઢીએ,
જાર ને છાસની ભડકી બનાવીએ.
પીને પડી રહીએ એક વાર. દારૂવાળા૦
ગાંધી બાપુની શીખ અમે માનહું,
અમે ચોખ્ખા મનખ થઈ માલહું,
ગણહું દારૂ ને તાડી હરામ. દારૂવાળા૦

---

૩૯

## દારૂની મોંકાણ

દારવેં દારવેં દારવેં રા.
બધે નાગેં કધેં એક દારવેં !
દારવામાં ડોલ્યે ને ભાન બધે ભૂલ્યે [૨]
કા કામ આગ મોટી રૂલ્યે રા.—બધે૦
સગેં સગેં લડયેં ને જૂદેં જૂદેં પડયેં. [૨]
દુઃખ દેખી પૂઠી બધે દડયેં રા—બધે૦
દારૂ પીને મરેહે, કામ કયારવે કરેહે. [૨]
દીટી આખો પટીન્યેમાં× ફીરે રા.—બધે૦

---

× પટલાઇમાં

સવારનાં ઊઠીને ચાલ્યો જાય પીઠે, [૨]
લાગ દેખી દારવાવાળો લૂંટે રા.—બધે૦
જાત આપડે ગાંડી, મોંકાણ મોટી માંડી, [૨]
તેજ નડી દારવાણે* ઉફાંડી રા.—બધે૦
કતરા દીહી કએ મનમાં ની રાખે, [૨]
ગુલામ કરી નેંદે એક સાકે રા.—બધે૦

---

## ૪૦

## રણ રાસે નિમંત્રણ

બહેની આવો રણરાસ આજે ખેલીએ રે લોલ;
ભેદ ઉરના બધાએ દૂર મેહલીએ રે લોલ.
આવો ભણીએ અભેદ કેરા મંત્રને રે લોલ.
આવો સજીએ સ્વતંત્ર કેરા યંત્રને રે લોલ.
નવી રીતના સુરાસ આજે ગૂંજીએ રે લોલ;
શૌર્યફૂલડે સુરાસ માળ ગૂંથીએ રે લોલ.
સાડી ખાદીની રંગી રંગ કેસરી રે લોલ;
રૂડી રેંટિયાની છાપ કોર શું અડી રે લોલ.
આ તો માંડવો છે યુદ્ધ કેરા રાસનો રે લોલ;
હિંદસ્વાતંત્ર્ય કેરા ઉજાસનો રે લોલ.
નવ હોયે દીઠું નવ સાંભળ્યું રે લોલ;
બહેનો આજે છે યુદ્ધ એવું આદર્યું રે લોલ.
ધરી ધીર વીર બાળા બની સહુ રે લોલ;
આવો ઉરમાં ઊલટ ધરીને બહુ રે લોલ.
સજી શસ્ત્ર બહિષ્કારરૂપી દંડિકા રે લોલ;
રમો રાસ રણે હોય ચડી ચંડિકા રે લોલ.

---

* દારૂની.

હિંમ્મત કેરી હોય જે કોઈ દીકરી રે લોલ;
બનો આજે વીરાંગના તમે ખરી રે લોલ.
વેણુ પૂજ્ય બાપુજીનાં મુખે ભણી રે લોલ;
આવો રમીએ રણરાસ રણવેલડી રે લોલ.

---

## ૪૧
## બાપુનું વેણ

બાપુનું વેણ મને વહાલું,
હો હિંદીઓ ! બાપુનું વેણ મને વહાલું.
માગે તો પ્રાણ એને આલું,
હો હિંદીઓ ! બાપુનું વેણ મને વહાલું.
આપ્યો અહિંસાનો મંત્ર મને બાપુએ,
મરતાં એ નહિ રે વિસારું,
હો હિંદીઓ ! બાપુનું વેણ મને વહાલું.
દીધું છે શસ્ત્ર બહિષ્કાર તણું એમણે,
સજશું એ શસ્ત્ર રૂપાળું,
હો હિંદીઓ ! બાપુનું વેણ મને વહાલું.
આપ્યું સ્વતંત્રતાનું યંત્ર મને સંતે.
નહિ રે એ રેંટિયો વિસારું,
હો હિંદીઓ ! બાપુનું વેણ મને વહાલું.
દીધા સદ્બોધ નહિ ભૂલીએ કદાપિ,
કામ કરશું સુહર્ષે અમારું,
હો હિંદીઓ ! બાપુનું વેણ મહને વહાલું,
સાબરમતીનાં સંત પૂજ્ય ગાંધીએ,
આખાય હિંદને જગાડ્યું,
હો હિંદીઓ ! બાપુનું વેણ મને વહાલું.

---

૪૨

# આનંદ છે રે લોલ

અમે કીધાં કેસરિયાં, આનંદ છે રે લોલ.
અમે મુક્તિપંથ પળિયા આનંદ છે રે લોલ.
અમે સત્યધર્મ સાધ્યા આનંદ છે રે લોલ.
અમને પ્રેમપંથ લાધ્યા આનંદ છે રે લોલ.
અમે અહિંસાને ધરશું આનંદ છે રે લોલ.
અમે શાંત ક્રાન્તિ કરશું આનંદ છે રે લોલ.
અમે મુક્તિ માટે મરશું આનંદ છે રે લોલ.
અમે મરતાં નહિ ડરશું આનંદ છે રે લોલ.
આવે જેલ જવા વારો આનંદ છે રે લોલ.
પડે લાઠી તણા મારો આનંદ છે રે લોલ.
ભલે કરે ગોળીબારો આનંદ છે રે લોલ.
થાએ બંદૂકના બારો આનંદ છે રે લોલ.
ચાલે બોંબ તણો મારો આનંદ છે રે લોલ.
ચાલે સમશેરની ધારો આનંદ છે રે લોલ.
ભલે લોહીથી રંગાશું આનંદ છે રે લોલ.
તોયે બીરુ નહિ થાશું આનંદ છે રે લોલ.
લીધી નેમ પૂર્ણ કરશું આનંદ છે રે લોલ,
અમે ધર્મયુદ્ધ મરશું આનંદ છે રે લોલ.

## ૪૩
# હું તો વીરાંગના

આજે બની હું તો વીરાંગનારે લોલ
ધાર્યો અમૂલખ વેશરે
આજે બની હું તો વીરાંગનારે લોલ.

સાડી સુહાથે કાંત્યા સૂત્રનીરે લોલ
કેસરીએ રંગી રંગભેરરે
આજે બની હું તો વીરાંગના રે લોલ.

લીધા છે નેમ હવે ખેલવારે લોલ
ધાર્યો છે ચંડિકાનો વેશરે
આજે બની હું તો વીરાંગના રે લોલ

હૈયું ના હાથ રહે માહરું રે લોલ
દુઃખી દેખીને હિંદ માતરે
આજે બની હું તો વીરાંગના રે લોલ.

મેં તો ધારી શમશેર બહિષ્કારનીરે લોલ
લીધી સાથે અહિંસાની ઢાલરે
આજે બની હું તો વીરાંગના રે લોલ

મારી ઓઢણીએ યુદ્ધચિત્ર ચીતર્યારે લોલ
મારી ચૂડલીએ ગાજે યુદ્ધગીત રે
આજે બની હું તો વીરાંગના રે લોલ.

રણનાં વાજિંત્ર મારે ઝૂમણે રે લોલ
વળી રણુકે પાયે નેપૂર
આજે બની હું તો વીરાંગના રે લોલ.

મારા શોણિતમાં પૂર વહે ક્રાન્તિનાં રે લોલ.
તોયે મારે અહિંસાની નેમરે
આજે બની હું તો વીરાંગના રે લોલ.

મારે હૈયે સ્વદેશ પ્રેમ ઊભરે રે લોલ
મારું ચડે છે ચિત્ત ચગડોળ રે
આજે બની હું તો વીરાંગના રે લોલ.

હું ને મુંજ હૈડાનો મોરલોરે લોલ
રણે રમશું બેલડીએ બેયરે.
અમે ઘરઘર સમરાંગણ માંડશું રે લોલ
રણે રમશું ધરી ઉલ્લાસરે
આજે બની હું તો વીરાંગનારે લોલ.

---

૪૪

## ફાંસી નહિ ફૂલમાળ

વીરા મારા ! પંચ રે સિંધુને સ્મશાન
રોપાણાં ત્રણ રૂખડાં રે જી.
વીરા ! એની ડાળીઓ અડી આસમાન
મુક્તાનાં ઝરે ફૂલડાં રે જી.
વીરા ! તારાં ફૂલ રે સરીખાં શરીર,
ઇંધણ તોય ઓછાં પડયાં રે જી !
વીરા મારા ! સતલજ નદીને તીર
પિંજર પૂરાં નો બળ્યાં રે જી.
વીરા ! તારી ચિતાની ધખતી વરાળ
નવ નવ ખંડે લાગિયું રે જી.
વીરા ! તારી નહિ રે ઝંપે પ્રાણ–ઝાળ
ઠારેલી ભલે ટાઢિયું રે જી.
વીરા ! તારા પંથડા વિજન ને અઘોર,
ઓરાણો તું તો આગમાં રે જી.
વીરા ! તારાં વસમાં જીગરનાં જોર,
લાડકડા, ખમા ! ખમા ! રે જી.
વીરા ! તારે મુખડે માતાજીનાં દૂધ
ધાવેલાં હજી ફોરતાં રે જી.
વીરા ! એવી બાળુડી ઉંમરમાં ભભૂત
જાણ્યું તેં જોગી, ચોળતો રે જી.
વીરા ! તારા ગગને ઉછળતા ઉલાસ
દુનિયાથી દૂરે દોડવા રે જી.

વીરા ! તારે અચળ હતા વિશ્વાસ
જન્મીને ફરી આવવા રે જી.

વીરા ! તારે નો'તા રે દ્વેષી ને નો'તા દાવ,
તરસ્યો યે નો'તા રક્તનો રે જી.

વીરા ! તારી છાતીએ છલ્યો ભવ્ય ભાવ,
માતૃભૂમિ કેરા ભક્તનો રે જી.

વીરા ! એ તો ફાંસી રે નહિ ફૂલ-માળ,
પે'રીને પળ્યો પોંખણે રે જી.

વીરા તારું વદન હસે ઉજમાળ
સ્વાધીનતાને તોરણે રે જી.

---

૧

## વાનરસેનાનાં ગીતો

### બોલો શ્રીરામજી

આવી શ્રીરામસેના, બોલો શ્રીરામજી;
રાવણના ભાર શા, બોલો શ્રીરામજી.
માતાના દૂત છે, બોલો શ્રીરામજી;
ભારતના પૂત છે, બોલો શ્રીરામજી.
દેશધજા હાથમાં, બોલો શ્રીરામજી;
રામનામ સાથમાં, બોલો શ્રીરામજી.
વીરા બજરંગના, બોલો શ્રીરામજી;
લંકાના જંગમાં, બોલો શ્રીરામજી.
દરિયે છલંગ દો, બોલો શ્રીરામજી;
રમતનો રંગ લો, બોલો શ્રીરામજી.
જાલિમનો ક્ષય થાવ, બોલો શ્રીરામજી;
વાનરનો જય ગાવ, બોલો શ્રીરામજી.

---

૨

## અમે ગાંધીવલ્લભનાં વાંદરાં

વાંદરાં વાંદરાં વાંદરાં રે અમે ગાંધીવલ્લભનાં વાંદરાં.
અમે ગાંધીવલ્લભનાં વાંદરાં.

ગોરા ને કાળા, નાના ને મોટા,
એક જ માતાના કૂખના રે...અમે ગાંધી૦

ઊંચા ને નીચા, જાડા ને પાતળા,
ભારત માતાના લાડકા રે...અમે ગાંધી૦

કાણા ને કૂબડા, લૂલા ને લંગડા,
ભારત માતાના ખોટના રે...અમે ગાંધી૦

બ્રાહ્મણ ને વાણિયા. કણબીને કોળી,
એક જ માતાની ગોદમાં રે...અમે ગાંધી૦

હિંદુને પારસી, મુસ્લીમ ને ખ્રિસ્તી,
ભારત માતાનાં પોરિયાં રે...અમે ગાંધી૦

ઢેડ ને ભંગી, ચમાર ને વાઘરી,
એક જ માતાના દૂધના રે...અમે ગાંધી૦

ભારત માતાને દુઃખે દુભાઈ,
આવી ઊભા અહીં બંકડા રે...અમે ગાંધી૦

---

## વાનર-ગીત

૩

વાનર સેના, વાનર સેના
નીલ સેના અમારું નામ
છાતી ઉપર હનુમાનજીને
માથે સીતારામ.

રાજા રામચંદ્રકી જય !
રાજા રામચંદ્રકી જય !
રાજા રામચંદ્રકી જય ! ૧

વાનર સેના, વાનર સેના,
× સુરત અમારું સ્થાન !
હિંદ અમારી જન્મભૂમિને
હિંદ અમારો પ્રાણ !

વંદેમાતરમ્
વંદેમાતરમ્
વંદેમાતરમ્ ૨

વાનર સેના, વાનર સેના,
ત્રિરંગી ધ્વજ રાજ !
રંગોમાં તો ભરી અહિંસા
પટમાં પૂર્ણ સ્વરાજ !

રાષ્ટ્રધ્વજ કી જય !
રાષ્ટ્રધ્વજ કી જય !
રાષ્ટ્રધ્વજ કી જય ! ૩

વાનર સેના, વાનર સેના,
સેવાના વ્રત માથે !
સત્યાગ્રહની ભીષ્મ પ્રતિજ્ઞા
લીધી માથા સાટે !

મહાત્મા ગાંધીકી જય !
મહાત્મા ગાંધીકી જય !
મહાત્મા ગાંધીકી જય !

---

× જે સ્થળની સેના હોય ત્યાંનું નામ બોલવું.

## ૪

## વાનરસેના વાનરસેના !

આગળ પગલે ચાલે કોણ ? વાનરસેના, વાનરસેના,
રાષ્ટ્રવાવટો ઝાલે કોણ ? વાનરસેના, વાનરસેના.
ગુડગુડ ડંકા બજાવે કોણ ? વાનરસેના, વાનરસેના.
નીલ નિશાની શીરકે કોણ ? વાનરસેના, વાનરસેના.
ધમધમ પગલે ચાલે કોણ ? વાનરસેના, વાનરસેના.
છાતી કાઢી હીંડે કોણ ? વાનરસેના, વાનરસેના.
ડોળા ફાડી દેખે કોણ ? વાનરસેના, વાનરસેના.
પૂર જોસમાં મહાલે કોણ ? વાનરસેના, વાનરસેના.
ધ્વજને ઊંચે રાખે કોણ ? વાનરસેના, વાનરસેના.
ધ્વજની પાછળ પડશે કોણ ? વાનરસેના, વાનરસેના.
હુકહુક કરતું ચાલે કોણ ? વાનરસેના, વાનરસેના.
સ્વરાજ બિંગલ ફૂંકે કોણ ? વાનરસેના, વાનરસેના.
સૌની ઊંઘ ઉડાડે કોણ ? વાનરસેના, વાનરસેના.
આગળ પગલે ચાલે કોણ ? વાનરસેના, વાનરસેના.
રાષ્ટ્રવાવટો ઝાલે કોણ ? વાનરસેના, વાનરસેના.

---

## ૫

## હા જી હા, હા જી હા

ભારતને કરશો આઝાદ ? હા જી હા, હા જી હા.
મોહન વીરનો ભણશો મંત્ર ? હા જી હા, હા જી હા.
ભારત માતાનાં સંતાન ? હા જી હા, હા જી હા.
ભારત માતા કેરાં દૂધ હા જી હા, હા જી હા.
નીલી પટ્ટી એ એંધાણ ? હા જી હા, હા જી હા.
નહિ લજવશો કરતાં જૂધ ? હા જી હા, હા જી હા.

---

૬

## ભારતમાતાનાં બાળકો

બાળકો બાળકો બાળકો રે,
અમે ભારતમાતાનાં બાળકો.

ભારતમાતાના ખોળામાં ખૂંદીએ,
લળી લળી પાયે લાગીએ રે...અમે૦

બાપા જો ખાદી પહેરે નહિ તો,
એની સાથે નહિ બેસીએ રે...અમે૦

માડી જો ખાદી પહેરે નહિ તો,
એની સાથે નહિ બોલીએ રે...અમે૦

બેની જો ખાદી પહેરે નહિ તો,
એની સાથે નહિ હસીએ રે...અમે૦

ભાઈ જો ખાદી પહેરે નહિ તો,
એની સાથે નહિ ખેલીએ રે...અમે૦

ગોઠિયા જો ખાદી પહેરે નહિ તો,
એની સાથે નહિ રમીએ રે...અમે૦

બાળકો બાળકો બાળકો રે,
અમે ભારતમાતાનાં બાળકો.

૭

## વાનરસેના નહિ ડરશે

વાનરસેના નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
કોઈનાથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
કુત્તાબિલ્લીથી નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
સિંહવાઘથી નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
ભૂતપલિતથી નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
ચોરઢોરથી નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
સિપાઈથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
સત્તાથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
સોટીથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.

થપાટથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
ધક્કાથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
ધોકાથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
લાઠીથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.
કોઈનાથી એ નહિ ડરશે; નહિ ડરશે, નહિ ડરશે.

---

૮

## વાનર-ગીત

મોટા વાનરઃ વગર પૂંછડિયા વાનર ભાઈઓ !
નાના વાનરઃ હૂપ હૂપ હૂપ રે હૂપ ! (૩).
મોટાઃ લડવા ચાલો !
નાનાઃ ચાલો લડવા, હૂપ હૂપ. (૩)
મોટાઃ કમ્મર બાંધો !
નાનાઃ કમ્મર બાંધી હૂપ હૂપ ! (૩)
મોટાઃ છાતી કાઢો !
નાનાઃ છાતી કાઢી હૂપ હૂપ ! (૩)
મોટાઃ કદમ મિલાઓ,
એક દો, એક દો !
નાનાઃ એક દો, હૂપ હૂપ ! (૩)
મોટાઃ રાવણ જેવા, રાક્ષસ જેવા,
ભારે બળિયા, ગોરા સાથે—
લડાઈ ખેલો !
નાનાઃ લડાઈ ખેલો. હૂપ હૂપ ! (૩)
મોટાઃ સીતા સરખી, આપણ સૌની,
ભારત માને લૂંટી ચાલ્યા.—
ચાલો ભૈયા !

નાનાઃ ચાલો ભૈયા હૂપ હૂપ ! (૩)
મોટાઃ હથિયારો પણ કેવાં કેવાં ? સાચને શાંતિનાં રૂડાં,
રામને રહેમાન જેવાં, વજ્જરને પીગળાવે તેવાં,
બાંધી લેજો !

નાનાઃ બાંધી લીધાં હૂપ હૂપ ! (૩)
મોટાઃ ગાંધી બાપુ ભારતકાજે, ફકીર થઈને હાકલ પાડે,
ઊઠો જાગો નિદ્રા ત્યાગો, ચાલો સૌએ,
રણમેદાને !

નાનાઃ રણ મેદાને હૂપ હૂપ ! (૩)
મોટાઃ સંદેશો સૌને પહોંચાડો, દેશી પહેરો દેશી ઓઢો,
પરદેશીને ઝેર પ્રમાણો, ભારતની જંજીરો તોડો—
ભારતવાસી !

નાનાઃ ભારતવાસી હૂપ હૂપ ! (૩)
મોટાઃ વીર વાનરો રણમેદાને, લાઠી પડશે, ઘોડા ફરશે,
વિમાનમાંથી બોમ્બ ધડૂકશે, ત્યારે કહેજો પ્રચંડ સાદે
આવી જાઓ !

નાનાઃ આવી જાઓ હૂપ હૂપ ! (૩)
મોટાઃ સનનન કરતી ગોળી છૂટે, ધનનન કરતા ગોળા છૂટે,
સંકટના હિમાલય તૂટે, ધૂન મચવજો હસતે મુખડે,
જય હિન્દુસ્તાં ?

નાનાઃ જય હિન્દુસ્તાં હૂપ હૂપ ! [૩)
મોટાઃ નાચો ભૈયા કૂદો ભૈયા, સ્વરાજ સબરસ લૂંટો ભૈયા,
ભારતની આઝાદી કેરાં, ગીત મધુરાં ગાઓ ભૈયા
જય ભારતકી!

નાનાઃ જય ભારતકી હૂપ હૂપ ! (૩)
મોટાઃ સફેદ લીલો કેસર રંગો, મુક્તિના અવતાર સરીખો,
હિન્દી જનમનમોહન પ્યારો, ફરફર ફરતો ઝંડો મારો,
જુગ જુગ જીવો !

નાનાઃ જુગ જુગ જીવો હૂપ હૂપ ! (૩)

મોટાઃ જંગ બહાદુરો કદમ બઢાઓ, ધમધમ ધમ ધરણી ધ્રૂજાવો,
"**धर्मे जय**" તો વિજય તમારો જયજય નાદે ગગન ગજાવો,
સ્વરાજકી જય !

નાનાઃ સ્વરાજકી જય હૂપ હૂપ ! (૩)

મોટાઃ વગર પૂંછડિયા વાનર ભાઈઓ રે

નાનાઃ હૂપ હૂપ હૂપ હે હૂપ !

---

૯

## ગોરો

એક બાલકઃ— છોકરાંઓ રે !

બધાં બાળકઃ— હો.........રે !

એક૦— ગોરો આવ્યો !

બધાં— ક્યાંથી આવ્યો ?

એક૦— મૂઠી જેટલો મુલક મૂકી
દૂરને દરિયેથી આવ્યો !

બધાં૦— વારુ, વારુ, ક્યાં ઊતર્યો ?

એક૦— ચોરાશી બંદરને ખાળે—
સુરતને કિનારે ઊતર્યો.

બધાં૦ વારુ, વારુ, શું શું લાવ્યો ?

એક૦ શું શું લાવ્યો ?.........
કોટ લાવ્યો, પાટલુન લાવ્યો,
સુંડલા જેવી ટોપી લાવ્યો,
દારૂની બાટલીઓ લાવ્યો,
બાટલી સાથે બૂટ લાવ્યો,

લૂંટારાની ખાણુ જેવાં—
વેપારીનાં વહાણુ લાવ્યો,
ભાત ભાતના નખલા લાવ્યો.
ફેશનના બહુ તખતા લાવ્યો;

*

ધૂમાડાના ભૂંગળ સાથે—
દુઃખના તો ડુંગર લાવ્યો,
નકલી ધોતી–સાડી લાવ્યો,
ભૂખ ભૂખ કરતી ગાડી લાવ્યો;

*

લશ્કરની તો લાર લાવ્યો,
ધનના ભૂખ્યા તાર લાવ્યો,
તોપ ને બંદૂક જેવાં—
કેટલાં યે કસ્તૂક લાવ્યો !
રોનક લાવ્યો, ચેટક લાવ્યો.
ન્યાયનીતિનાં નાટક લાવ્યો;
ધોળા દી'નાં ધાડાં સાથે,—
નામર્દીનાં ગાડાં લાવ્યો.

*

કતલના કૈં સંચા લાવ્યો,
પોતાના વહીવંચા લાવ્યો,
સ્વારથના બહુ કિસ્સા લાવ્યો.
દોલત ભરવા ખિસ્સાં લાવ્યો.

×

જાતજાતના સંચા લાવ્યો,
ધર્મ વિનાના ધંધા લાવ્યો,
સ્વારથ કાજે અંધા એવા—
નોકર ચાકર અંધા લાવ્યો;

*

કેળવણીના કૂચા લાવ્યો,
છાપાનાં બહુ ડૂચા લાવ્યો,
કૌરવ જેવાં કૂળ સાથે—
ગુલામીનાં મૂળ લાવ્યો !

×

બધાં— એ અમારે નહિ જોઈએ,
નહિ જોઈએ, નહિ જોઈએ,
એક૦— ગભરાશો નહિ ડરશો નહિ,
પાછી પાની ધરશો નહિ.
ગાફલ થઈને ફરશો નહિ,
ઘર મૂકીને ખસશો નહિ,
ગોરાની એ જંજાળોમાં—
ફસશો નહિ ફસશો નહિ.
મરદ બનો, બહાદુર બનો,
ઘરનું ભણો, ઘરનું વણો,
ઘરના વાંધા ઘરમાં છણો,
સાથે રહીને પેટ ભરો,
છોને વેઠો ભૂખમરો,—
પણ સંપ કરો–પ્રેમ કરો.

×

સચ્ચાઈથી નિર્ભય રહો,
શાંતિ રાખીને દુઃખ સહો,
ભર દુનિયામાં વીર બનો,
ટાણું જોઈ શહીદ બનો.
સ્વાધીન રહીને કદમ ભરો,
ઈશ્વર પર વિશ્વાસ ધરો.
બધાં— વિજય વિજય છે ભારતનો,
વિજય વિજય છે ભારતનો.

૧૦

## ઘેરિયા–ગીત

સમરેક મોરચા

વાનરસેના ! મોરચા.

મારો પડઘી વાનરભાઈ, યુદ્ધની તૈયારી થાય,
—હાંરે હાં ભાઈ.
ધસો ધસો આગે વીર ! ભારતમાના રણધીર !
—હાંરે હાં ભાઈ.
માડીનાં દીપાવો દૂધ, શાન્તિનાં લડી લો યુદ્ધ
—હાંરે હાં ભાઈ.
બીક કોની ધરશો ના, માતને લજવશો ના,
—હાંરે હાં ભાઈ.
અણમૂલો અવસર આ ભાઈ, દેવો પણ ઊતરવા ચહાય;
—હાંરે હાં ભાઈ.
તેડે છે સાગરને તીર, લડવૈયો સાચો ફકીર,
—હાંરે હાં ભાઈ.
ચાલો ચાલો વાનરભાઈ, રામની ફરતી દુહાઈ;
—હાંરે હાં ભાઈ.
ઉતરો રણ મેદાનમાં, ઊછળો વીરા તાનમાં
—હાંરે હાં ભાઈ,
લાઠી પડે તડાતડ, માથાં ફૂટે ફડાફડ
—હાંરે હાં ભાઈ.
ઘોડાની જ્યાં દોડાદોડ, ઊભા રહો જોડાજોડ
—હાંરે હાં ભાઈ.
સનનન ગોળી છૂટે લાખ, મર્દો ના કપાવે નાક;
—હાંરે હાં ભાઈ.
વાનરસેના હોશિયાર ! કૂદકડા માટે તૈયાર !

—હારે હાં ભાઈ.

શૂરા તે શહીદ થાય, કાયરાં તે ભાગી જાય

—હાંરે હાં ભાઈ.

કપરું લીધું માથે કામ, ગઢ લંકા જીતવો છે હામ ?

—હાંરે હાં ભાઇ.

ચાલો ત્યારે રાખો નામ, જય જય બોલો સીતારામ.

—હાંરે હાં ભાઇ.

---

## ૧૧

## રેંટિયો

રેંટિયે લેજો હરિનું નામ:

રેંટિયો દીન તણો દાતાર—રેંટિયે૦

રેંટિયો ભૂખ્યાંનો ભંડાર— ,,

રેંટિયો અન્નજળનો દેનાર— ,,

રેંટિયો વસ્તરનો પૂરનાર— ,,

રેંટિયો દળદરનો હરનાર— ,,

રેંટિયો આંગણાનો શણગાર— ,,

રેંટિયો ગરીબડાંની ગાય— ,,

રેંટિયે ગરવાં ગુણિયલ થાય— ,,

---

## ૧૨

## નીલ સેનાના વાંદરા

ફરકંતા આવે વાવટા, ગજવંતા આવે ગામરે;

મારી નીલ સેનાના વાંદરા.

મારા ગામના દરજીડા રે, વીરા તમને વીનવીએ;

તમે ખાદી કપડાં શીવો રે...

મારી નીલ સેનાના વાંદરા.

મારા ગામના કાપડિયા રે, બાપુ તમને વીનવીએ;
તમે દેશી કપડાં વેચો રે...
મારી નીલ સેનાના વાંદરા.

મારી ગામની માતાઓ રે, બહેનો તમને વીનવીએ;
તમે દેશી કપડાં પહેરો રે...
મારી નીલ સેનાના વાંદરા.

મારા ગામના પિતાઓ રે, વીરા તમને વીનવીએ;
તમે દેશી કપડાં ધારો રે...
મારી નીલ સેનાના વાંદરા.

મારી માતાના ઓ વીરા રે, ભાઈ ઓ તમને વીનવીએ;
તમે દેશી કપડાં પહેરો રે...
મારી નીલ સેનાના વાંદરા.

ફરકંતા આવે વાવટા, ગજવંતા આવે ગામ રે;
મારી નીલ સેનાના વાંદરા.

---

## ૧૩
## ખાદી પહેરંતો મારો છે ભાઈ

મારો છે ભાઈ, મારો છે ભાઈ,
ખાદી પેરંતો મારો છે ભાઈ.

મારી છે બહેન, મારી છે બહેન,
ખાદી પેરંતી મારી છે બહેન.

મારો છે ભાઈ, મારો છે ભાઇ,
વાનરસેનામાં મારો છે ભાઈ.

મારી છે બહેન, મારી છે બહેન,
વાનરસેનામાં મારી છે બહેન.

મારો છે ભાઈ, મારો છે ભાઈ,
પ્રભાતફેરીએ મારો છે ભાઈ.

મારી છે બહેન, મારી છે બહેન,
પ્રભાતકીર્તને મારી છે બહેન.

મારો છે ભાઈ, મારો છે ભાઈ,
ભારતમાતાનો જાયો છે ભાઇ.
મારી છે બહેન, મારી છે બહેન,
ભારતમાતાની જાઈ છે બહેન.
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
સ્વરાજ્ય માટે લડતો છે ભાઈ.
મારી છે બહેન, મારી છે બહેન,
દુખિયાંને માટે રડતી છે બહેન.
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
જેલોના મહેલમાં મારો છે ભાઈ.
મારી છે બહેન, મારી છે બહેન,
ઘાયલની સારવારે મારી છે બહેન.
મારો છે ભાઇ, મારો છે ભાઈ,
લાઠીનો ઝીલનારો મારો છે ભાઈ.
મારી છે બહેન, મારી છે બહેન,
ખમ્માની રાખડી બાંધે છે બહેન.
મારો છે ભાઈ, મારો છે ભાઈ,
કુળદીપામણો મારો છે ભાઈ.
મારી છે બહેન, મારી છે બહેન,
માતાસોહામણી મારી છે બહેન.

ભારત માતાનો જયજયકાર
ભારત માતાનો જયજયકાર
માના ધ્વજનો જયજયકાર
ગાંધીજીનો જયજયકાર
દેશવીરોનો જયજયકાર
રાષ્ટ્રધ્વજનો જયજયકાર
મહાસભાનો જયજયકાર.

જેલ ગયાનો જયજયકાર
ઘાયલ જનનો જયજયકાર
જયજયકાર જયજયકાર

આકાશે છે જયજયકાર
પાતાળે છે જયજયકાર
દશે દિશાએ જયજયકાર
ભારત માનો જયજયકાર
જયજયકાર જયજયકાર

નીલ સેનાનો જયજયકાર
જયજયકાર જયજયકાર.

---

## ૧૪
## ખાદી રંગ લાગ્યો

હું તો કાપડબજારે ગઈ'તી રે, ખાદી રંગ લાગ્યો,
પરદેશીનાં પોટલાં દીઠાં, ને દિલને ડંખ લાગ્યો.
શોધી શોધીને બ્હેન હું તો થાકી રે, ખાદી રંગ લાગ્યો,
જોયાં વાયલ ને આંખ થઈ રાતી રે, દિલને ડંખ લાગ્યો.
હું તો ભર્યા બજારમાંહ્ય ઊભી રે, ખાદી રંગ લાગ્યો,
કોઈ દીઠો ન દેશનો સપૂત, દિલને ડંખ લાગ્યો.
મારા દેશમાં કપાસ ફાલ ફાલ્યો રે, ખાદી રંગ લાગ્યો,
વેચ્યો વેચ્યો વિદેશમાં તમામ, દિલને ડંખ લાગ્યો.
મ્હારા ખેડૂતે ખંતે ઉગાડયો રે, ખાદી રંગ લાગ્યો,
વસ્ત્રહીણાં ફરે છે એનાં બાળ, દિલને ડંખ લાગ્યો.
મારા વણકરની વાત કોણ જાણે રે, ખાદી રંગ લાગ્યો,
પૂરો રોટલો ન પામે એનાં બાળ, દિલને ડંખ લાગ્યો.
શિર ચોંટયું કલંક બહેન કાઢો રે, ખાદી રંગ લાગ્યો.
પરદેશીનો મોહ હવે છોડો રે, દિલને ડંખ લાગ્યો.

## ૧૫
## બાલાની પ્રતિજ્ઞા

હું તો મોટા મંદિરે* ગઇ'તી બ્હેન
મારી માતાએ કાપડ લીધું બ્હેન!
કોતરેલો ચીકનનો ચણિયો બ્હેન!
વેલબુટ્ટાની ઓઢણી લીધી બ્હેન!
લીધું ચોળીનું કાપડ રેશમી બ્હેન!
લીધાં 'ફ્રીનીસ' 'પાઇપીન' 'ઝાલર' બ્હેન!
લીધું લીધું ને દિલ મારું દૂભવ્યું બ્હેન!
પરદેશી કાપડ કેમ પહેરું બ્હેન!
એ પહેરીને પૂજા કેમ કરું બ્હેન!
મારી માતાને વિનવી થાકી બ્હેન!
હું તો ઊઠીને દૂર જઈ ઊભી બ્હેન!
મેં તો લીધી પ્રતિજ્ઞા પ્રેમથી બ્હેન!
નહીં પહેરું કાપડ પરદેશી બ્હેન!

## ૧૬
## પરદેશી વેપારી

પરદેશી વેપારીઓને પૈસા શાના દઈએ રે!
અમારી ભારત માતાને રામ રામ કરીએ રે.
કહો કસ્તુરબા! કહો મીઠુ બ્હેન!
તમને કેવી બ્હેનો ગમશે બ્હેન!
તન મન મચકો કારેલી.
અમને ખાદી પહેરે તે ગમશે બ્હેન!
તન મન મચકો કારેલી!

---

* સ્ત્રીઓના બરના વિદેશી કાપડનું બજાર.

એ ખાદીવાળીને શું કરશો બહેન!
તન મન મચકો કારેલી!
એ સ્વરાજ વહેલું લાવશે બહેન!
તન મન મચકો કારેલી!

---

૧૭

## પરદેશીનાં ટોળાં

આ પરદેશીનાં ટોળાં બહેન!
કાઢો રે કોઈ કાઢો રે.

એની સાથે જે જે લાવ્યા બહેન!
કાઢો રે કોઈ કાઢો રે.

એણે લૂંટયો ભારત આખો બહેન!
કાઢો રે કોઈ કાઢો રે.

એણે સોનાના સિક્કા લૂંટયા બહેન!
કાઢો રે કોઈ કાઢો રે.

એણે કથીરના ટુકડા આપ્યા બહેન!
કાઢો રે કોઈ કાઢો રે.

એણે વણકરનાં કાંડાં કાપ્યાં બહેન!
કાઢો રે કોઈ કાઢો રે.

દેશી કાપડનો ધંધો તોડયો બહેન!
કાઢો રે કોઈ કાઢો રે.

એણે પરદેશી કાપડ આણ્યું બહેન!
કાઢો રે કોઈ કાઢો રે.

---

૧૮

## ત્રણની ટોળી

આપણી ત્રણ જણાની જોડી,
એને કોઈ શકે નહિ તોડી.

શાહુકાર, જમાદાર,
દારૂનો ઇજારદાર,
ત્રણે થઈને ધારીએ તો,
દુનિયા નાખીએ તોડી;
આપણી ત્રણ જણાની જોડી.

આપણી ત્રણેની ભાઈબંધી,
એને કોઈ શકે નહિ ખંડી;
બંદૂકવાળો, દારૂવાળો,
સોનાના સિક્કાઓ વાળો
ત્રણે થઈને ધારીએ તો
દુનિયા કરીએ અંધી;
આપણી ત્રણેની ભાઈબંધી.

આપણું ત્રણ જણાનું ગાડું,
એને કોઈ ન આવે આડું;
કલાલિયો, વેપારિયો,
રાજનો વળી રાજિયો;
ત્રણે થઈને ધારીએ તો
ડંકો બધે વગાડું;
આપણું ત્રણ જણાનું ગાડું.
આપણી ત્રણ જણાની ટોળી,
એવી જગમાં ન જડે ખોળી.

દારૂદાર, મૂડીદાર,
સત્તાધારી સરકાર;
ત્રણે થઈને ધારીએ તો
કરીએ મોટી હોળી;
આપણી ત્રણ જણાની ટોળી.

---

૧૯

## પનિયારીને

એ પનિયારી! એ પનિયારી!
તારાં બેડાં ક્યાં મૂકી આવી બહેન!
અચકો મચકો કારેલી.
મારાં ભરેલાં બેડાં ફૂટયાં બહેન!
અચકો મચકો કારેલી.
ક્યાં ગઈ'તી તું પાણી લઈને બહેન!
અચકો મચકો કારેલી.
હું ધરાસણામાં ગઈ'તી બહેન!
અચકો મચકો કારેલી.
એ રણ વગડે કેમ ગઈ'તી બહેન!
અચકો મચકો કારેલી.
તરસ્યાને પાણી પાવા બહેન!
ત્યારે બેડાં શાથી ફૂટયાં બહેન!
અચકો મચકો કારેલી.
સરકારી સિપાઈઓ આવ્યા બહેન!
અચકો મચકો કારેલી.
એ સિપાઈ શું શું બોલ્યા બહેન!
અચકો મચકો કારેલી.
એણે લાઠીથી બેડાં ફોડયાં બહેન!
અચકો મચકો કારેલી.

---

૨૦

## કેસરિયો વર

ગોરમાનો વર કેસરિયો, સ્વરાજ લેવા જાય રે ગોરમા !
હાથમાં પૂણી ને તકલી, કાંતતો કાંતતો જાય રે ગોરમા !
પહેરે છે જાડી ખાદી, ઊજળો ઊજળો જાય રે ગોરમા !
ઉઘાડા પગથી કાંકરા, ખૂંદતો ખૂંદતો જાય રે ગોરમા !
જુલ્મી સરકારના કાયદા, તોડતો તોડતો જાય રે ગોરમા !
એક જ ધૂન સ્વરાજની, જપતો જપતો જાય રે ગોરમા !
ગોરમાનો વર કેસરિયો, સ્વરાજ લેવા જાય રે ગોરમા !

---

૨૧

## ભારત ભોમ વિશાળ

મા ! ભારત ભોમ વિશાળ તું સૌથી મોટી,
તવ કરીએ મંગળગાન તું માતા મોરી
મા ! ભારત૦—

મા ! શૂરવીર સંતાન તારાં ઘૂમે છે,
મા ! દશે દિશાએ નામ તારું વ્યાપે છે
મા ! ભારત૦—

મા ! એક હાથ બંગાળ બહુ બળવંતો છે
મા ! બીજે તે ગૂજરાત ગૌરવવંતો છે
મા ! ભારત૦—

મા ! ભાલ વિષે પંજાબ દેહ ભભૂકે છે
મા ! દેહ તણી દીવાલ આડી ખડકે છે
મા ! ભારત૦—

મા! દક્ષિણ ને તામિલ તાંડવ ખેલે છે,
મા! ગંગા જમના ગીત તારાં રેલે છે.
મા ! ભારત૦—
મા! આભ અડીને પહાડ ઊંચા ઊભા છે,
મા! જય જય તવ ચિરકાળ તારો બોલે છે.
મા ! ભારત૦—

---

## ૬
# પ્રસાદગીતો

## ૧
## નિમંત્રણ

આવો, આવો, સકલ ભારતકુમાર !
તજ માન મોહ મદ અહંકાર;
હુઆ દર્શનસે આનંદ અપાર. આવો૦
યહ ધન્ય દેશ ઔર ધન્ય કાલ,
જહાં મિલે બંધુ સબ ઉર વિશાલ;
સ્થિર રખે ઈશ ! યહ સદ્વિચાર. આવો૦
નિર્બળ નિર્ધન સબ નિઃસહાય,
બિન ઐકય નહિ અબ કુછ ઉપાય;
અબ તો મમતા ન કીજે પ્રચાર, આવો૦
દુઃખ સે બચનેકા માર્ગ એક
અપને પનકી સબ ગ્રહો ટેક.
નિશ્ચય હોગા ફિર જયજયકાર. આવો૦

૨

## કોઈનો લાડકવાયો.

રક્તટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે;
કેસર–વરણી દેશસેવિકા કોમળ સેજ બિછાવે;
ઘાયલ મરતા મરતા રે,
માતની આઝાદી ગાવે. (૧)

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ સુત વીરની રણશૈય્યા પર લળતી,
મુખથી ખમા ખમા કરતી,
માથે કર મીઠો ધરતી. (૨)

થોકે થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને,
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને. (૩)

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો,
અણપૂછ્યો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો. (૪)

એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ–કચોળાં નવ કોઈ બહેની લાવી,
કોઈના લાડકવાયાની,
ન કોઈએ ખબરે પૂછાવી. (૫)

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી.
સનમુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપ ટપ છાતી ચૂતી,
કોઈના લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી. (૬)

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં એ આંસુ કપોલ પર ઠહેરાયાં.
આતમ–દીપક ઓલાયા.
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં. (૭)

કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એના હૈયા ઉપર કર–જોડામણ કરજો.
પાસે ધૂપસળી ધરજો,
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો ! (૮)

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ઠ કપોલે ભાલે ધરજો ચુંબન ધીરે.
સહુ માતા ને ભગિની રે !
ગોદ લેજો ધીરે ધીરે ! (૯)

વાંકડિયાં એ જુલ્ફાંની મગરૂબ હશે કો' માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે એ રાતા.
રે ! તમ ચુંબન ચોડાતાં,
પામશે લાડકડો શાતા. (૧૦)

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડતી,
ઉરની એકાન્તે રડતી,
વિજોગણ હશે દિનો ગણતી. (૧૧)

કંકાવટીએ આંસુ ઘોળી, છેલ્લું તિલક કરંતા,
એને કંઠ વીંટાયા હોશે કર એ કંકણવંતા.
વસમાં વળામણાં દેતા,
બાથ ભીડી એ પળ લેતા. (૧૨)

એની કૂચ કદમ જોતી અભિમાન ભરી મલકાતી,
જોતી એની રુધિર છલકતી ગજગજ પહોળી છાતી,

અધખીડીયાં બારણિયાંથી,
રહી કો' હશે આંખ રાતી. (૧૩)
એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે.
કોઈના લાડકવાયાને,
ચૂમે પાવક-જવાળા મોઢે. (૧૪)
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પત્થર પર કોતરશો નવ કોઇ કવિતા લાંબી.
લખજો ' ખાક પડી આંહી
કોઇના લાડકવાયાની. '

---

૩

## ભારતનો જયકાર

ભડવીર ઊઠો લડવૈયા, દેવી ખખડાવે દ્વાર.
કેસરિયાં કાજે મૈયા, કરતી ભીષણ પડકાર.
ધ્વજ સાહી કરે, નિર્ઘોષ કરે, જનની જાયા નરનાર.
જય ભારતનો, જય ભારતનો, ભારતનો જય જયકાર.
રણધીર ધપો લડવૈયા, દરિયો ઉઘડાવે દ્વાર.
ડોલે પરદેશી નૈયાં, ત્રિખંડ વીંધે ટંકાર.
રણવ્યૂહ રચ્યો, સંગ્રામ મચ્યો, રણકે ઘટઘટ રણકાર.
જય ભારતનો, જય ભારતનો, ભારતનો જય જયકાર.
શૂરવીર ચલો લડવૈયા, કૂચ કરીએ મુક્તિદ્વાર.
દેવાસુર જંગે ભૈયા, શાં બખ્તર, શાં હથિયાર ?
ડગલે પગલે, અહિંસા જ ઢળે, પીગળે પાર્થિવ તલવાર,
નિજ નાયકને નિશાન લખીશું, ભારતનો, જય જયકાર.

---

## ૪
## અભિલાષા

મેરી જાં ન રહે મેરા સર ન રહે,
સામાં ન રહે ન યે સાજ રહે;
ફક્ત હિંદ મેરા આઝાદ રહે,
માતાકે સર પર તાજ રહે—મેરી.
પેશાનીમેં જીસકે શોભે તિલક,
ઔ ગોદમેં ગાંધી વિરાજ રહે;
ન યે દાગ બદન મેં સુફેદ રહે,
ન તો કોઢ રહે ન યે ખાજ રહે—મેરી
શિખ હિંદુ, મુસલ્માં એક રહે,
ભાઇ ભાઇસાં રસ્મો રિવાજ રહે;
ગુરૂ ગ્રન્થ કુરાન પુરાન રહે,
મેરી પૂજા રહે સૌ નમાજ રહે—મેરી.
મેરી ટુટી જાડૈયામેં રાજ રહે,
કોઇ ગર ન દસ્તન્દાજ રહે;
મેરી બીવકે ભાર મિલે હો સભી,
એક ભીની મધુર આવાજ રહે—મેરી.
યે કીશાન મેરે ખુશ હાલ રહે,
પૂરી હો ફૂભલ સુખ સાજ રહે;
મેરે બચ્ચે વતન વૈ નિસાર રહે,
મેરી માબહિનોં કી લાજ રહે—મેરી,
મેરી ગાયેં રહે મેરે બૈલ રહે,
ઘરઘર મેં ભરા સબ નાજ રહે;
ઘીદૂધકી નદિયાં બહતી રહે,
હરસૂ આનંદ સ્વરાજ રહે—મેરી.
માધોકી હૈં ચાહ ખુદાકી કસમ,
મેરે બાદ વશત યે બાજ રહે;
ગાઢેકા કફન હો મુજ પે પડા,
બન્દે માતરમ્ અલ્ફાજ રહે—મેરી.

૫

## ઊઠ જાગ મુસાફિર

ઊઠ જાગ મુસાફિર, ભોર ભઈ! અબ રૈન કહાં જો સોવત હૈ?
જો જાગત હૈ વો પાવત હૈ, જો સોવત હૈ વો ખોવત હૈ!
ટુક નિંદ સે અખિયાં ખોલ જરા!—ઓ ગાફીલ, રબસે ધ્યાન લગા!
યે પ્રીત કરનકી રીત નહીં—રબ જાગત હૈ તુ સોવત હૈ!
એ જાન ભુગત કરની અપાની—ઓ પાપી, પાપ મેં ચૈન કહાં?
જબ પાપ કી ગઠરી શીશ ધરી—ફિર શીશ પકડ ક્યોં રોવત હૈ!
જો કાલ કરે વો આજ કર લે—જો આજ કરે વો અબ કર લે!
જબ ચીડિયન ખેતી ચુગત ડારી—ફિર પછતાવે ક્યા હોવત હૈ!

૬

## માડીની ધૂળ

હોય ભલે મોટી મોટી મહેલાતો શોભાવાળી,
જે ઝૂંપડીએ જન્મ લીધો લાગે મુજને રઢિયાળી.
ગોરી ગુમાન ભરી માતાઓ જગમાં સંપતશાળી,
દીન ભલી મારી માડીની ગોદ મને હૂંફાળી.
શી સોહે રાજાની વાડી લીલી કુંજોવાળી,
મીઠી મુજને ઘર આંગણના લીમડિયાની ડાળી.
ઝગ ઝગતા વીજળીના દીવે રોજ બધે દીવાળી,
તેલપૂર્યા માના દીવડિયાની શોભા નિહાળી!
મૈલ મિનિટે ઊડે માન વધ્યાં જગ ભૂંકણ ગાડી,
હૈયું હરખે નિરખીઁ વ્હેલડીઁ ધમધમ ઘુઘરમાળી.
સોંઘીં ભલી ભાતી વિદેશી ફૂંકે ઊડતી સાડી,
હું મરજાદીને માડી જાયાંની ખપતી ખાદી.
છો જગ કહેતું આખું મુજને અણસુધરેલ અનાડી,
વહાલી તારી ધૂળ મને પવિતર હો જુગ જુગ માડી!

૭

# જોગીની જહાંગીરી

જોગીની જહાંગીરી જાણે કો નાથજી,
તપસીના તપની કો વીરતા હજો,
સંસારની સાથે એણે લીધાં કેસરિયાં.
માયાના સૈન્ય શું એ એકલો મથે—જોગીની.

કીધી કપાળે જગત શોણિતની ટીલડી,
દેહ વિભૂતિ ભવ બાળી ભરી,
દીધું જળાવી નીજ જીવનને યજ્ઞમાં,
ચાલ્યો સંગ્રામે દીલ કફની ધરી—જોગીની.

વસમાં કીધાં એણે વહાલાંનાં વહાલને.
ધોળીધોળી એણે વખડાં પીધાં,
અંગેથી વાઘા ઉતારી જગ તેજના,
ઊંડા અંધારનાં ભગવાં લીધાં—જોગીની.

આશાનિરાશાને ઘાલી છે પેંગડે.
બાંધી છે કામનીને આત્મબળે,
જોગી ઝુકાવે એવો જોગી મન ઘોડલે,
સતનું ખાંડુ હાથે ઝબઝબ કરે—જોગીની.

ઘેરી ઘેરી રહે દુશ્મનોના ઝૂંપડાં,
આત્મા અડગ એનાં વચ્ચે ઝૂઝે,
જગમાં અલખ રણહાક એની ગાજતી,
દેવનાં સિંહાસન સ્વર્ગે ધ્રૂજે—જોગીની૦

એ રે જોગીએ જીત્યાં તનમનનાં કોટડાં,
જીત્યાં બ્રહ્માંડ એણે દમમાં ઘૂંટી,
મૃત્યુને ચોળી પીધા અમૃતના ઘૂંટડા,
એ રે જોગીએ લીધો હરીને લૂંટી—જોગીની૦

વાગે છે દેવતાના દુંદુભી સ્વર્ગમાં.
વરસે છે દુનિયામાં રસની ઝડી.
ધન્ય હો જોગીની જહાંગીરી નાથજી.
જગને કલ્યાણની બૂટી જડી—જોગીની૦

---

૮

## કોની હશે એ બંસરી ?

અમ ઉરનિધિ ઉછળાવતી,
ગિરિશૃંગને ડોલાવતી;
નવજીવન રગ રગ સિંચતી,
કોની હશે એ બંસરી ?
સિદ્ધાર્થ ત્યાગ જગાવતી.
જનહિત મંત્ર સ્ફુરાવતી.
પણ ભીષ્મતા પ્રકટાવતી,
કોની હશે એ બંસરી ?
નિજ ધર્મપાલનમાં દધીચિ.
દિવ્યગાન સુણાવતી,
સંજીવની સંગીત ભરતી,
દિવ્ય કોની બંસરી ?
હરિશ્ચંદ્ર રઘુકુલ–રામ.
ધ્રુવ પ્રહ્લાદના આદર્શની.
કલિકાળમાં ઝાંખી થતી,
કોની હશે એ બંસરી ?
એ વિશ્વવિજયી પ્રેમના.
સામ્રાજ્યને સંસ્થાપતી.
જય ધન્ય વીર ફકીરની જય !
ગોપાલ–મોહન બંસરી.

---

૯

# ખદ્દર દેવ

ગાંધીજી ગુજરાત આવ્યા, ખાદીનો પેગામ લાવ્યા.
રેંટિયાંને શાળ લાવ્યા. ઘરઘરનું સ્વરાજ લાવ્યા.
હાથે લોઢીને રૂ લાવ્યા. હાથે પીંજી પૂણીઓ લાવ્યા.
હાથે કાંતેલ સૂતરની, હાથ વણેલી ખાદી લાવ્યા.
ઘરઘરથી નરનારી આવો, બુઢ્ઢાં એ ડોશીમા આવો,
અનાથને રાંકડિયાં આવો, દેવામાં ડૂબેલાં આવો;
ખેતરના ખેડૂતો આવો, ડુંગરના ભીલો આવો,
ગામ અને ઘર છોડી રહેતા, શહેરી મીલ મજૂરિયા આવો.
કાતરિયામાં કાટ ખવાતાં, સડી હવાઇ લોટ થાતાં
રેંટિયો ને શાળ તોયે, કૈં કૈં તો ખાવાનું દેતાં.
ઘરમાં બેઠાં, માળે બેઠાં, ટોળ અને ટપ્પાંમાં બેઠાં,
નામ હરિનું લેતાં લેતાં, ધીમે ધીમે સૂતર કાંતો.
શાળવીં સૌ શાળ લાવો, પીંજારા સૌ પીંજણ લાવો.
સૂથારીનો સાથ કરીને લુહારી સૌ ત્રાક લાવો;
સૈકાથી લૂંટાતા ચાલ્યા, પરતંત્રે પીસોતા! ચાલ્યા.
ઘરનો ધંધો ખોઇ દઇને, ચૌટામાં વેચાતા ચાલ્યા.
શાળવીઓ કહે, દેવ આવ્યો, ધંધો મારો લેતો આવ્યો.
પીંજારો કહે, વીર આવ્યો, પીંજણિયામાં પ્રાણ લાવ્યો.
કોઇ કહે, કારીગર આવ્યો, કોઈ કહે, ભડવીર આવ્યો,
કોઈ કહે, અમ ઉદ્યોગનો, સાચો તારણહાર આવ્યો.
અનાથ કહે કે નાથ આવ્યો, નોંધારે આધાર આવ્યો.
ભૂખે પેટે સૂનારાના ખાડાનો પૂરનાર આવ્યો.
અણુપઢનો જાદુગર આવ્યો.તપિયાંનો ગુરુદેવ આવ્યો,
શિક્ષિતોનો કલાકાર દુઃખીનો "ખદ્દર દેવ" આવ્યો.

## ૧૦

## બેસી શું રહ્યો ?

જાય છે વેળા વીતી ઘાટે બેસી શું રહ્યો ?
ઓ તું જોઇ શું રહ્યો ?
છોડને તારી હોડી, આજે છોડ—ઓ તું બંધ સકલ તોડ—
જૂનાં બન્ધન સહુ તોડ !
વિજય ઘાટે આજે તારો સમય જો ગયો !
ઓ તું જોઈ શું રહ્યો ?—જાય છે૦
શૂન્ય ઉરે આભે,
ઓ તું આમ શું નિહાળે ?
ક્ષિતિજ પરે તારે કાજે ચંદ્ર જો ઊગ્યો !
ઓ તું બેસી શું રહ્યો !—જાય છે૦
સૂકાં પર્ણે પવન જો ત્યાં ઘાટે સૂઈ રહ્યો,
જગાડ તેને ફૂંકે તારી—વ્યાકૂળ શું થયો ?
ઓ તું જોઈ શું રહ્યો ?
હીંચે સાગર શ્વાસે તારે,
દૃષ્ટિપાતે જગત જાગે,
પથ બતાવા વ્યોમે પેલો
અરુણ જો ચડયો,
ઓ ! તું જોઈ શું રહ્યો ?
જાય છે વેળા વીતી૦

---

## ૧૧

## ચરવડા

જીવનનાં મૃદુમીઠાં ઝરણાં પ્રતિપળ જ્યાં સૂકાયે,
આશા મ્લાન વદન જ્યાં રોતી ધરા ધખે નિત હાયે;
એવી ભીતરની કથની !
પૂછો નહિ ભાઈ અને ભગિની !

પાપો લીલાં ચોકી કરતાં ઊભાં નિશદિન દ્વારે,
માનવભાવથી જે ત્યાં સર્વે, ખીલે કુકર્મો ફાલે;
બાળે ભડભડતી ઝાળે,
જુલમની ભઠ્ઠી કાયાને !
એ નરકે તપ તપવા વિચરે કુમકુમ પગલે કોડે,
દેશસેવિકા કોમલ અંગી, આજે થોકે થોકે !
વિલોકે નેણ અધમ તેને,
દીઠેલ રવિએ નહિ જેને !
વહાલભર્યા કર કો માડીના, ગૂંથતા નિત જે વેણી,
વણહોળેલી વિખરાતી તે–આજ વીંખે લટ તેની,
અધમ કો દુષ્ટ અપમાને—
અકથ દઇ ગાળ પ્રતિ વહાણે !
દેવપૂજાનાં કુસુમો ચૂંટતાં અંગુલિ લાલ બને જે,
રુધિર ટપકતી કાંટાળાં તે કાથા મૂંજ વણે છે !
રક્તની અંજલિઓ દેતી,
સલૂણી આશા ભરી રે'તી;
ધરતીનું એ દોઝખ જોવા કઠણ કરી ઉર પળજો,
સૂની એ મરુભૂમિમાં ત્યાં દૂર થકી નીરખજો—
વીર કંઇ ભારતી જાયાની
વ્યથાઓ મૂંગી ને છાની.
પગની ઘૂંટી ખુલ્લી ન જેની ઝુલ્ફાં મગરૂર શીરે,
વણવસ્ત્રા ને મૂંડેલા તે ખેંચે ધીર અધીરે—
કારમી ચક્કીઓ ભારે
પ્રતિપળ જળતાં તુંકારે.
છાતી દુઃખે તૂટે અંગો જ્વરથી કાયા કંપે,
અંગુલિથી છો લોહી ટપકે ચક્કી ઘડી ના થંભે—
સડોસડ સોળ ઊઠે અંગે
ભીંજતો લોહ રુધિર રંગે !

ઉષા ખીલે નભ સંગીત રેલે, રંગની હેલી જામે
'ચક્કી પીસો' 'ચક્કી પીસો' શબ્દે તે લય પામે !
ચક્કીના ઘોરમહીં ઊંડે,
વ્યથાઓ અંતરની ખૂડે !

હાંકે જેની ધરણી ધ્રૂજે ઊડતા જે વણ પાંખે,
વીર્ય અતુલ જે કર દાખવતા તેજ ઝરે જે આંખે,
વહે તે વીર નરક ખાંધે
દીન સમ વેણ કટુ સાંખે,
ઘરડી આંખે કર ધ્રૂજંતા માડીને જે જોતા,
લાકડી ટેકે હીંડે એવા વળી ગયેલા ડોસા,
સતત ત્યાં શિર ભાર વહેતા,
ઠોકરે પડતા અથડાતા !
ઘોમ ધખ્યો મધ્યાહ્ન તપે છો, કણ્ઠે પ્રાણ સુકાયે,
ભાલ ટપકતા બિન્દુ વિણ નહિ જળનું નામ જરાએ,
કાળમીંઢ પથ્થર તે ફોડે,
સળગતી નભ–ચાદર ઓઢે.
કાયા કળતી આંખો બળતી નભ ચડતું ચગડોળે,
તૂટી પડે છો અંગો હેઠાં-ધરતી લેશે ખોળે—
સહોદર હોય ભલે સાથે,
સળગતો સૂરજ કર માથે !
અકળાશો માઃ ઉર–ભેદક એ વીર કથા હજી બાકી—
રાષ્ટ્રવીરનો શોણિત રંગ્યો ગળફાંસો ત્યાં કારી
નીરખજો વેણ કંપિત નેને,
ભરી ઉર શહીદીને ઘેને.
એવી શહીદીની વણચૂક્યા અક્ષર ત્યાં જઇ ખાંતે
ઉકેલજો ધડકંતે હૈયે એકલડા એકાન્તે

ચૂમજો પગલાં તે શોધી
ધૂળ તે સંઘરજો મોંઘી.
ચાર જનેતાના લાડીલા, ચાર સલૂણા જાયા,
તરુણ અરુણશા તેજ ભરેલા મૂકી ગયા અહીં કાયા,
ખીલતાં કુસુમો કરમાયાં !
રાષ્ટ્રને ચરણે હોમાયાં !
સ્વજનો કેરી વસમી છેલ્લી વિદાય કો વર્ણવશે ?
કણ્ઠ વીંટાયા કર બે નાજુક પીંછી કઈ ચીતરશે ?
સૂણતાં પથ્થર પણ દ્રવશે !
નીરખતાં વિશ્વ બધું રડશે !
તિમિર–પીછોડી હેઠળ ત્યાં તે કર્મ સમાપ્યું કાળું
નિઃશ્વાસે છાનાં નવ રે'તાં દ્વારે લટકયું તાળું—
ધરાનું અન્તર ચીરાયું,
ઉષ્ણ ત્યાં લોહી રેડાયું !
એ શહીદોને કર્ણે કોએ "રામ" મંત્ર નહિ ફૂંકયો,
માર્ગ બતાવા એને કોએ ઘૃતદીપક નહિ મૂકયો
ન કોએ પિણ્ડ કરે દીધો !
વિસામો કહીં એ નવ કીધો !
એ વીરોનાં વહાલાં કેરાં ઉન્હાં આંસુ લહોજો !
શેષ ભસ્મ ને અસ્થિ ઉપર ચણજો મંદિર રોજો !
ભસ્મને ગંગોદક પાજો—
વીરના જસ ઉજ્જવલ ગાજો !

× × ×

એવી ભીતર કેરી કથની સૂણતાં હૈયાં તૂટે.
તોય નહિ ત્યાં ઘોડાપૂર શાં ધસતાં વહેણો ખૂટે
ટેકીલી હિન્દી જનતાનાં,
જુલમ ને વમળે ઘુમરાતાં !

એવા એ સહુ રાષ્ટ્રવીરની કોઈ દયા નહિ આશો.
હૈયે આગ ઊઠે તો જઈને સાથી બની કર સહાશો.
રોકજો અધવચ નીસાસો
વીરને સાથ જ દીલાસો.

---

૧૨

## કમાવા રોટલો દેને

તમારાં કાળજાં શેનાં છે ?
તમારા દિલમાં દયા છે ?
તમે કેમ હૈયાસૂના છો ? ધ્રુવ૦

દેશમહીં આ દવ લાગ્યો ને સળગી મહેલમહેલાત,
બૂંગિયા વાગ્યા, માતના જાયા ધાજો દેશની વહાર,
તમે કેમ ઊંઘમાં ઘોરો છો ? તમે કેમ૦

શૂરલા જાગ્યા, વીરલા જાગ્યા, જાગ્યા ભડ બહાદુર,
મસ્તકના મેલનારા જાગ્યા, તનના ફેડણહાર,
અમીરાઇ ઠેસમાં ઠેલણહાર. તમે કેમ૦

માતને આજે આંખ બળાપા, લોકને નિત અપવાસ;
લાલ પીળાં ત્યારે ચીર તમારે ભોજન ને મુખવાસ.
ગુલાલી ગેલ કરો છો રે તમે કેમ૦

ગેલ કરો, તમે ખેલ કરો, ને ભૂલો તમારા ભાઇ;
ઊંઘમાં કે અજ્ઞાનમાં પેલો પારકો ચૂસી જાય.
તેને દો છો મૂઠીએ મૂઠી રે તમે કેમ૦

લાજલૂંટાતી, લખમી જાતી, ભૂખની લ્હેયો લાગી;
અન્નવિહોણાં, વસ્ત્રવિહોણાં, ઘરવિહોણાં અભાગી.
પડોશી તમ છે લાખો લાખ તમે કેમ૦

રોટલા ખોયો, ઓટલો ખોયો, ખોયાં ચૌટાં ને ચોક;
ગેલમાં ખેલમાં પારકો તારે આવી ભરાયો ગોખ.
તમોને દાસ બનાવ્યા રે તમે કેમ૦
પારકો જાયો પેટ તમારું ચીરીને ચૂસી ખાય;
હોંશથી એને શીરોપૂરી તમે ખવાડો ભાઇ.
ભાંડુ ભલે ભૂખથી માર્યા જાય તમે કેમ૦
આટલું તેથી ભૂખ્યો ભાંડુ પેટ બતાવી માગે;
આટલું આજે નાગો ભાંડુ અંગ બતાવી માગે.
તારા દિલમાં રામ જો જાગે તમે કેમ૦
ભાઇ ! ના માગું શીરાપૂરી, માગું ના હીરનાં ચીર,
વેંતનો મારો પેટનો ખાડો પૂરવા માગું ખીર.
માગું ચાર હાથનું લૂગડું રે તમે કેમ૦
ભીખ ના માગું, દાન ના માગું, માગું ના મફત કાંઇ;
બે પૈસાની રોજી માગું, મહેનત માગું કાંઇ.
મારો જરા માલ તું લેને રે તમે કેમ૦
મેં આ પીંજ્યું, મેં આ કાંત્યું. વણ્યું મેં દિવસ રાત;
જાડું ઝીણું કાપડ કીધું, જેવી તેવી ભાત;
મથ્યો ચાર દામની આશે રે તમે કેમ૦
કોમળ તારી કાયા જાણું, જાણું તું પૈસાદાર;
જાડું મારું કપડું એના ખૂંચે તને તાર;
વિદેશી તો વહાલું લાગે રે તમે કેમ૦
તારે બહેન છે પીડા આ તો માલ નઠારો જાડો;
મારી પીડા બહેન તું જાણે, પેટમાં મારે ખાડો ?
મઝા તારે આપદા મારે રે તમે કેમ૦
બહેન તું મારી, ભાઈ તું મારો, દિલમાં તારા રામ;
પગ આગળ ટળવળતાં તારા ભાંડુરેને ઠેલી તમામ.
વિદેશી અમથી વહાલો શું ? તમે કેમ૦

લખમી તારી વિદેશમાં શું આંખ મીંચી ઠેલીશ ?
ભૂખ્યા તારા ભાઇને પેટે પગ તારો મેલીશ ?
કમાવા રોટલો દેને રે તમે કેમ૦

રોટલો માગું, મહેનત આપું, માગું ના પાઇ હરામ,
કરોડ તારાં ભૂખ્યાં ભાઈના દિલમાં રહેતો રામ.
તારી કને આટલું માગે રે,
મને ખાવા રોટલો દેને રે,
દિલે તારા રામ જો જાગે રે. તમે કેમ૦

---

૧૩

## લાઠીધારીને

પતિતપાવની વહી રહી છે, આજ ગંગા હિંદમાં;
તું કૂપમંડૂક શું પિછાને, આ હમારા સ્નાનને.
સળગી રહ્યો છે અંગઅંગે જ્વાલ સહુ દિશ ફેંકતો;
પાષાણઉરનો શું પિછાને એ અમારા અગ્નિને.
સૌભાગ્ય કુમકુમ ભૂંસજે, જલ્લાદ શોણિત કાઢજે;
તું લાઠીધારી શું પિછાને, એ રૂડા બલિદાનને.
તું હસ્તકંકણ ફોડજે, બેડી ભલે ત્યાં બાંધજે;
કુંઠિતમતિ તું શું પિછાને, આ હમારા યજ્ઞને.
કાયર બનીને ઘોર વનમાં, તું ભલે પધરાવજે;
તું મંદબુદ્ધિ શું પિછાને, એ અમારી વેદીને.
તું નાશ કરજે ક્ષેત્રનો, ઘરબાહર લૂંટી રાચજે;
તું શબ સમો તે, શું પિછાને ઉરના અંગારને.

## ૧૪

# સર્જકશ્રેષ્ઠ આંગળાં

' બેટા અહીં એ છરી કાં ન આણે ? "
વદી જરી વૃદ્ધ નમી ઊભો થયો;
પડી મૂકી શાળ અપૂર્ણ વાણે;
ધરી ભીનાં નેન નીચાં શમી ગયો.
ત્રિભંગથી સહેજ છટા પ્રસારી,
ભરી બધે સ્વાંગ સુવર્ણ રંગના;
સંધ્યા તણા કેશ જરા સમારી,
ડૂબે રવિ શાશ્વત કાલગંગમાં.
'બેટા ! અહીં એ છરી કાં ન આણે ?'
વદી ફરી વૃદ્ધ હસી ઊભો રહે;
પડી મૂકી શાળ અપૂર્ણ વાણે;
અનંત આરે કંઇ શોધવા ચહે.
ગ્રહી છરી; ઓષ્ઠ સુમંદ ધ્રૂજે,
લહી રહે પાંચ સુરેખ આંગળાં;
ને આંખમાં ભાવ અકથ્ય ઝૂઝે,
ધીમે ધીમે શબ્દ સરંત પાંગળા.
'જનો તણી લાજ તમે વિદારી,
ઢાંક્યાં તમે લોક ધ્રુજંત ટાઢમાં;
ઢાંકી જરા સુંદરતા પ્રસારી,
લૂછ્યા ભીના દેહ તમે અષાઢમાં,
' દિલ્હી તણી એ નવયૌવનાઓ
સજી સુવસ્ત્રો શબનમ્ સમાં વણી;
કૃતાર્થ ભાવે સજી નૂર્જહાંઓ
હવા સમાં ચીર ઝીણાં વણી વણી.
પરન્તુ એવી તમ સૌ કળાએ

ગુલામ ;શો આજ મને કરી મૂકયો.
કલા તણી સુંદર સર્જનાએ,
હીણો કર્યો આજ મને, વદી ઝૂકયો.
રહી ગયા હસ્ત વદંત પાંગળા,
નીચે પડયાં સર્જકશ્રેષ્ઠ આંગળાં !

[ રેશમનું કામ કરનારા નાગોડ જાતનાં કારીગરોએ પોતાની પાસેથી બળાત્કારે કામ ન કરાવવામાં આવે તે ખાતર પોતાનાં આંગળાં કાપી નાંખ્યાં હતાં—**બોલ્ટસ** ]

---

૧૫

## હિઝરતે

જોધે ચડયાં વીર જોબન ઊભર્યાં, પાછા ફર્યાં કહીં સાંભળ્યું દીઠું ?
ધરા ધ્રુજાવતા દિશા ડોલાવતા ભોંઠા પડયા કહીં સાંભળ્યું દીઠું ?
ફાટતાં હૈયાં ફાટફાટ માયાં છાબડીમાં કંઇ ભાળ્યાં સમાતાં ?
તેત્રીસ ક્રોડની આંખનો આતસ, સ્હેજે શમ્યો કહીં સાંભળ્યું દીઠું ?
.........જોધે.

સાંભળ્યું હોય તો પરભાષામાં, દીઠું હોય તો પરભૂમિમાં
અહીં તો એ જૂનો શિરસ્તો હારવા કરતાં મરવું મીઠું............
.........જોધે૦

ખાલી થશું કે ખૂટી જઇશું, ગામડે ગામડાં ઊભાં બળશું,
માટી મટીને પથ્થર બનીશું, બળતા દેશની ખાખે મળીશું.
.........જોધે૦

૧૬

# મંદિરિયાની મોજ

વંડી વચમાં મંદિરિયાં ને આરસી જેવાં આંગણિયાં,
સ્થળ સ્થળ ડોલે લીમડિયા તે છાયા દેતા મીઠડિયાં:
ચાંદી જેવાં વાસણિયાં ને તોળ્યાં દઇએ ભોજનિયાં,
ઉદર રહે ઊણાં કૈં સારાં અદકે થાય અજીરણિયાં.
કસીએ એવી દેહડિયાં કે પાચન થાયે પથ્થરિયાં;
ઠંડા પાણીનાં નાવણિયાં જાતે બનવું ધોબનિયાં,
રાતે રૂપેરી અલગઢિયાં તાળાં દૈએ નંબરિયાં.
'ગિનતી' તો ઘડી ઘડીએ કરીએ કાચ પૂર્યાં લઇ દીવડિયાં.
આલબીલાં પુકારી લઇએ, મોંઘેરાની સલામતિયાં,
રોજ સવારે સાજાં માંદાં સહુને દઇએ ઓસડિયાં.
કુથ્થૈયાં સુંદર આસનિયાં ઊનતણી તો કંબલિયાં;
શિયાળે ઊનનાં ઓઢણિયાં ઉનાળામાં ચદ્દરિયાં,
ભૂરી ભૂરી લીંટડિયાળાં ધોળાં ચદ્દી પહેરણિયાં;
ટોપી અંગલૂછણિયાં ને લંગોટી સંધાં ખદ્દરિયાં.
દર પંદરિયે થાય વજનિયાં આઠે દાદજ દરશનિયા;
કાજીડા ને પંચો આવે કૈં મહીને અફલાતુનિયાં.
વાયુ કોપે તો અકસિરિયાં ઓસડ ઘંટી ખાંડણિયાં;
નહિ લાગી જો તેની ટીકિયાં, ગરમ દવાનાં મારણિયાં.
માંદાં માટે ઇસ્પીતલિયાં, બરદાસી ને સરજનિયા;
મુક્તિનો મારગ ચિંધણિયા આદિત વારે ભાષણિયા.
દિન ચરિયા આખી લશ્કરિયા, વાગે વિધવિધ ઘંટડિયા;
શાં દુઃખડાં છે અહીંયાં કહીએ, જો થઇ પૂરી વરદિયાં?

## ૧૭
# પૂર્ણ સ્વરાજ

સાગરની છોળોમાં આજે,
ધોમ ધખેલી ધરતી આરે,
વન વગડાને ડુંગર ધારે,
ગાજે ગેબી એક અવાજ :—
પૂર્ણ સ્વરાજ ! પૂર્ણ સ્વરાજ !

આવે આવે મરદો આવે,
ખેતર છોડી ખેડૂત આવે,
શાળો છોડી વણકર આવે,
એરણ છોડી લુહાર આવે,
આવે આખો વીર સમાજ !
પૂર્ણ સ્વરાજ ! પૂર્ણ સ્વરાજ !

આવે જાણે પૂર આવે,
ધસમસતાં એ ટોળાં આવે,
સાગર કાંઠે કાળ આવે,
કંપે ભયથી ઝાંખો આજ,
દરિયાની રાણીનો તાજ !
પૂર્ણ સ્વરાજ ! પૂર્ણ સ્વરાજ !

આવો આવો સર્વે આવો,
ભણતાં બાળકબાળા આવો,
વૈદ્ય વકીલ ને હકીમ આવો,
ઘોડાપૂર સમ દોડી આવો,
સંગ્રામે જીતવું છે આજ !—
પૂર્ણ સ્વરાજ ! પૂર્ણ સ્વરાજ !

એક પડે ત્યાં લાખ ધસે છે,
કેદો દેખી મર્દ હસે છે,
બંદૂક દેખી છાતી ધરે છે,

ખાખ બને છે પાપી રાજ !
પૂર્ણ સ્વરાજ ! પૂર્ણ સ્વરાજ !

ગાંડો આજે સાગર નાચે,
ખોબે ખોબે સાગર નાચે,
મરદો કેરાં હૈયાં નાચે—
ઘર ઘર સૌને શોભે કેવું,
મુક્ત બનેલું સબરસ આજ !
પૂર્ણ સ્વરાજ ! પૂર્ણ સ્વરાજ !

---

## ૧૮
## ચરખો કાંતો !

ચરખો કાંતો, ચરખો કાંતો, કાંતો દિવસ રાત !
ચરખો કાંતો દિવસ રાત !
ચરખો મોટો નિશદિન ચાલે કાંતે જગનો તાત !
ચરખો કાંતે જગનો તાત.
બાલા કાંતે, માતા કાતે, કાંતે દીન અનાથ,
ચરખો કાંતે દીન અનાથ.
કોટિક હૈયાં એને તારે, સંધાયે દિન રાત—
હૈયાં સંધાયે દિન રાત !
ચાલે છટાથી હસતો, રમતો, ભરતો અમૃત થાળ,
સદા હો ! ભરતો અમૃત-થાળ !
ઘરને આંગણ એવો શોભે જાણે રમતો બાળ !
ખરેખર ! જાણે રમતો બાળ !

## ૧૯

## આરતવાણી

ડૂબિયાં ડૂબિયાં ડૂબિયાં,
આપણે દુઃખના દરિયે ડૂબિયાં રે.
ડૂબતાં જોઈને દુરિજનોએ,
ઉપરથી તો દાબિયાં રે. ડૂબિયાં૦
ડૂબિયાં તે તો આપણ ડૂબિયાં,
પડખે કોઈ નવ ઊભિયાં રે. ડૂબિયાં૦
પડખે ન ઊભિયાં ને આપણ ડૂબિયાં,
એવાં આપણ ભૂલિયાં રે. ડૂબિયાં૦
ડૂબિયાં ડૂબિયાં એટલાં તો ડૂબિયાં,
જરાક ચોટલિયાં તો ઊભિયાંરે. ડૂબિયાં૦
હરિકૃપાથી તળિયે ન પૂગિયાં,
તેટલેકથી તો થોભિયાં રે. ડૂબિયાં૦
ડૂબતાં જોઈને ગાંધીજી આવ્યા.
રેંટિયા નાવડી લાવિયાં રે. ડૂબિયાં૦
નાવડીમાં ઝટ અમને ચડાવિયાં ને.
દુઃખદરિયેથી તારિયાં રે. ડૂબિયાં૦

---

## ૨૦

## ગાંધી મસાલો

અસુખ જીવમાં વાધ્યું ઘણું ને,
રોગે તે દેશને ઘેરીઓ રે:
દેશદેશના બહુ વૈદો જ તેડિયા,
તેમ તેમ રોગ બહુ વાધીઓ રે. અસુખ૦

પીડા તે પારખી ગાંધીજી ધાયા,
    મરી મસાલો આપીઓ રે.
જેમ જેમ આપીઓ તેમ તેમ માગીઓ,
    આખો હિંદ તો જાગીઓ રે. અસુખ૦
રાનીપરજમાં ગાંધી મસાલો,
    ઘણા જનોએ ચાખીઓ રે;
ચાખીઓ ચાખીઓ એટલો તો ચાખીઓ,
    આખા ડીલ પર નાંખીઓ રે. અસુખ૦
તેજાનો ઘણો ગુણકારી એ તો.
    રોગીના રોગને હાંકીઓ રે;
નીરોગી થઈ ને સબળા રે બનીઆ,
    પગમાં નવું જોર આવીઉં રે. અસુખ૦
સર્વે ભાઇઓ ગાંધી મસાલો,
    ગજવે ઘાલી રાખજો રે;
શાકમાં નાખજો પાકમાં નાખજો.
    એમ ને એમ તમે ફાકજો રે; અસુખ૦

---

## ૨૧

## ભારત ભાગ્ય તારાં!

ઋશિની ચક્ષુ શી શાંત સ્વરૂપે પૂણ્ય દર્શના,
નયનો મોકલું દેવી! ધર્મભૂમિ ધરાસણા.
    કે વીર સુવીરની અંગના એ!
    પાંચાલ-પુત્રી, નવ દ્રૌપદી કે ?
    સંસારને ખપ્પરમાં વળૂંધી,
    માયા મહા યોગિની જેમ ઊભી.
    દુઃશાસનો ક્રૂર તને દમે ને
    લોપી રહે અદ્ય વિવેક લજ્જા,

ને તું અહિંસાવ્રતિની ખમે એ
પાળી વડી એક સ્વરાજ્ય આજ્ઞા.
તેં તો મહાભારત ધર્મયુદ્ધે,
ખોળે ધરી દીધ સુજાત પુત્રો
વેદી પરે એ પ્રિયને વધેરી
કૃષ્ણ કરે અમૃત યોગસૂત્રો.
ઇશની ચક્ષુ શી ભવ્ય પ્રલયે ચંડદર્શના,
નમનો મોકલું અંબે ! ધર્મશક્તિ ધરાસણા.

---

## ૨૨

## ( છેલ્લો કટોરો )

" ઘનઘોર વનની વાટને અજવાળતો બાપુ,
વિકરાળ કેસરિયાળને પંપાળતો બાપુ."

... ... ... ... ...

" અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું;
ધૂર્તો દગલબાજો થકી પડિયું પનારું;
શત્રુ તણે ખોળે ઢળી સુખથી સુનારું.
આ આખરી ઓસીકડે શિર સોંપવું બાપુ,
કાપે ભલે ગર્દનઃ રિપુ–મન માપવું બાપુ.

જા બાપ ! માતા આખલાને નાથવાને
જા વિશ્વહલ્યા ઉપરે જળ છાંટવાને,
જા સાત સાગર પાર સેતુ બાંધવાને.

ઘનઘોર વનની વાટને અજવાળતો બાપુ,
વિકરાળ કેસરિયાળને પંપાળતો બાપુ !
ચાલ્યો જજે તુજ ભોમિયો ભગવાન છે બાપુ,
" છેલ્લો કટોરો " ઝેરનો પીવા જજે બાપુ !

(૨)

સુર–અસુરના આ નવયુગી ઉદધિવલોણે,
શી છે ગતાગમ રત્નના કામી જનોને ?
તુ વિના શંભુ ! કોણ પીશે ઝેર દ્રોણે ?
હૈયા લગી ગળવા ગરલ ઝટ જાવ રે બાપુ !
ઓ સૌમ્ય–રૌદ્ર ! કરાલ કોમલ ! જાવ રે બાપુ.

કહે જગત જોગી તણા શું જોગ ખૂટયા ?
દરિયા ગયા શોષાઇ ? શું ધન નીર ખૂટયાં.
શું આભ સૂરજ–ચંદ્રમાનાં તેલ ખૂટયાં ?
દેખી અમારાં દુ:ખ નવ અટકી જજો બાપુ !
સહીયું ઘણું સહેશું વધુ : નવ થડકજો બાપુ.

ચાબૂક, જપ્તી, દંડ, ડંડા મારના.
જીવતાં કબ્રસ્થાન કારાગારનાં,
થોડાઘણા છંટકાવ ગોળીબારના.
એ તો બધાંય જરી ગયાં કોઠે પડયાં બાપુ,
ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડયાં બાપુ !

(૩)

શું થયું ત્યાંથી ઢીંગલું લાવો ન લાવો
ઓસા દઇશું ભલે ખાલી હાથ આવો,
રોપશું તારે કંઠ રસબસતી ભુજાઓ,
દુનિયા તણે મોએ જરી જઈ આવજો બાપુ.
હમદર્દીના સંદેશડા દઇ આવજો બાપુ,

જગ મારશે મ્હેણાં ન આવ્યો આત્મજ્ઞાની.
નાવ્યો ગુમાની પોલ પોતાની પિછાની,
જગપ્રેમી જોયો દાઝ દુનિયાની ન જાણી.
આજાર માનવ–જાત આકુલ થઈ રહી બાપુ.
તારી તબીબી કાજ એ તલખી રહી બાપુ,
છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ.
સાગરાપીનારા–અંજલી નવ ઢોળજો બાપુ.

## :-: અમારાં પ્રકાશનો :-:

### રાષ્ટ્રીય સાહિત્ય

| | |
|---|---|
| આખરી ફેંસલો ભા. ૧-૨ (ગાંધીજી) | ૧—૪—૦ |
| સંપૂર્ણ દારૂનિષેધ ,, | ૦—૮—૦ |
| હિન્દુસ્તાનના વેપાર ઉદ્યોગનો નાશ ( મૂળ લેખકઃ બી. ડી. બસુ-અનુ૦ ગોપાળદાસ પટેલ) | ૦—૮—૦ |
| એવડું પાપ અને હિન્દુસ્તાનની પાયમાલી ,, | ૦—૬—૦ |
| પ્લાસીનું યુદ્ધ ,, | ૦—૪—૦ |
| બંગાળા બેહાલ ,, | ૦—૫—૦ |

### સામાજિક સાહિત્ય

| | | |
|---|---|---|
| ધૂમ્રશિખા | (સીતાદેવી ચટ્ટોપાધ્યાય) | ૧—૪—૦ |
| પરિણીતા | (શરદ્‌બાબુ) | ૦—૮—૦ |

### બાલ સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| ગોવિંદનું ખેતર અને બીજી વાતો | (ધૂમકેતુ) | | ૦—૨—૦ |
| વીરાંગના અને બીજી વાતો | ,, | | ૦—૨—૦ |
| દેશદેશની વીર કથાઓ (સચિત્ર) | (રમણલાલ નાનાલાલ) | | ૦—૧૨—૦ |
| પા—પા—પગલી | ,, | ,, | ૦—૬—૦ |
| બીલોરી પહાડ | ,, | ,, | ૦—૩—૦ |
| કાગળ પત્રો | ,, | ,, | ૦—૩—૦ |
| દેશદેશની અદ્‌ભુત વાતો | ,, | | ૦—૧૦—૦ |

ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય : ગાંધી રોડ : અમદાવાદ.


એડવાન્સ પ્રી. અમદાવાદ.